પહેલી બ્રહ્મક્ષત્રિય મહિલા પરિષદ્‌નો હેવાલ.

પ્રસિદ્ધ કરનાર,
સૌ. સવીતાગૌરી કૃષ્ણલાલ બળવંતરાય.
સૌ. હીરાલક્ષ્મી કૃષ્ણલાલ નરભેરામ.
સૌ. ભાનુમતિ લલ્લુભાઇ લક્ષ્મીરામ.
સૌ. કપીલા પ્રાણલાલ કીરપારામ.
મંત્રીઓ, પહેલી બ્રહ્મક્ષત્રિય મહિલા પરિષદ્.
આમોદ

નકલ—૫૦૦.

यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः । मनु.

પ્રસન્ન દેવતા રહે. જ્યાં પામે સન્માન સુન્દરી.

અમદાવાદ.
ધી ડાયમંડ જ્યુબિલિ પ્રિન્ટિંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યો.
ઠે. સલાપોસ રોડ.

કિંમત. ૦-૨-૦

પ્રસ્તાવના

આમોદમા ભરાયલી પહેલી બ્રહ્મક્ષત્રિય મહિલા પરિષદ્નો હેવાલ અતિ આનદથી અમે જાહેરમા મુકીએ છીએ ઇશ્વર કૃપાએ ઉપરાછાપરી શુભ સજોગો મળી આવ્યા અને પરિષદ્નુ સર્વ કાર્ય અમારા ધાર્યા કરતા પણ વધારે ફતેહમદીથી પાર પડી ગયુ. પરિષદ્ને મળેલી આ મહાન ફતેહને માટે અમે ગગા સ્વરૂપ હરીગગા બ્હેનનો તેમ સૌ જેકોર બ્હેનનો અત્યત ઉપકાર માનીએ છીએ, આ બને મહીલાઓની હાજરીને લીધે તેમ તેમની લાગવગને લીધે પરિષદ્ વિજયી નીવડી શકી છે. પરિષદ્નુ સર્વે કાર્ય સાગોપાગ પાર પાડવામા સૌ. અતી લક્ષ્મી કલ્યાણરાય જેવા આમોદના આગ્રેર વયના બૈરાઓએ પણ અમને જેવો તેવો ફાળો આપ્યો નથી તેમનો પણ અમે ઉપકાર માનીએ છીએ. તેમ આમોદ, અમદાવાદ ને ભરૂચની યુવાન સ્ત્રીઓએ પરિષદ્મા હાજર રહી, નિબધો લખી મોકલી અથવા તો પત્રોદ્વારા પરિષદ્ના સર્વ કાર્યમા શુભેચ્છા દર્શાવી પરિષદ્નુ સર્વ કાર્ય ફતેહમદીથી પાર પાડયુ છે તેને માટે એ સઘળી સન્નારીઓનો અમે અતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. પરિષદ્ના સર્વ કાર્યની વ્યવસ્થા કરવામા આમોદના કેટલાક યુવાન ગૃહસ્થોએ અમને માર્ગ બતાવ્યો છે તેમ બાજી અનેક પ્રકારની મદદ કરી છે તેને માટે આ પ્રસગે તેમનો પણ અમે અતઃકરણપૂર્વક ઉપકાર માનીએ છીએ. અમારા તરફથી બહાર પાડવામા આવતા આ પરિષદ્ના હેવાલમા ઉપોદ્ઘાત રૂપે કાઇક લખવાનુ રા. રા. કૃષ્ણલાલ નરસીલાલ દેસાઈ. એમ. એ એલ એલ. બીએ કૃપા કરી સ્વીકાર્યુ છે તેને માટે તેમનો પણ અમે ઉપકાર માનીએ છીએ.

આપણી નાતની સ્ત્રીઓ પરિષદ્ જેવા જાહેર કાર્યોમા ઉલટથી ભાગ લેતી થાય તેમ વિદ્યાવિલાસી બને એવા શુભ ઉદ્દેશથી નાતના કેટલાક ગૃહસ્થોએ પરિષદ્મા નિબધો લખી મોકલનાર સ્ત્રીઓને માટે કેટલાક ઇનામો કાઢયા છે. આ ઉદારદિલના ગૃહસ્થોનો પણ અમે ઉપકાર માનીએ છીએ, તેમની ઇચ્છાનુસાર એવુ ઠરાવવામા આવ્યુ છે કે પરિષદ્મા જે જે નિબધો આવેલા છે તેમા સૌથી ઉત્તમ નિબધ લખનારને રૂ ૧૦ નુ ઇનામ બીજા નબરનો નિબધ લખનારને રૂ. ૫ નુ તેમ ત્રીજા નબરનો નિબધ લખનારને સનાતનધર્મ ગ્રથાવળીના સઘળા પુસ્તકો અને બાકીના નિબધો લખી મોકલનાર દરેક સન્નારીને મીસીસ બાસાંટકૃત રામાયણ કે મહાભારત (ગુજરાતીમા) આપવામા આવશે આવેલા સઘળા નિબધો તપાસી જોઇ પહેલા, બીજા ને ત્રીજા નબરો નક્કી કરવાનુ કાર્ય રા. કૃષ્ણલાલ નરસીલાલ દેસાઈ તથા રા. હરિપ્રસાદ વ્રજરાય દેસાઇને સોપવામા આવ્યુ હતુ ને તેમણે પહેલા ત્રણ નબરો નીચે પ્રમાણે નક્કી કર્યા છે. ૧ સૌ. હરીગગા બ્હેન, ૨ સૌ. રૂક્મણી બ્હેન, ૩ ગગાસ્વરૂપ સુલોચના બ્હેન. આ ત્રણેને તેમ નિબધો મોકલનાર બીજી બધી સન્નારીઓને ઠરાવ્યા મુજબ ઇનામો મોકલી આપવામાં આવશે. રા. કૃષ્ણલાલ નરસીલાલ દેસાઇ,

. હરિપ્રસાદ વ્રજરાયે સઘળા નિબંધો તપાસી જોઇ નંબર મુકરર કરી આપવાનુ મુ[illegible] કરેલુ છે માટે તેમનો પણ અમે અત્યંત ઉપકાર માનીએ છીએ છેવટે જે જે સન્નારીઓએ તથા સદ્‌ગૃહસ્થોએ અમારા કાર્યમા અમને ન્હાની મોટી મદદ આપેલી છે તેમ શુભેચ્છા દર્શાવી છે તે સર્વનો અમે અંતઃકરણ પૂર્વક ઉપકાર માનીએ છીએ

ઘણાકને કદાચ અમારૂ આ સઘળુ કાર્ય નિર્જીવ, નિર્માલ્ય તેમ હસવા સરખુ લાગતું હશે. તેમને અમારે માત્ર એટલીજ વિનતી કરવાની છે કે આમોદમા આવી મહિલા પરિષદ્ બોલાવવાનુ કામ અમારા ગજા ઉપરાતનુ છે તે અમે જાણતા છતા પણ માત્ર સેવા વૃત્તિથીજ એ સાહસ અમે માથે ઉપાડયુ હતું માટે તે કાર્યમા જે કાંઈ અમારા દોષો આપની નજરે પડતા હોય તો તે તરફ કટાક્ષ ન કરતા ક્ષમાદષ્ટિ રાખજો. એજ વિનતી.

આમોદ.
તા. ૮ મી જુન ૧૯૧૦.

મંત્રીઓ,
પહેલી બ્રહ્મક્ષત્રિય મહિલા પરિષદ્.

ઉપોદ્‌ઘાત

"આવી પરિષદોથી ઘણા લાભો થઇ શકે, તે તો આપણે જાણીએ છીએ પરંતુ વર્ષે દિવસમાં એકવાર એકઠાં મળીને સારાં સારાં ભાષણો સાંભળીને વિખરાઇ જવાથી કાંઈ પણ સંગીન લાભ થઇ શકવાની આપણે આશા રાખી શકીએ નહિ. આવાં સ્થળોએ ગ્રહણ કરેલા વિચારો આપણી દરરોજની જીંદગીમાં અમલમાં મૂકવાનો પ્રયત્ન કરવો જોઇએ અને તેથીજ આપણને સંગીન લાભ થઇ શકે. હું આશા રાખું છું કે આપ સર્વે આ વાત સ્મરણમાંથી ખસવા દેશો નહિ."—

સૌ. હરીગંગા ચીમનલાલ પ્ર. દેશાઈ.

"પુરૂષો જાતનો ઉદ્ધાર કરવા તથા દેશની ઉન્નતિ કરવા ભલેને મ્હોટી મ્હોટી ઉમેદો રાખે પરંતુ જ્યાં સુધી "માતા" સુશિક્ષિત થઇ નથી તેમ પોતાનુ કર્તવ્ય સમજી શકતી નથી ત્યાં સુધી કદી દેશનો ઉદ્ધાર થવાનો નથી."—**સૌ. મંગળાગવરી જમીએતરામ દેસાઈ.**

આપણી જ્ઞાતિમાં લગ્ન કરતી વખતે સ્ત્રી તથા પુરૂષ વચ્ચે બની શકે તો આશરે પાચ વર્ષનો તફાવત રાખવામા આવે છે. પ્રથમ મહિલા પરિષદ્‌ની યાદી, સૌ. કપિલાગવરી સૌ. હીરાલક્ષ્મી, સૌ. સવિતાગવરી તથા સૌ. ભાનુમતી તરફથી બહાર પાડવામાં આવી ત્યારે પુરૂષ પરિષદ્‌ને પાંચ વર્ષ થયા હતા એટલે એનુ પણ સંધાણ–લગ્ન–સ્ત્રી પરિષદ્ સાથે થવુ જોઇએ એવો વિચાર સ્વાભાવિકજ હતો. તેમ છતા પણ આપણી જ્ઞાતિની સ્ત્રીઓ પરિષદ્‌માં મળવા યોગ્ય થઇ છે કે નહિ તે વિચાર પણ સ્વાભાવિકજ હતો. હવે તો પરિષદ્ ભરાઇ ગઇ છે ને તે પણ સંપૂર્ણ ફત્તેહથી તો પછી આ વિચારો જરા અસ્થાને લાગશે. વળી આ સાથે છાપવામાં આવેલા પરિષદ્ સા[illegible] ત્યાર થએલા નિબંધો ના સાધારણ વાચનથી પણ એટલુ તો કહી શકીએ જે આ[illegible]ણી ઉપલા પ્રકારની ભીતિ અકારણ હતી. સૌ. હરીગંગાબ્હેન સૌ. રૂક્ષ્મણીબ્હેન તથા ગં. સ્વ. સુલોચનાબ્હેનના નિબંધો ઉપરથી સ્પષ્ટ માલુમ પડશે જે મહિલા પરિષદ્‌મા વચાએલા પ્રથમ પંક્તિના નિબંધો પુરૂષ પરિષદ્‌ના નિબંધો કરતા કોઈ પણ રીતે ઉતરતી પંક્તિના નહતા.

વસ્તુ સ્થિતિ આવી છતા પણ મહિલા પરિષદ્‌ની યોગ્યતા તથા જરૂર વિષે આપણામાં હજી મતભેદ છે ને હોય એ સ્વાભાવિક છે. એક તરફથી જુના પક્ષવાળાઓ આવાં પરિષદોને અનેકધા વખોડી કહાડે છે એટલુજ નહિ પણ સ્ત્રીઓતો માત્ર ઘરકામ સારૂજ સરજાએલી છે, તેઓ તો "ઘરની કામ કરનાર નોકરડી કે રાંધનાર બ્રાહ્મણ"નીજ સ્થિતિને યોગ્ય છે વિ. વચનોથી **નસ્ત્રીસ્વાતંત્ર્યમર્હતિ**—સ્ત્રીઓ સ્વતંત્રતાને યોગ્યજ નથી એવા મતને પકડી રહે છે ત્યારે નવા પક્ષવાળાઓ પાશ્ચાત્ય દેશની અનેક પ્રગતિઓને મુખ્ય આધાર રૂપગણી આપણી સ્ત્રીઓને પણ ત્યાંની સ્ત્રીઓની માફક વ્યક્તિ–સ્વાતંત્ર્ય તથ સમાન હક માગતી ને પુરૂષ વર્ગની માફક માત્ર સાંસારિકમાંજ નહિ પણ રાજ્યકીય અનેક પ્રકારની ગૃહ બહારની પ્રવૃત્તિઓમાં ભાગ લેતી થાય એવું જોવા ઇચ્છા [illegible] આ ઉભય અંતિમ પક્ષો વચ્ચે ન્હાના મ્હોટા બીજા પક્ષો અનેક છે. તેઓ[illegible] સાથે એટલા બધા મળતા આવે છે તથા છૂટા પણ પડે છે કે તેઓ[illegible] કાર્ય ઘણું મુશ્કેલ છે. એટલું તો કહેવું પડશે કે આપણાં મહિ[illegible] ઓને સારૂં છેજ નહિ ને તેઓ અળગ રહે એમાંજ ઉભ[illegible]

આપણી મહિલાઓ નવીન વિચારની નવીન અપેક્ષાઓમા એકદમ તણાઈ ન જાય તે સારૂ બહુ સભાળવાનુ છે. પાશ્ચાત્ય દેશની પ્રવૃતિઓ આપણા દેશને અનુકૂળ પડશે કે કેમ અથવા તો એમા શા પ્રકારના સુધારા વધારાની જરૂર છે એ નક્કી કરવાનુ કાર્ય આપણી સ્ત્રીઓનુ છે ને ત્હેમા પુરૂષ વર્ગે પણ બનતી મદદ નિસ્વાર્થ પણે કરવાની છે. આપણી મહિલાઓના જન્મ સસ્કારો, આપણા દેશના રૂઢિ રિવાજો વિ. અનેક અડચણો લક્ષમાં લઈ ધીમે ધીમે કેળવણીને રાજમાર્ગે થઇ પ્રગતિને રસ્તે ચ્હડાવવા પ્રયત્નો થવા જોઇએ. પાશ્ચાત્ય દેશના જેવી પ્રવૃત્તિઓ આપણા દેશમા પણ થાય એ લક્ષ્ય બિદુ રાખવું સારૂ છે પણ તેમ કરતા પહેલા આપણી મહિલાઓએ સારી પેઠે સમજવુ જોઇએ કે તેઓને ઘણી રીતે લાયક થવાનુ છે. પ્રત્યેક પ્રવૃત્તિનો મુખ્ય આધાર કેળવણી ઉપરજ છે. માત્ર સુધારાની અપેક્ષા રાખવાથી સુધારો થવાનો નથી. જ્યાં સુધી આપણી મહિલાઓ કેળવણી તરફ પુરતું લક્ષ નહિ આપે ત્યા સુધી પ્રગતિને અર્થે લીધેલા હજારો ઉપાયો વ્યર્થ છે. હાલના સમયમા તો આપણી મહિલાઓને કોઇ પણ પ્રકારની ખાસ કેળવણી અપાતી નથી એવુ કહીએ તો ચાલે. સારી સારી વાતો કરી શકે તથા બે ચાર પુસ્તકો એકઠા કરી સારો નિબધ લખી શકે એવી કેળવણી થોડા ઘણાને મળી હશે પણ જે કેળવણીથી મન ઉચ્ચ વિચારો પામી વ્હેમ તથા ધર્મને બ્હાને પેસીગએલા દુષ્ટ રૂઢિ રિવાજો ને ખસેડી શકે એવા પ્રકારની કેળવણીની આપણે જરૂર છે આપણા ઘરોનુ ઐક્ય (homogenity) જાળવવાની ખાતર સ્ત્રીઓએ પણ પુરૂષ વર્ગની માફકજ કેળવણી લેવી જોઇએ સ્ત્રીઓની સ્થિતિ આવી રહેવાનુ મુખ્ય કારણ પુરૂષ વર્ગની બેદરકારી છે સ્ત્રી- કેળવણીને સારૂ ઉચ્ચ વિચાર ધરાવનારા, સ્ત્રીઓની નવીન અપેક્ષાઓ પરત્વે સ-હૃદયતા રાખનારા આપણામાના કેટલાએ પોતાની પત્ની વા પુત્રીને યોગ્ય કેળવણી આપવા પ્રયત્ન કર્યો ? સુધારો કરવાને બ્હાને સ્ત્રીઓપર હુકમ કરી રોવા કુટવાનુ બધ કરવા, મરણની નાતમા જમવા જતા અટકાવવા તથા દેવદર્શન વિગેરે જતા અટકાવવા પુરૂષ વર્ગે પ્રયત્નો ... હશે પણ આ સઘળા સુધારાનો મુખ્ય આધાર જે સ્ત્રી કેળવણી તે તરફ આમાના કેટલાએ લક્ષ આપ્યુ છે ? પુરૂષ વર્ગ તો ખરૂ જે કરવાનુ છે તે કર્યા વગર અર્થ રહિત મનાઇ હુકમો કહાડવા તરફજ પ્રયત્ન કરે છે તો પછી સ્ત્રી કેળવણીની વૃદ્ધિ શા રીતે થવાની ? મ્હારા નમ્ર વિચાર પ્રમાણે તો પુરૂષ વર્ગે આવા મનાઇ હુકમ બધ કરી સ્ત્રી વર્ગને કેળવણીને માર્ગેજ એટલી ઉચ્ચ સ્થિતિએ લાવવા પ્રયત્ન કરવો જોઇએ જે તેથી કરીને તેઓ પોતાના મનથીજ પ્રગતિને સીધે રસ્તે ચ્હડે. જે કેળવણીએ પુરૂષ વર્ગને આ સ્થિતિએ આણ્યો છે તે કેળવણી સ્ત્રી વર્ગને ફાયદો નહિ કરતા આડ રસ્તે દોરશે એ કહેવાને આપણી પાસે શા કારણો છે ? જો અગ્રેજી કેળવણીથી પુરૂષ વર્ગ પોતાની ફરજો સમજતો થયો છે એ એકવાર કબુલ કરીએ તો પછી તેજ કેળવણીથી સ્ત્રી વર્ગ પોતાના ગૃહ-ધર્મ ભૂલી જશે એ કહેવુ કાઈ સકારણ કહેવાય નહિ.

હવે આપણે મહિલા પરિષદ નહિ ભરવા સારૂ અપાતા કારણો તપાસીએ. પ્રથમ કારણ તો એ અપાય છે જે સ્ત્રીઓ હજી પરિષદ સારૂ યોગ નથી. આ વિશે શરૂઆતમા કહ્યુ છે તેમ છતા પણ દલીલની ખાતર એકવાર આ વાત કબુલ રાખીએ તો પણ ...મા એટલુ બસ થશે કે શુ આવી જાતના પરિષદો પણ યોગ્યતા આણવાની ...ખ્ય પ્રકરણ નથી ? પરિષદ્‌મા નિબધ લખવાને સારૂ વચાતા પુસ્તકો, નિબધો, એકજ સ્થળે એકઠા મળવાથી થતા વિચાર વિનિમયો ...વણી નથી ? હા, પ્રારમ્ભમા અનેક પ્રકારની ભૂલો થવા

સંભવ છે પણ તે ભૂલો સુધારવી તથા પરિષદ્‌ને યોગ્ય ચીલે ચ્હડાવવા મદદ કરવી એ પુરૂષ વર્ગની ફરજ છે. પણ આમ કરવાને બદલે "મહિલા પરિષદ્ સારૂ હજી સમય નથી આવ્યો" "એને સારૂ હજી સ્ત્રીઓ યોગ્ય નથી થઇઓ" વિગેરે શબ્દો તો પ્રગતિને રસ્તે ચ્હડવાની ઇચ્છા રાખતી સ્ત્રીઓના ઉભરાઓને શાંત પાડી પુરા દાબી નાખવા તથા "મ્હોટો થા પરણાવીશ" એ કહેવત પ્રમાણે "કુપ્પામા હાથ મુકાવવા" જેવી વાત છે વિશેષ દિલગિરીની વાત એ છે જે કેળવાએલા યુવાન પુરૂષ વર્ગ તરફથી પણ કેટલીકવાર મહિલા પરિષદ્ સારૂ મશ્કરી કે તિરસ્કારના વચનો કહાડવામા આવે છે. આવા વચનોની આપણી મહિલાઓએ લેશ માત્ર પણ દરકાર રાખવાની જરૂર નથી. એઓએ સમજવુ જે યુવાન વર્ગનો ઘણો મ્હોટો ભાગ તેઓની આ નવીન અપેક્ષાઓ તરફ સંહૃદયતા ધરાવે છે ને આ નવીન કાર્યમાં તેઓને સંપૂર્ણ ફત્તેહ ઇચ્છે છે.

મહિલા પરિષદ્‌ની વિરૂદ્ધ આપવામા આવતું બીજુ કારણ એ છે જે તેઓ લડી પડશે પ્રથમ પરિષદ્‌માજ જે રીતે કામ લેવામા આવ્યુ છે તે તરફ નિષ્પક્ષપાતપણે નજર કરીએ તો સહજ સમજાશે જે આપણે આવી બીક રાખવાનું કારણ નથી. આમોદ ખાતે મહિલા પરિષદ્‌મા નાત હિતને લગતા પણ અગદ પ્રશ્નો એક બે ઉત્પન્ન થયા હતા તો પણ પ્રમુખ તથા અન્ય ભગિનીઓએ જે ધૈર્ય તથા ક્ષમાને ઉદારવૃત્તિથી તે પ્રશ્નોનો નિવેડા આણ્યો હતો તે ખરેખર પ્રશંસનીયજ છે. તેમ છતા પણ ધારો જે એક સમય એવો આવ્યો કે તકરાર વધી પડવાથી વિષય ચર્ચાતો અટકાવવા પડ્યો તો શુ થયુ? પુરૂષ પરિષદ્‌મા આવુ અનેકવાર બન્યુ છે ને આમોદ ખાતે એક બે પ્રશ્નો પરત્વે જે ખેંચતાણ થઇ હતી તે હજી બધાના મનમા તાજીજ હશે.

સ્ત્રીઓના નામથી લખાતા નિબંધો પુરૂષો તૈયાર કરે છે એવો આક્ષેપ મુકનારા જ્યા સુધી એ સાબીત કરી આપે નહિ ત્યા સુધી એ વિષે લખવુ દુરસ્ત લાગતુ નથી.

આ બધા કરતા ગંભીર અને મહા પ્રશ્ન એ છે જે જો મહિલા પરિષદોની જરૂરીઆત સ્વીકારીએ તો એમા કીયા કીયા વિષયો ચર્ચવા જોઇએ. આ પ્રશ્નનો ઉત્તર આપતા પહેલા જીવનમા સ્ત્રી પુરૂષના ધર્મ શા છે, તેઓના કર્તવ્ય-પ્રદેશ એકજ છે કે ભિન્ન તથા સંસ્કૃતિની ટોચે પહોચવા સારૂ ઉભયને એકજ ચીલે ચાલવાનુ છે કે કેમ તે બધુ નક્કી થવુ જોઇએ. મુસલમાની સમયની રાજ્યકીય અડચણોને લીધે કે આપણી સંયુક્ત કુટુમ્બ સંસ્થાના વિચિત્ર બંધારણને લીધે આપણામા સ્ત્રી પુરૂષના જીવન એટલા બધાં જુદા પડે છે કે ગૃહ-કાર્યની બ્હાર જાણે સ્ત્રીઓનુ અસ્તિત્વજ ન હોય એવુ લાગે છે. જે સમયે દેશમા ચારે તરફથી વ્યક્તિ સ્વાતંત્ર્યના રણશીંગાનો પ્રથમ સ્વર સાંભળવામા આવે છે તે સમયે સ્ત્રીઓને પણ આ નવીન યુગના શુભ પ્રસાદનો સ્વાદ ચાખતા અટકાવવાનુ શુ કારણ છે ને તેમ કરવાની આપણને શુ સત્તા છે.? એતો નિશ્ચયજ છે જે પુરૂષ વર્ગ ધારશે તોપણ આ નવીન પ્રવાહને અટકાવી શકવાનો નથી. હા, સ્ત્રી કેળવણીનો પ્રકારજ ફેરવી નાખો, સ્ત્રીઓને અગ્રેજી સાહિત્યના રમણીય પ્રદેશમા બીલકુલ પેસવા ન દો તથા ગુજરાતી દ્વારા પણ નવીન વિચારકોના પુસ્તકો સ્ત્રીઓ પાસ જવા ન દો. તથા આવા આવા અનેક પ્રકારના પોતાની ખોટી સત્તા ટકાવવાના સ્વાર્થી ઉપાયો યોજો તો કદાચ થોડોક સમય એ પ્રવાહ અટકાવી શકો ખરા. પણ તે થોડો સમયજ. જો આવી રીતે નવીન પ્રવાહ અટકાવી શકાય તેમ નથી તો પછી તે સારૂ આપણી મહિલાઓને મદદ કરવી એ પુરૂષ વર્ગની ફરજ છે ને સ્ત્રી વર્ગે એ કાર્ય સહેલાઇથી પાર પાડવા પ્રયત્ન કરવાના છે. એકલાં ઉંચી એડીના બુટ અને પોલકા પહેરવામા સુધારો આવી જતો નથી એ યાદ રાખવાનુ છે. આ સામે પુરૂષ વર્ગને વાંધો

નથી પણ એટલુંજ કરીને આપણી મહિલાઓ એમી રહે એ પણ ખાટુ. ભવિષ્યની પ્રજાનો સઘળો આધાર સ્ત્રીઓ ઉપર છે એ વાક્ય પ્રત્યેક સ્ત્રીના મનમા બરોબર ઠસવું જોઇએ. કેળવાએલી માતા ગૃહની, કુટુમ્બની, જ્ઞાતિની તેમજ દેશની ઉદ્ધારક છે. માટે, સુજ્ઞ બ્હેનો, સ્ત્રીકેળવણી તરફ ત્હમારૂ લક્ષ વિશેષ રાખો. પરિષદ્‌મા ચર્ચાવાના વિષયોની યાદી સાકડી ન કરો. પ્રત્યેક વિષય ઉપર સ્ત્રી તથા પુરૂષ ઉભયને વિચાર કરવાનો હક છે. વળી મુખ્યત્વે કરીને જ્ઞાતિ સુધારણાના કોઇ પણ કાર્યમા સ્ત્રી વા પુરૂષ કોઇથી પણ એકલાનુ ધાર્યું થઈ શકવાનુ નથી. જ્યા સુધી સ્ત્રી તથા પુરૂષના જીવનના આદર્શ વચ્ચે લાંબુ અતર છે. જ્યાં સુધી ઉભયના વિચારોમા ઐક્ય નથી ત્યા સુધી જ્ઞાતિસુધારણાની અનેક વાતો વ્યર્થ છે. જ્ઞાતિસુધારણાનુ કોઇ પણ કાર્ય પાર પાડવુ હોય તો બન્ને પક્ષ વચ્ચે આચાર વિચારના ઐક્યની ખાસ જરૂર છે. આ ઐક્ય મેળવવા સારૂ ઉભયને એકજ પ્રકારની કેળવણીની જરૂર છે એટલુજ નહિ પણ ઉભય પરિષદોમા એકજ પ્રકારના વિષયો ચર્ચાવાની ખાસ જરૂર છે. સ્ત્રીઓને ગૃહકાર્ય તરફ નજર રાખવાની છે તો ભલે તેઓ ત્હેને લગતા વિષયો ચર્ચે પણ તે ઉપરાત જ્ઞાતિ સુધારણાના બીજા પ્રશ્નો ઉપર સ્ત્રી મત જાણવાની ખાસ જરૂર છે. આ મુરાદ પાર પાડવા સારૂ "સંયુક્ત પરિષદ" જેવા અન્ય માર્ગ નથી. પણ જ્યાં સુધી એ બની શકે નહિ ત્યા સુધી મહિલા પરિષદ્‌માં ચર્ચાવાના વિષયોની યાદી પુરૂષ પરિષદ્‌ની યાદીને આધારે તૈયાર થવાની ખાસ જરૂર છે.

સુજ્ઞ બ્હેનો, આ ઉપરથી એમ ન ધારશો કે પરિષદ ભરી બે દિવસ એકઠા મળ્યાં ને થોડા ભાષણો સાભળ્યા એટલે સુધારો થઇ ગયો પરિષદોમા જે કાંઇ કાર્યો કરો તથા ભાષણો સાભળો તે ઉપર ત્હમારે આખુ વર્ષ મનન કરી એ પ્રમાણે વર્તન કરવા પ્રયત્નો કરવાના છે. આ કાને સાભળી બીજે કાને કહાડી નાખો એ કાંઇ યોગ્ય ન કહેવાય, એથી તો ઉલટો સમય ગુમાવશો ને છો ત્યાંને ત્યાંજ રહેશો. ત્હમારી પોતાની કેળવણી ઉપર જેટલુ લક્ષ આપશો તેટલુ ઓછુ છે. પ્રગતિનો મુખ્ય આધાર કેળવણી ઉપરજ છે એ સત્ય ત્હમારા મનમાથી એક પળ પણ ખસવા દેશો નહિ. યોગ્ય કેળવણી લઇને પુત્રી પત્ની ને માતા તરીકેની જવાબદારીઓ ત્હમારે સમજવાની છે. આ બધી જવાબદારીઓ સમજવા ઉપરજ ત્હમારો, અમારો, જ્ઞાતિનો ને દેશનો ઉદ્ધાર છે

છેવટે ત્હેમે જે કાંઈ પગલા ભરો તે સપૂર્ણ વિચાર કરી દૃઢ મનથી ભરવાના છે પરિષદ્ વિષે અનેક સ્થળે અનેક પ્રકારના સારા ખોટા વચનો ત્હમારે કાને આવશે પણ એથી ન્હાસીપાસ થવાનુ કારણ નથી. કોઇપણ નવીન કાર્યમા અડચણો ઉભી કરવી તથા એના દોષજ દેખાડવા એ માર્ગ ઘણી તરફથી ગ્રહણ કરવામા આવે છે. આ લોકોને શુદ્ધ હૃદયથી સાભળવા તથા ત્હમારા દોષો તપાસી તે સુધારવા પ્રયત્ન કરવા એ ત્હમારૂ કર્તવ્ય છે. પણ એ ઉપરાત ધૈર્ય, ક્ષમા ને ઉલટથી ત્હમારે દેખાડી આપવાનુ છે જે ત્હમો પણ અનેક મહાકાર્યો કરવા શક્તીમાન છો ભૂત તથા વર્તમાન કાળની સ્ત્રીઓએ મેળવેલી માન પ્રતિષ્ઠાના અનેક દાખલાઓ મન આગળ રાખી ત્હમારે તદનુસાર વર્તન કરવા પ્રયત્નો કરવાના છે. આટલી વાતો ધ્યાનમાં રાખી ત્હમારૂ કાર્ય કર્યા કરશો તો ફત્તેહ આગળજ છે એ નિશ્ચય રાખજો.

પરમ કૃપાળુ ઇશ્વર ત્હમને આ ત્હમારા નવીન કાર્યમા ફત્તેહ બક્ષે એવી સહૃદય પુરૂષ વર્ગની પ્રાર્થના છે.

ખાડીઆ—અમદાવાદ.

તા ૨ જુલાઇ ૧૯૧૦

કૃષ્ણલાલ નરસીલાલ દેશાઇ.

પહેલી બ્રહ્મક્ષત્રિય મહિલા પરિષદ્નો હેવાલ.

પહેલી બ્રહ્મક્ષત્રિય મહિલા પરિષદ તા. ૨૩, ૨૪, મે, (સોમવાર ને મંગળવાર) ને રોજ આમોદમાં દેસાઇ ખડકીમાં મરહુમ દેસાઈ નૌતમરામ બાલમુકનદાસના મકાનમાં ભરવામાં આવી હતી. આ પરિષદમાં આમોદની લગભગ બધી બ્રહ્મક્ષત્રિય સ્ત્રીઓએ હાજરી આપી હતી. તે ઉપરાત ભરૂચથી મરહુમ દેસાઈ ચુનીલાલ વણીલાલની વિધવા ગંગા સ્વરૂપ હરીગંગા તથા સૌ. મંગળાગૌરી ગુણવંતરાય તથા અમદાવાદથી સૌ. કપીલા કેશરીપ્રસાદ. સૌ. મનહરગૌરી કાંતીલાલ, તથા બ્હેન સનમુખગૌરી ધીરજલાલ પરિષદ્માં ભાગ લેવા ખાસ આવેલા હતા. પરિષદમાં એકંદર આશરે ૫૦ સ્ત્રીઓએ હાજરી આપી હતી. પરિષદ્માં હાજર નહી રહી શકાયું તેને માટે દીલગીરી દર્શાવનારા તથા પરિષદના કાર્ય તરફ દીલસોજી દર્શાવનારા *પત્રો સૌ. હરીગંગા ચીમનલાલ, સૌ. ધનલક્ષ્મી કૃષ્ણલાલ, તથા સૌ. કાંતાગૌરી મુકનરાય તરફથી આવેલા હતા, તેમ પોતાથી હાજર નહી રહી શકાયું તો પણ પરિષદ્માં વંચાવવાને માટે સૌ. હરીગંગા ચીમનલાલ, સૌ. રત્નલક્ષ્મી અમૃતલાલ, સૌ. મંગળાગવરી જમીયતરામ, ગંગાસ્વરૂપ સુલોચના, સૌ. રૂક્મણી બ્હેન, તથા સૌ. ચંદ્રમણી રતીલાલ તરફથી નિબંધો આવેલા હતા. પરિષદ્‌નો કાર્યક્રમ નીચે પ્રમાણે હતો.

પ્રથમ દિવસ.

તા. ૨૩ મી મેને સોમવારને દીવસે સાંજના ચાર વાગે પરિષદની પહેલી બેઠક મળી હતી. શરૂઆતમાં સૌ. કપીલા કેશરીપ્રસાદ તથા સૌ. મનહરગૌરી કાંતીલાલ તરફથી નીચેની ઇશ્વર સ્તુતી ગાવામાં આવી હતી.

પ્રાર્થના.

(પદ.)

પ્રભુજી ! ભવસાગરથી તારો
ભવસાગરથી તારો, પ્રભુજી ભવસાગરથી તારો.
પળ પળ પાપ કરી પસ્તાઇએ, એજ સ્વભાવ અમારો—પ્રભુજી.
અલ્પ અમોને કંઇએ ન સુઝે, ઉગરવાનો આરો—પ્રભુજી.
અધમ ઓધારણ છો અવિનાશી, ભારે ભરોસો તમારો—પ્રભુજી.
સબળી સહાય જો હોય તમારી, તો કંઇ થાય સુધારો—પ્રભુજી.
અબળા જનની અરજ સુણીને, પ્રભુજી પાર ઉતારો—પ્રભુજી

પ્રાર્થના.

(રાગ કલ્યાણ.)

શ્રીરમા પતિ ! સુણો આજ વિનતી
નમી નમીને યાચીએ, અમારી ઉન્નતિ

---

* આ પત્રો પરીશીષ્ટ ■ માં આપેલા છે

રસ્તામા પ્રભુ વામ કરો, જેથી સુધરે આ વાણુ
હરવડીએથી સાવધ રહીએ, તો નવ થાયે હાણુ—શ્રીરમાપતિ
રિદ્ધિ સિદ્ધી દીયો તથાપી, ના દેશો મોટાઈ
કૃપણના વળી કરમાં વસી તો, છુટેના એક પાઇ—શ્રીરમાપતિ.
પાત્ર જોઇને દાનો દેવા ઉરમાં દો ઉત્સાહ
અચળ શાંતિ ઉરમા દેજો પીડેના ભવ દાહ—શ્રીરમાપતિ.
લોકિક સુખને તૃણ વત ત્યાગી, દીયો પ્રભુ પદ રાગ
કીર્તી કાજે કામ નથી પણ, પ્રભુ પદનો લહી લાગ—શ્રીરમાપતિ.
કલીકાળમા મનુષ્ય જન્મને, પામી કરવી કમાઈ
છે એ સુખ રળવાનુ સાધન, સાર્થ કરો જદુરાય—શ્રીરમાપતિ.
અડગ ભક્તિને ઉરમા આપો, આજે હે જગરાય
નુર વધારી શર દીયો જે, સાધન સર્વ સધાય—શ્રીરમાપતિ.
ભવરણુ ભટકી પ્રભુ પદ અટકી, એ નથી નાથ અજાણુ
વિનય વિનવુ ત્રાતા કરજો, આશ્રિતજન કલ્યાણુ—શ્રીરમાપતિ.
માત્ર દયાથી સનિહીત રહી, આપો સન્મુખ સ્યામ
નેમ નિભાવી વનિતા પાળી, દો સાચો વિશ્રામ—શ્રીરમાપતિ.

આ ઇશ્વર સ્તુતી ગવાઇ રહ્યા બાદ સૌ જેકોરલક્ષ્મી નદલાલે પરિષદ્‌મા હાજર રહેલી સ્ત્રીઓને થોડા શબ્દોમા આવકાર આપ્યો હતો. ત્યાર પછી મહીલા પરિષદ્‌ની યોજના રજુ કરનાર મત્રીઓ તરફથી સૌ. નવીતાગવરી ફણુલાલે નીચે મુજબ શરૂઆતનુ ભાષણ કર્યુ હતુ.

ગગાસ્વરૂપ હરીગગા ચાચી તથા સુજ્ઞ બ્હેનો,—

આજ ચાર પાચ વર્ષ થયા આપણી નાતમા પુરૂષોની કૉનફરન્સ ભરાયા કરે છે. ભરૂચમા જ્યારે પુરૂષોની કૉનફરન્સ ભરાઈ હતી ત્યારે તે વખતે તે કૉનફરન્સના પ્રમુખ રા. બા. મોતીલાલભાઇની સુચનાથી કેટલીક સ્ત્રીઓ પણ ત્યા ભાષણો સાભળવા આવે એવી ગોઠવણ કરવામા આવી હતી. પણ તે વખતે એ ગોઠવણ પુરેપુરી સતોષકારક નીવડી નહોતી. ગઈ સાલ જૂનાગઢમા જ્યારે પુરૂષોની કૉનફરન્સ ભરાઈ હતી ત્યારે ફરીથી પાછી મોતીલાલભાઇએ સુચના કરી હતી કે આમ માત્ર પુરૂષોનાજ મેળાવડાથી નાતમા સુધારો થઇ શકશે નહિ માટે સ્ત્રીઓને પણ આવા મેળાવડામા આપણે બોલાવવી જોઇએ પણ હજુ આપણી નાતમા એવો વખત આવ્યો નથી કે સ્ત્રી, પુરૂષો એકજ મેળાવડામા એકઠા મળી શકે, તેમ પુરૂષો આગળ સ્ત્રીઓ જાહેર રીતે પોતાના વિચારો જણાવી શકે, તેથી આ વર્ષે પુરૂષોની કૉનફરન્સ ભરાય તેજ અરસામા સ્ત્રીઓની પણ જુદી કૉનફરન્સ ભરવાનો અમને વિચાર થઇ આવ્યો. આ વિચાર પુરૂષોને જણાવ્યો કે તરતજ તેમના તરફથી અમને તેમ કરવાની પરવાનગી મળી એટલુજ નહી પણ ઘણું સારૂ ઉત્તેજન મળ્યુ. આ ઉત્તેજનને માટે અમે પુરૂષ વર્ગનો અત્યત આભાર માનીએ છીએ.

સ્ત્રીઓનો જુદો મેળાવડો કરવા એવો વિચાર તો અમે કર્યો, પુરૂષ વર્ગ તરફથી પર... પણ મળીને ધાર્યા કરતા વધારે ઉત્તેજન મળ્યુ પણ પછી ઉપરાછાપરી અડચણો જ... ગી. પહેલા તો અમને એજ વિચાર થયો કે અમારે ભેગા મળી કરવુ શુ ? નાત ...વિષયો પુરૂષો પોતાના મેળાવડામા ચર્ચે છે તેને તેજ ફરીથી પાછા અમારે

ચર્ચવા ? કે તદ્દન ઇલાયદા વિષયોની ચર્ચા કરવી ? વિચાર કરતાં એમ ઠીક લાગ્યું કે હમણા તો આપણે ભાયડાઓના કામમાં માથુ મારવું નહીં. પણ જે બાબતો આપણને સ્ત્રીઓને લાગતી વળગતી છે તેવીજ બાબતો હાલ તુરત તો આપણે હાથમાં લઇ ધીમે ધીમે નાતમાં સ્ત્રી મત કેળવીશુ એટલે પોતાની મેળે સ્ત્રીઓ નાતી સુધારામા પુરૂષોને મદદગાર થઇ પડશે.

આ વિચાર નક્કી થયો કે તરતજ અમે આમત્રણ પત્રિકાઓ કાઢવા નક્કી કર્યું પણ વળી પાછી અડચણ ઉભી થઈ.

આમોદ જેવા ગામડામા તે આવી પરિષદો ભરી શકાય ? પુરૂષો જ્યારે અત્રેની મુસાફરીથી કટાળી જાય છે ત્યારે બૈરાઓ કેવી રીતે આમોદ આવી શકે ! અને પરગામથી બૈરાંઓ નહિ આવે તો તેમના વિચારો જાણવાનો લાભ કેવી રીતે અમને મળી શકશે ? આ અડચણમાથી બાહર નીકળવાનો રસ્તો પણ અમને તરતજ સુઝી આવ્યો. મુસાફરીની અડચણોને લીધે પરગામથી સ્ત્રીઓને અહીઆ આવવાનુ નહી બની શકે તોપણ તેઓ પોતાના વિચારો અમને લખી મોકલાવશે તોપણ તે જાણવાનો અમને લાભ મળશે, તેથી અમે અમારી આમત્રણ પત્રિકામા એવી ભલામણ કરી કે પરગામથી સ્ત્રીઓથી અહીંઆ આવી શકાય નહીં તોપણ તેઓએ અમારા ઉપર નિબધો લખી મોકલવાની કૃપા કરવી. આમ જ્યારે અમારૂ નક્કી થયુ એટલે અમારી આમત્રણ પત્રિકાઓ* બહાર પડી.

આપણી નાતમા આવો પ્રયોગ તદ્દન નવોજ હતો તેથી જેવી અમારી આમત્રણ પત્રિકાઓ બહાર પડી કે તરતજ તેને માટે તરેહવાર ટીકાઓ થવા માંડી. કોઇએ એના વખાણ કર્યા, કોઇએ એની મશ્કરી કરી, ને કોઇએ એની નિદા કરી, તોપણ એકંદર અમારી આમત્રણ પત્રિકાઓને સારો આવકાર મળ્યો, અને યુવાન સ્ત્રીપુરૂષોએ આ નવી હીલચાલ આનદથી વધાવી લીધી હવે એને માટે આપણું ત્રિમાસિક શુ કહે છે તે જાણવાને અમે બહુ અધીરા થઈ ગયા, કેમકે ત્રિમાસિકના અભિપ્રાયો નાતમાં વજનદાર ગણાય છે. અમારી આ હીલચાલના ત્રિમાસિકમાં વખાણ થયા અને અમને ઉત્તેજનના બે બોલો કહેવામાં આવ્યા એટલે અમને અતિ આનદ થયો. એનાથી પણ વધારે આનદ અમને ટુકા વખતમાં થવાનો હતો. આપણી કોનફરન્સના પ્રમુખ રા. મણીભાઇને અમારી હીલચાલની ખબર પડી કે તરતજ એમણે પોતાની પુત્રી, ભાણેજ ને પુત્રવધુ પર પત્રો લખી દીધા કે તેઓએ નિબધો તૈયાર કરી પરિષદ્મા આવવું. આ વાતની અમને ખબર પડી ત્યારે અમારા આનદનો પાર રહ્યો નહીં, ને અમને સમજણ પડવા લાગી કે નાતના વિદ્વાન, અનુભવી, ને પ્રતિષ્ટિત ગ્રહસ્થોની પણ અમારા કાર્યમા શુભેચ્છા છે.

જેમ જેમ અમારી પરિષદના દિવસો નજદીક આવવા લાગ્યા તેમ તેમ અમને ફિકર થવા લાગી કે અમારૂ કામ સાગોપાગ પાર પાડી શકવાને માટે કોઈ અનુભવી મદદગાર અમને નહી મળે તો અમે શુ કરીશુ ? અમે તો હોસથી ગજા ઉપરાંતનુ કામ માથે ઉપાડેલુ છે પણ હજી અમે તો બીનઅનુભવી છોકરીઓજ છીએ સભાઓ, મેળાવડાઓ વિગેરે કશુ અમે જોયુજ નથી. તેમ તેની વ્યવસ્થાને માટે અમારે શુ શુ કરવુ જોઇએ તેનુ પણ અમને ભાન નથી. અમે તેથી એક અનુભવી આગેવાનની શોધ કરવા માડી, ચોતરફ નજર નાખતાં અમને સુજી આવ્યુ કે આ કાર્ય ગગાસ્વરૂપ હરીગંગા ચાચી વગર બીજા કોઇથી બની શકે નથી. એક તરફથી તેઓ વૃદ્ધ, નાતના રીતિ રિવાજોથી માહીતગાર, તેમ સ્ત્રી પુરૂષો ભાવથી પુરેપુરા વાકેફગાર છે. બીજી બાજુએથી તેઓને હાલના જમાનાની હીલચા

* આ આમત્રણપત્રિકા પરિશિષ્ટ જમા આપેલી છે

ભાઓ, તેમ પરિષદોના પુરેપુરો અનુભવ છે. જો તેઓ અમારી વ્હારે ધાય તો નાતના જુના તેમ નવા વિચારોના લોકોને તેઓ પુરેપુરો સંતોષ આપી શકે, ને અમારૂં આ માથે લીધેલુ કાર્ય નિર્વિઘ્ને પાર પાડી શકાય. અમારી આ ઇચ્છા જેવી તેમને જણાવી કે તરતજ તેઓએ આટલી ઉમ્મરે, પોતાના ઘરમા પોતાના પૌત્રના મંદવાડ છતા પણ મુસાફરીની અગવડોની દરકાર ન રાખતા અમારા આગેવાન થવાનુ કબુલ કર્યું. આને માટે અમે તેમનો અત્યત ઉપકાર માનીએ છીએ. ગગાસ્વરૂપ હરીગગા ચાચીએ અમારૂ આગેવાન પદ કબુલ કર્યુ કે તરતજ અમે અમારા ગામના વયોવૃદ્ધ, અનુભવી, ડાહ્યા અને વિવેકી, સૌ. જેકોર ચાચી પાસે ગયા. ને એમને આજીજી કરી કે તમારે અમારી પરિષદ્‌મા પધારી અમારા તરફથી સર્વેને આવકાર આપવા. તેઓએ પણ એમના હમ્મેશના મીલનસાર સ્વભાવ મુજબ અમારી માગણી કબુલ રાખી અને તે માટે અમો સઘળા તેમના અત્યત આભારી છીએ.

ગગાસ્વરૂપ હરીગગા ચાચી અને સૌ જેકોર ચાચીના પધારવાથી અમારી આ પરિષદ્ કેવી શોભે છે ! જો એ બન્ને જણ અત્રે ના આવ્યા હોત તો આ માત્ર ઉછાછળી ને બીનઅનુભવી છોકરીઓનોજ મેળાવડા ગણાયો હોત, પણ હવે અમારા પગમા જોર આવ્યુ છે, અને અમારી ખાત્રી થઇ છે કે અમારો આ મેળાવડા આધેર વયની સ્ત્રીઓને પણ પસદ છે ને અમારા કાર્યમા તેઓ પણ અમને સહાય થયા છે.

આમોદની મુસાફરીમા આટલી બધી અગવડા છતા જે જે બ્હેનો અત્રે પધારીઓ છે તેમનો પણ અમે અત્યત ઉપકાર માનીએ છીએ. બ્હેનો, તમારી મુસીબતો અમે જાણીએ છીએ. પુરૂષો પણ જ્યારે આમોદની મુસાફરીથી કટાળી જાય છે ત્યારે સ્ત્રીઓ કટાળે તેમા નવાઇ શુ ? છતા તમો અમારા આમત્રણને માન આપી અત્રે પધારેલા છો અને અમને ઉત્તેજન આપ્યુ છે તેને માટે હુ સર્વના તરફથી આપ બધાનો ઉપકાર માનુ છુ તમારો બદલો અમારાથી વાળી શકાય તેમ નથી. તમારી મહેમાનગીરી અમારાથી બીલકુલ થઇ શકી નથી તેને માટે અમે અત્યત દીલગીર છીએ

કેટલીક બ્હેનોથી અનેક કારણોને લીધે અત્રે આવી શકાયુ નથી પણ તેને માટે તેઓના તરફથી દીલગીરીના પત્રો આવેલા છે અને તસ્દી લઇ તેમણે નિબધો લખી મોકલાવી પોતાના વિચારો આપણને જણાવેલા છે તેને માટે તેમનો પણ સર્વના તરફથી મારે ઉપકાર માનવો જોઇએ.

આપણી નાતમા આ પહેલોજ પ્રયાસ છે, આમોદમા અનેક અડચણો છે. તેમ છતા પણ આજનો આપણો મેળાવડો ફત્તેહમદ થયો છે. તો અમને ખાત્રી છે કે આવતે વર્ષે જ્યારે અમદાવાદની અમારા કરતા વધારે કેળવાયલી સ્ત્રીઓ આ કામ ઉપાડી લેશે ત્યારે આપણી આ પરિષદ્ વધારે સગીન રૂપ ધારણ કરશે અને એનાથી નાતને અત્યત લાભ થશે.

બ્હેનો, તમો સઘળાએ અત્રે પધારી અમને ઉત્તેજન આપ્યું છે તેને માટે આપ સર્વનો અતઃકરણપૂર્વક ઉપકાર માનુ છુ અને પ્રભુ પ્રત્યે એટલી પ્રાર્થના કરૂછુ કે ઇશ્વર આપણને આપણા ઉપાડી લીધેલા કાર્યમા મદદ આપો ! **અસ્તુ.**

પોતાનુ ભાષણ પુરૂ કરી રહ્યા પછી સૌ સવીતાએ પરિષદ્‌મા હાજર નહીં રહી શકવાને દીલગીરી દર્શાવનારા તેમ પરિષદના કાર્ય તરફ દીલસોજી દર્શાવનારા પત્રો કેટલીક નારીઓ તરફથી આવેલા હતા તે વાચી બતાવ્યા.

સઘળા પત્રો પરિશિષ્ટ **બ**મા આપેલા છે

ત્યાર પછી સૌ. હીરાલક્ષ્મી કૃષ્ણલાલે ગગાસ્વરૂપ હરીગગા આ પરિષદ્‌નું પ્રમુખ-સ્થાન સ્વીકારે એવી દરખાસ્ત પરિષદ્ સમક્ષ રજુ કરી હતી ને તે દરખાસ્ત રજુ કરતા તેમણે નીચે મુજબ ભાષણ કર્યું હતુ.

આજની આપણી પહેલી પરિષદ્‌મા તમે સઘળા મુરબ્બીઓએ તથા બ્હેનોએ આ નવા બાળકને હોડીમા બેસાડવામા જે મદદ કરવા ખુશી બતાવી છે તેનો ઉપકાર માનવાની ફરજ અમારા તરફથી સૌ. જેકોર ચાચીએ બજાવી છે. મારે માથે જે ફરજ મુકવામા આવી છે તે એ છે કે આ હોડી ભરદરીએ મુકતા પહેલાં તેના સુકાનીની પસદગી કરવાની છે. અહીંઆ હાજર રહેલા મુરબ્બીઓમાથી દરેક જણ એ કાર્યમા ઉમગથી ભાગ લઇ સુકાની તરીકે કામ કરી હોડીને સહીસલામત હકારવામાં મદદ કરવા આતુર અને શક્તિવાન છે એ ખરૂ છે, છતા પણ સુકાનીએ જે કામ બજાવવાનુ છે તે ફક્ત કાઇ તેની આતુરતા અને મહેનત ઉપરજ આધાર રાખતું નથી તેને ઘણીજ બાહોશીથી સુકાન ચલાવવાનુ છે. દરીઆમા નડતી અનેક ખડકોમાથી તેને સહીસલામત લઇ જવામા તે ખડકો રૂપી અડચણોનુ સપૂર્ણ જ્ઞાન હોવાની પણ આવસ્યકતા છે. જેવી રીતે હોડીનો સઘળો આધાર સુકાની પર છે તેમ સભાની ફત્તેહનો આધાર તેના પ્રમુખ પર છે. આપણી આ પહેલી પરિષદ્ છે. તેથી આપણી આ પરિષદનો પ્રમુખ એવો હોવો જોઇએ કે જે આપણુને પરિષદ્‌ના દરેક કાર્યમા બારીકાઇથી દોરી શકે ને તેને પુરેપુરી ફતેહમદ બનાવવામા સાધનભૂત થઈ શકે. કારણ કે આ પહેલી પરિષદ્‌ના કાર્ય પર તેની ભવિષ્યની કારકીર્દીને જીદગીનો આધાર છે. તેથી આ વખતના પ્રમુખનુ કર્તવ્ય માત્ર આ સભાનું કાર્ય નિર્વિઘ્ને પાર પાડવામા સમાપ્ત થઇ જતુ નથી. તેની હવે પછીની જીદગી યશસ્વી નીવડે, તેનુ આયુષ્ય લાબુ થાય, એવા ઉપાયો સુચવી યોગ્ય રસ્તે લઇ જવાનુ કામ પણ તેમનુજ છે. આ મહાન કાર્યને માટે મારી દરખાસ્ત એ છે કે આ પહેલી પરિષદ્‌ના પ્રમુખ તરીકે ભરૂચથી ખાસ અત્રે પધારેલા, અનુભવીને પાકટ વિચારના માન્યવતા મુરબ્બી હરીગગા ચાચીની નીમણુક કરવી. આ કાર્યને માટે તેમની લાયકાતના સબધમા વધારે બોલવાની કાઇ જરૂર નથી સ્ત્રી જાતની ઉન્નતિ માટે હમ્મેશા તેઓ ઉમગથી ભાગ લેતા આવ્યા છે તે જગજાહેર વાત છે. ભરૂચની સ્ત્રીલાઇબ્રેરી ઉભી કરવામા અને તેને આજ સુધી ચાલુ રાખવામા તેઓએ ઘણુ કામ કરેલુ છે. વળી ભરૂચના સ્ત્રી હુન્નર પ્રદર્શનમા પણ તેઓએ અમૂલ્ય સેવા બજાવી છે. તે પણ જગજાણીતું છે. વિચાર આચારમા કદાચ મતભેદ હોય છે, પણ એટલુ તો નિસશય છે કે જે બાબતમા સ્ત્રી જાતીનુ હિત રહેલુ છે તેમાં તેઓ પુરતી મદદ કરવા હમેશાં આતુર જણાયા છે. આવી એક સન્નારીની આપણા પ્રમુખ તરીકે નીમવાની હુ આપની સમક્ષ દરખાસ્ત રજુ કરૂ છુ અને મારી આપને નમ્ર વિનતી છે કે તમે મારી એ દરખાસ્તને માન્ય કરશો.

આ દરખાસ્તને અમદાવાદવાળા સૌ. કપીલા કેશરીપ્રસાદે ઘટતા શબ્દોમાં અનુમોદન આપ્યુ હતું. ત્યાર બાદ ગગાસ્વરૂપ હરીગગાએ પ્રમુખસ્થાન લીધુ ને પ્રમુખ તરીકેનુ તેમનુ ભાષણ વાચવા સૌ. મંગળાગૌરી ગુણવતરાયને આજ્ઞા કરી.

પ્રમુખનું ભાષણ.

સુજ્ઞ બ્હેનો,

આજરોજ આપણી જ્ઞાતીની સ્ત્રીઓની જે પરિષદ્ મળી છે તે પહેલીજ છે, અને તેના પ્રમુખ તરીકનુ મોટુ માન તમો બ્હેનો તરફથી મને આપવામાં આવ્યું છે તેને ? હું તમારો સર્વનો ઉપકાર માનુ છું.

બ્હેનો, આવી આવી પરિષદો ભરવાથી ઘણા ફાયદા થાય છે, તેથી આપણે એક બીજાના સબંધમા આવી શકીએ છીએ અને તેમ થવાથી આપણે અરસપરસના વિચારો જાણી શકીએ છીએ અને આથી આપણી સ્ત્રીઓની ઉન્નતિ થાય છે. જ્યા સુધી સ્ત્રીઓની ઉન્નતિ થાય નહી ત્યાં સુધી સસાર સુધારાની સર્વે આશા ફોકટ છે.

આ પરિષદ્‌માં જે જે નિબધો વચાવવાના છે. તે આપણુને–દરેકે દરેક સ્ત્રીઓને ઘણાજ અગત્યના છે. અને તે વિષયોનુ આપણુને સર્વને જ્ઞાન થાય તો આપણે આ સસારમા ઘણું સારૂ કામ કરી શકીએ તેમ છે. સસારમા આપણું સ્થાન ઘણું સારુ છે, અને તે સ્થાન જાળવવા માટે આપણે જ્ઞાન મેળવવાની ખાસ અગત્ય છે, અને જ્ઞાન મેળવવાને માટે આપણામા કેળવણીનો બહોળો પ્રચાર થવાની જરૂર છે, માટે આપ સર્વને મારે એટલી વિનતી કરવાની કે જેમ આપણી નાતમા સ્ત્રી કેળવણી વધારે ફેલાય તેને માટે તમે સર્વ જરૂ પ્રયાસ કરજો. તમો દરેક બ્હેન જો અહીથી એટલુ નક્કી કરીને ઉઠો કે હુ મારી દીકરીને ઘણી સારી કેળવણી આપીશ તો આ પરિષદ્ ભરાયાનુ કાંઇ સાર્થક થયેલુ ગણાય. ફરી મારે આપને કહેવાનુ કે અહી આજે નિબધો વચાવવાના છે. તે સ્ત્રીઓને ઘણા જરૂરના છે અને જે બ્હેનોએ ઘણો શ્રમ લઇ આ નિબધો તૈયાર કર્યા છે. તેમણે આપણી નાતની સ્ત્રીઓની એક મહાન સેવા બજાવી છે માટે આપણે સર્વે એ બ્હેનોનો ખાસ ઉપકાર માનવા જોઇએ. આપ સર્વ બ્હેનો આ સઘળા નિબધો ઘણાજ ધ્યાનથી સાભળજો, અને તે પર વિચાર કરી વ્હેવારમા તે પ્રમાણે વર્ત્તવા યત્ન કરશો એવી મ્હારી તમને વિનતી છે. હવે તમે એક પછી એક નિબધો વાચવાનુ કાર્ય શરૂ કરો.

પ્રમુખનુ ભાષણ વચાઈ રહ્યા પછી, સૌ. હરીગગા ચીમનલાલ તરફથી 'આપણા સસારમા સ્ત્રીઓનુ યોગ્યસ્થાન ને જ્ઞાતિ સુધારામા સ્ત્રીઓની મદદની જરૂર' એ વિષયપર આવેલો નીચેનો નિબધ સૌ. ધનલક્ષ્મી હીરાલાલે વાચી બતાવ્યો હતો

"આપણા સંસારમાં સ્ત્રીઓનું યોગ્યસ્થાન ને જ્ઞાતિ સુધારામાં સ્ત્રીઓની મદદની જરૂર."

માનવતા પ્રમુખ, મુરબ્બીઓ, તથા વહાલી બહેનો—

આમોદમા જો કે આપણી ન્યાતની વસ્તી ઘણી ઓછી છે, તે છતાએ ન્યાતની કોન્ફરન્સ જોડે મહિલા પરિષદ્ મેળવવાનો વિચાર અહીની સ્ત્રીઓને સુઝ્યો છે, તે ખરેજ ઘણોજ પ્રસશાપાત્ર છે. આપણુને બધાને ભેગા થવાનો અવસર જે બહેનોએ આણ્યો છે, તેમનો આપણી આખી ન્યાતે અતકરણપૂર્વક આભાર માનવો જોઇએ.

આવી પરિષદોથી ઘણાજ લાભો થઈ શકે, તે તો આપણે બધા જાણીએ છીએ, પરતુ વરસ દીવસમા એકવાર એકઠા મળીને સારાં સારા ભાષણો સાંભળીને વિખરાઇ જવાથી કાઇ પણ સગીન લાભ થઇ શકવાની આપણે આશા રાખી શકીએ નહિ. આવા સ્થળોએ ગ્રહણ કરેલા વિચારો આપણી દરરોજની જીદગીમા અમલમાં મૂકવાનો પ્રયત્ન કરવો જોઇએ, અને તેથીજ આપણુને સગીન લાભ થઇ શકે. હુ આશા રાખુછુ, કે આપ સર્વ આ વાત સ્મરણમાથી ખસવા દેશો નહિ.

આ પ્રસગ ઉપર મે પણ "આપણા સસારમાં સ્ત્રીઓનુ યોગ્ય સ્થાન ને જ્ઞાતિમા સ્ત્રીઓની મદદની જરૂર" આ વિષય હાથમા લીધેલો છે. તેમ કરવાનો મારો

મુખ્ય હેતુ એટલોજ છે કે આ ઉપયોગી વિષય અહીંઆં ચર્ચાય, તો સુશિક્ષિત ને અનુભવી બહેનો પાસેથી મને ઘણું શીખવાનુ મળે.

આપણા હાલના સંસારમા સ્ત્રીઓ જે સ્થાન ભોગવે છે, તે યોગ્ય છે કે નહિ, તેનો આપણે હવે વિચાર કરીએ. આપણે પુત્રીના જન્મથી શરૂઆત કરીશુ. છોકરીના જન્મ વખતે તેમના કુટુંબીઓમા જે લાગણી થાય છે, તે આપણે તપાસીએ.

હાલના વખતમા તો પુત્રીનો જન્મ થાય તેજ ઘણા હર્ષની વાત ગણાતી નથી. કેટલાએક અજ્ઞાન માણસો "પથરો આવ્યો" એમ કહે છે, અને સાધારણ કેળવણી પામેલાં "ચાલો લક્ષ્મીજી પધાર્યા" એવુ કહી મન વાળે છે કેટલેક ઠેકાણે "મુઇ" વગેરે શબ્દોથીજ વધાવી લેવામાં આવે છે. આ દીલગીરી સ્વાર્થનીજ છે. પુત્રીની સભાળ પુત્ર કરતાં લગાર વધારે રાખવી પડે, પુત્ર હોય તો ઘડપણમા પૈસાટકા સબધી મદદ મળે, અને વરવિક્રય જેવા દુષ્ટ રીવાજો ચાલે છે તેમા પણ માબાપોને ખર્ચનો બોજો ઘણોજ આવી પડે છે, અને વર શોધવાની માથાકુટ પણ ઘણીજ કરવી પડે છે. આવા કેટલાક કારણોને લીધે પુત્રી જન્મનો ઘણો હર્ષ નથી. આમ થવુ યોગ્ય નથી. સસારમા સ્ત્રી અને પુરૂષ સરખાજ ઉપયોગનાં છે. તેમણે યાદ રાખવુ જોઇએ કે તેમની માતાઓ પણ પુત્રી તરીકેજ જન્મ પામી હતી. વળી તેમના પુત્રના લગ્ન સમયે પણ પુત્રી તરીકે જન્મેલીઓનીજ શોધ તેમને કરવી પડે છે. "રામા રત્નની ખાણ છે.' આ ખાણમાથીજ "શ્રીરામ, શ્રીકૃષ્ણ, અર્જુન, યુધિષ્ઠિર, ભીષ્મ, અકબર, શીવાજી, પ્રતાપ" વગેરે રત્નો પાક્યા છે. આવી એક ખાણનો પોતાના ઘરમા જન્મ થાય તેને માટ માતપિતાઓએ મનમાં ન્હેજ પણ દીલગીર થવુ તે યોગ્ય નથી

અસલના વખતમા (વેદકાળમા) પુત્ર અને પુત્રીના હક્ક સરખા ગણાતા હતા. તેમને શારીરિક, માનસિક, નૈતિક, ધાર્મિક, અને આધ્યાત્મિક કેળવણી આપવામાં આવતી હતી. તેમને યોગ્ય સન્માન હતુ, તેમનામા સ્વજાતિનુ ગૌરવ હતુ. તેઓ શ્રેષ્ઠપદ ભોગવતી હતી.

યવનોના રાજ્યથી ધાર્મિક અને નીતિનાં શિક્ષણો અપાતાં બધ થયા, સ્ત્રીઓની અવગણના, તિરસ્કાર, અને સ્ત્રી જીવન ઉપર વિવિધ પ્રકારના અકુશોની જમાવટ થવા લાગી તથા સ્ત્રી ગૌરવનો, સ્ત્રીઓની મહત્તાનો, તેમના ઉચ્ચપદનો, અને સ્ત્રી સન્માનનો ઉજ્વળ પ્રકાશમાન જ્યોતિ કે જે વેદકાળ, રામાયણ, અને મહાભારતના વખતમાં જાગૃત હતો, તે નિસ્તેજ થવા વખત આવ્યો. પરતુ હાલમાં ઇંગ્રેજોના સગમા તે જ્યોતિ કાંઇક સકોરાવા પામ્યો છે. સ્ત્રી સુધારણા અને સ્ત્રી સન્માનથી ફરી સપૂર્ણ રીતે ઉજ્વળ દીપ્તિમાન કરવા માટે, સ્ત્રીઓને ઉચ્ચ પક્તિપર મૂકવા માટે ઘટતો પ્રયાસ કરવા જોઇએ.

હાલમા સ્ત્રી કેળવણીની જરૂર સ્વીકારાય છે, પણ હજી મનને સપૂર્ણ રીતે ખીલવવામા આવતું નથી, ફક્ત ચારપાચ ચોપડીઓજ ભણાવવામા આવે છે. આ બાબત ઉપર લક્ષ આપવાનો સમય હવે આવી પહોચ્યો છે. બધી દુનિયાં ચારે તરફથી આગળ વધે છે, ને વખતે જો આપણે ત્યાની સ્ત્રીઓ પાછળ રહી જશે તો એકલા પુરૂષોથી આગળ વધાશે નહિજ, અને પરિણામે સમસ્ત દેશ પાછળ પડી જશે, તથા સદાય પરતત્રતાની અને અજ્ઞાનતાની બેડીમાં જડાયલો રહેશે. સ્ત્રી કેળવણી પુરાણોક્ત છે. અસલના વખતમાં હતી. તેના દાખલા ગાર્ગી, મૈત્રેયી, સરસ્વતી, વગેરે જગજાહેર છે. સ્ત્રીઓમાં કેળવણી ગ્રહણ

વાની શક્તિ છે, તે પણ ચારે દિશામા નજર કરવાથી જણાય છે. સ્ત્રી લેખકો છે, સ્ત્રી કવિયો છે, સ્ત્રી ભાષણકારો છે. સ્ત્રીઓએ ખગોળશાસ્ત્રની શોધખોળોમા મદદ કરેલી છે. તેમણે ગણીતશાસ્ત્રના ઉડા અભ્યાસ કરેલા છે. સ્ત્રી ડૉકટરો પણ છે. આ પ્રમાણે આપણે જોઇશુ તો જણાશે કે સ્ત્રીઓમા અભ્યાસ કરવાની કે ગ્રહણ કરવાની શક્તિની કાંઈ ખામી નથી. ફક્ત તેમને તેમ કરવાનો અવકાશ આપવાનીજ ખામી છે, તેમને તે રસ્તે દોરવાનીજ ન્યૂનતા છે. કેળવણીની ઉપયોગીતા તો સર્વમાન્ય છેજ. તે વિષે વિવેચન કરવાનુ અહી સ્થાન નથી. આપણે તો ફક્ત તે વિષયમા કયા આગળ છીએ તે જોવાનુ છે. કેળવણી સબધી હજી આપણે ઘણીજ પ્રાથમિક સ્થિતિએ છીએ. આમા ઉતાવળથી સુધારો થવાની ઘણી જરૂર છે. તે કેવા પ્રકારની હોવી જોઇએ, અને કેવી રીતે અપાવી જોઇએ તે સબધી આપણા આગેવાનોએ પૂર્ણ વિચાર કરી ઘટતા પગલા ઝડપથી લેવા જોઇએ.

કેળવણીના ક્ષેત્રમા આપણે કયા ખૂણામા છીએ તે તપાસ્યા પછી બીજી સાસારિક બાબતો તરફ નજર કરીએ આવી બાબતોમા લગ્નની બાબત મુખ્ય દરજ્જો ધરાવે છે. લગ્નની બાબતોમા પણ આપણે કેળવણી જેટલાજ પછાત છીએ તેનુ કારણ પણ આપણે કેળવણીમા પછાત છીએ તેજ છે. પહેલાં તો લગ્ન એટલે શુ, તેનોજ ખરો અર્થ પરણનાર કન્યાઓ ભાગ્યેજ જાણે છે. જો કે હાલમા પહેલા જેવા બાળલગ્ન થતા નથી, તે છતાએ હુ કહેવાની હિમત ધરૂ છુ કે હજીએ આપણી કન્યાઓ લગ્નની ગભીરતા સમજતી નથી. બાર ચૌદ વરસની, પાચ સાત ચોપડી ભણેલી છોકરી લગ્નનો સપૂર્ણ અર્થ, તેની પૂર્ણ ગભીરતા કયાથી સમજી શકે? તેવી આશા રાખવી તેજ મૂર્ખાઈ છે. હાલ પરણે છે તેમાની કેટલી બાળાઓ લગ્નની ગભીર પ્રતિજ્ઞાઓ સમજે છે? ત્યાર શુ સમજ્યા વગર કાંઈ પણ કામ કરવુ યોગ્ય છે કે? વગર સમજે કરેલી પ્રતિજ્ઞાઓ પાળવા કોઇને બાધી શકાય ખરૂ કે? આ બાબત વિષે વિચાર કરતા દરેક સમજુ મનુષ્યના મનમા તિરસ્કાર અને દુખની લાગણી થઈ આવ્યા વગર રહેશે નહિજ. ત્યારે શુ હાલમા લગ્ન સબધી સ્ત્રીઓનુ જે સ્થાન છે તે યોગ્ય છે? શુ અસલથી આપણુ તેજ સ્થાન હશે? ના, ના. જે વખતે હાલમા વગર સમજ્યે લેવાતી પ્રતિજ્ઞાઓ જ્યારે પરણનાર કન્યા સ્વમુખે લેતી હશે, ત્યારે તેઓનુ સ્થાન શુ આજના જેવુ હશે? ના, નહિજ તે વખતે તેઓ ઘણુજ શ્રેષ્ઠ સ્થાન ભોગવતી હતી. તે સ્થાને આપણે જવાનો ઉદ્દેશ રાખવો જોઇએ. હાલની સ્થિતિથી સતોષ માની બેશી રહેવુ જોઇએ નહિ. વળી પરણવાની હાલની જે રીત છે તે પણ ઘણીજ વાધા ભરેલી છે છોકરી અગીઆર વરસની થાય છે ત્યારથીજ માબાપ વિવાહ કરવાની ઉતાવળ કર્યા કરે છે, અને છોકરીના મગજમા પણ આ વાત ભરાયા કરે છે, જે ઘણીજ નુકશાનકારક છે. બાર તેર વરસની ઉમર સુધીમા વિવાહ થઈ જાય છે, અને બહુ તો પદર વરસમા તો લગ્ન થઈ જાય છે. વર કે કન્યા એક બીજાના ગુણ યા દોષ જાણતા નથી. આખો જન્મારો જેની સાથે ગાળવાનો છે, તેના સ્વભાવથી, તેની ઇચ્છાઓથી, તેના આદર્શોથી તદન અજ્ઞાનજ હોય છે. માબાપ જેમ કહે છે તેમજ કરવામા આવે છે. પોતાના મનની ઇચ્છાઓને કઇ પણ માન આપવામા આવતું નથી.

હાલમા આ પ્રમાણેની આપણી દશા છે. પુરાણ સમયમા આપણી સ્થિતિ આવી નહોતી. સ્વયવરથી લગ્ન થતા, માબાપ પોતે તે સ્વયવરો રચતા, પોતાની પુત્રીઓને દોરતા, ત્યાએ પુત્રીઇચ્છાનેજ માન આપતા સર્વ જાતના લગ્નમા ગાંધર્વ લગ્ન શ્રેષ્ઠ ગણાતું.

તેવા ઘણા લગ્ન થતા, અને તે સઘળાઓને વડીલોની અનુમતિ મળતી. આવી સ્થિતિએ પહોચવાનો આપણે ઉદ્દેશ રાખવો જોઇએ, તેમાંજ આપણુ શ્રેય છે, આપણી ઉન્નતિ છે, આપણી પ્રતિષ્ઠા છે.

લગ્ન સબધમાં આપણી સ્થિતિ વિષે ટુક વિચાર કર્યા પછી આપણે સામાન્ય સસારમા શ્વશુરગૃહમાં અને બહાર સ્ત્રીઓનુ શુ સ્થાન છે તે જોવા યત્ન કરીશુ.

આ જમાનામા પણ વહુઓ ઉપર સાસુ નણદના ત્રાસ ઘણીવાર જોવામા આવે છે. ઘણીવાર તેમને નાહક પજવવામા આવે છે. તેમની તરફ દ્વેષભાવ તથા ઇર્ષ્યા રાખવામા આવે છે. આ સઘળુ કેળવણીની મદદથી જલદી નાબુદ થઈ જવું જોઇએ. હજી સુધી સ્ત્રીઓને ઘરની કામ કરનારી નોકરડી કે રાધનાર બ્રાહ્મણની તુલનાએ મુકવામા આવે છે. પૈસાદાર કુટુબોમાં પણ વહુ કામ કરનારી હોય તો ચાકરની જરૂર ધારવામા આવતી નથી. આ આપણી અધોગતિના ચિહ્નોજ છે. આનુ પરિણામ ઘણુજ ખોટુ આવે છે સૂક્ષ્મ પ્રકારની બુદ્ધિની શક્તિઓ ધરાવતી સ્ત્રીઓનો કાળ કમઅક્કલના માણસો કરી શકે તેવા કાર્યોમા જાય છે. અને પરિણામે સૂક્ષ્મ બુદ્ધિને ખીલવાનો વખત મળતો નથી. એટલુજ નહિ, પણ ઘણાક અગત્યના વિષયો ઉપર પણ તેમનાથી પુરતું ધ્યાન આપી શકાતું નથી. બાળક ઉછેરવા સબધી, તેમને કેળવણી આપવા સબધી, તથા સામાન્ય આરોગ્યશાસ્ત્ર સબધી તેમણે જાણવુ જોઇએ તે જાણી શકાતું નથી, અને આના પરિણામો તો સર્વ કોઇ ધારી શકશેજ. માટે નોકર કે રસોઇઆની કોટીમા સ્ત્રીઓની ગણના થવી જોઇએ નહિ. અલબત્ત પોતાના ઘરનુ કામ કરવામા કોઇ પણ જાતની નાનમ નથી, તો પણ જેટલાં કામ કરવાના હોય તેમાથી બની શકે ત્યા સુધી જે શ્રેષ્ઠ પક્તિનુ હોય, જે બહુ ઉપયોગી હોય તેને પ્રથમ સ્થાન મળવુ જોઇએ. જો બાળકનુ નાનપણથીજ તન તથા મન સારી રીતે કેળવાયુ હશે તો ઘણાય રૂપિઆનો તેથી બદલો મળી જશે. જો સ્ત્રી સારી રીતે કેળવણી પામેલી હશે, તો પાચ સાત રૂપિઆના નોકરના પગાર જેટલો લાભ તો કાઇથીએ કરશે, અને આર્થિક હાનિ કર્યા સિવાય બીજા કેટલાક લાભ કરી શકશે.

સાધારણ જનસમાજમા ઘણા પુરૂષો પણ સ્ત્રીઓની જોઇએ તેવી યોગ્યતા હજી સ્વીકારતા નથી. કેળવાયલા પુરૂષો માટે આ ઘણુજ શરમ ભરેલુ છે.

જેમ ફુલ ખીલવવાને માટે સૂર્યના પ્રકાશની જરૂર છે, તેમ સ્ત્રીઓની મનોવૃત્તિઓ ખીલવવા માટે સ્વતત્રતાની જરૂર છે. અધ્યાત્મ-ઉન્નતિ લાભમા અને શિક્ષણના સુખાસ્વાદમા સ્ત્રી પુરૂષના જેટલીજ અધિકારી છે તે આપણે આપણી ધર્મ સબધી વિધિઓ તપાસીશુ તો આપણને માલૂમ પડશે. એકલા પુરૂષો કઇ પણ કામ કરી શકતા નથી. વિધિઓમા પણ સ્ત્રીઓની જરૂર પડે છે. સદ્‌બુદ્ધિ અને સદ્‌ગુણના વિકાસમાં, અભિવૃદ્ધિમાં, ને સત્કાર્યના સ્નેહ મેળવવામા સ્ત્રીઓને તેમની યોગ્યતા મુજબ છુટ આપવી જોઇએ. વળી સસારમાં સ્ત્રીઓને તેમની ઉન્નતિમા વિઘ્નકર્તા શી શી અડચણો નડે છે, તે પર ધ્યાન આપી તે અડચણો દુર કરવી જોઇએ.

હવે આપણે આજના વિષયના બીજા ભાગ ઉપર આવીશુ. કોઈ પણ કામ પુરૂષો એકલા સ્ત્રીઓની સમતિ વગર બજાવી શકે, તે ઘણું શક પડતું છે. ખાસ કરીને સાસારિક બાબતોમાં તો સ્ત્રીની સમતિ વગરના પુરૂષના કામો એકડા વગરના મીડાં જેવાં છે. જો આપણે મદદ કરીએ તો હાલમાં ઘણા અઘરા દેખાતા સાંસારિક સવાલોનો સહેલાઇથી નિવેડો

આવી જાય. માટે પુરૂષોએ સ્ત્રીઓને યોગ્ય લાયકાતમા આણી તેમની મદદ સાથેજ આગળ વધવા યત્ન કરવો જોઇએ. આજની સભા તે ઘણુંજ શુભ પગલુ છે. પુરૂષોની કોન્ફરન્સ સાથે આપણી સભા મળીને ઘણા ઘણા સારા કામો કરી શકશે અત્યાર સુધીમાં આપણે જોઇએ છીએ કે એકલા પુરૂષોએ કરેલા જ્ઞાતિ સબધી ઘણા અગત્યના ઠરાવો પણ કોરાણે મુકાયા છે. લગ્ન વખતે લેવાતી રીત અને મરણુ વખતે પાળવાના એકડા પણ એકલા પુરૂષોએજ કરેલા છે, તેમાં સ્ત્રીઓની સમતિ લેવામાં આવી નથી, અને તેમા કરેલા ઠરાવો સ્ત્રીઓથી બિલકુલ પાળી શકાયા નથી, જો સ્ત્રીઓ ધારે તો કદાચ પુરૂષનુ મન ડગે, તો પણ તેને પોતાની ફરજોનુ ભાન કરાવે, અને લગ્ન વખતે આનદને સમયે જે કકાસનો દેખાવ થઇ જાય છે તે દૂર કરી શકે. મરણુ વખતનો રોવા કુટવા અને ફાકવા સબધી બધો કારભાર સ્ત્રીઓજ કરે છે, તે જો સ્ત્રીઓ સમજે તો એકદમ નાબુદ કરી શકે. કન્યા કેળવણીનો પણ ઘણો ખરો આધાર સ્ત્રીઓ ઉપર રહે છે. સ્ત્રીઓની આડાઇને લીધેજ ઘણીક કન્યાઓ કેળવણીનો લાભ લીધા વગરજ રહી જાય છે. આ કેળવણીની બાબતમા તેઓ જો મદદ કરે તોપણુ તેઓએ જ્ઞાતિ સુધારણામા પોતાની ફરજ બજાવી ગણી શકાય.

આખી જ્ઞાતિમા ધર્મ સબધી સુધારો સ્ત્રીઓથીજ બની શકે. ધર્મને બહાને ખોટા વહેમો, મોટે ભાગે સ્ત્રીઓમાજ પેશી ગયા છે ધર્મ અને નીતિ સબધી પુસ્તકો વાંચવાથી આ વહેમો દુર કરી શકાય. વળી નીતિની ટુકી ટુકી અને બોધપ્રદ વાર્તાઓ તથા દષ્ટાંતોથી બાળકોના મન ઉપર માતા ઘણીજ મરમ છાપ પાડી શકે, અને પરિણામે આપણી ન્યાત નીતિમય અને સત્યપ્રિય બનતી જાય.

વળી કરકસરથી ઘર ચલાવવામા પણ સ્ત્રીઓ પુરૂષને ઘણી મદદ કરી શકે. સાધારણુ ઘર ખર્ચમા અથવા તો ટાણા ટચકાને પ્રસગે સ્ત્રીઓ ગજા ઉપરાત કુદે નહિ, તો પોતાના પતિની આર્થિક સ્થિતિને ઘણો સગીન લાભ કરી શકે, વળી દેખાદેખીથી ફેશનની ખોટી ફિસિયારીમા દોરાઇને સ્ત્રીઓ જે નણ્ખ ખરચ કરાવે છે, તે પણ તેઓ ધારે તો બધ કરી શકે. જો દરેક કુટુબમા આમ થાય તો ન્યાતની આર્થિક સ્થિતિમા ઘણો સુધારો થાય, અને પોતાના બાળકને કેળવણી આપતા જીવ સકોચાય નહિ.

વળી જો આરોગ્યશાસ્ત્રના નિયમો સમજીને આપણે આપણા ઘરમા ચોખ્ખાઇ રાખીએ તથા ખાધાપીધામા અને છોકરા ઉછેરવામા ધ્યાન આપીએ તો દાક્તરોના બીલનો આકડો ઘણો ઘટાડી શકીએ વળી આપણી બાળકીઓને નાનપણથીજ મજબુત મનની કરીએ તો હિસ્ટિરિયા જેવા રોગોને આપણે જડમૂળથી નાબુદ કરી શકીએ

મારી ટુક સમજ પ્રમાણે આ ગાઢા વિષય સબધી બે બોલ મે કહ્યા છે. આ વિષય ઉપર કોઇ બીજી વિદુષી બહેન તરફથી વધારે શીખવાનુ મળશે તો મે કરેલી શરૂઆત સફળ થઇ ગણીશ.

પરતુ આ વિષય ઉપર વિચાર કરતા આપણે યાદ રાખવાનુ છે કે બધુ જગત આપણી જ્ઞાતિમાંજ સમાઈ જતુ નથી. આપણી દષ્ટિ આપણે જ્ઞાતિ બહાર નાંખવી જોઇએ. જે ન્યાતો અથવા જાતો આપણા કરતા આગળ વધેલી હોય તેમની પાસેથી શીખવા જોગ ગ્રહણ કરવુ, અને જે ન્યાતો અથવા જાતો આપણા કરતાં પછાત હોય, તેમને આગળ આવવામાં મદદ કરવી એજ આપણુ ખરૂ કર્તવ્ય છે.

છેવટે એકવાર ફરીથી આ પરિષદ્‌ના સેક્રેટરીઓનો આભાર માની આ મારો વિષય બંધ કરૂંછું.

એજ વિષયપર સૌ. રત્નલક્ષ્મી અમૃતલાલે પણ નિબંધ મોકલ્યો હતો. પણ પ્રમુખે એવી આજ્ઞા કરી કે આજે વખત ઘણો થઇ ગયો છે ને હજી ઘણા નિબંધો વંચાવવાના બાકી રહ્યા છે માટે એક વિષયપર આજ તો એકજ નિબંધ વાંચો ને બાકીના નિબંધને વાંચ્યા બરોબર ગણી લેવામાં આવશે. પ્રમુખની આ આજ્ઞાને માન આપી સૌ. રત્નલક્ષ્મીનો નિબંધ પરિષદ્‌મા વાંચી શકાયો નહતો. સૌ. રત્નલક્ષ્મીનો નિબંધ નીચે પ્રમાણે હતો.

"સંસારમાં સ્ત્રીઓનું યોગ્યસ્થાન અને જ્ઞાતિ સુધારવામાં તેઓની મદદની જરૂર."

સુજ્ઞ બ્હેનો—

આજનો મ્હારો આ લઘુ નિબન્ધ મ્હારૂં જ્ઞાન બતાવા લખ્યો નથી પણ મ્હારી અલ્પમતિ પ્રમાણે પરમકૃપાળુ જગતના પિતાની અમૂલ્ય મદદથીજ લખાયો છે

પ્રિય સુશિક્ષિત બ્હેનો, આપણા વ્યવહારમા સ્ત્રી જીવનનુ કેટલુ મહત્વ છે, અવર દુઃખમય સંસારમા તેઓનુ કેવુ ઉચ્ચ પદ છે, તેઓની કેટલી ઉપયોગિતા છે, દેશોન્નતિમા તેમનો કેટલો ભાગ રહેલો છે, તેઓની અધોગતિ થવાના, તેમની દુર્દશા થવાના કારણ શા છે, તેમની મહત્તા વધવાના માર્ગ કયા છે, અને જ્ઞાતિ સુધારામા તેઓની મદદની કેટલી જરૂર છે તેનુ દિગ્દર્શન આ લઘુ લેખદ્વારા કરવાનો પ્રયત્ન કરવામા આવ્યો છે

પ્રિય બ્હેનો, પ્રાચીન કાળમા જ્યારે સમસ્ત જગતની પ્રજાઓ કેવળ જંગલી, અજ્ઞાન અને અન્ધકારમય સ્થિતિમા હતી, જ્યારે રોમ, અને ગ્રીસ જેવા મહાન રાજ્યોની સ્ત્રીઓ પણ ગુલામગીરિ અને દાસત્વ ભોગવતી હતી, ત્યારે આપણો આ પ્રિય દેશ કેવો અખિલ જગત્-મનોહર અને ઉત્કૃષ્ટ હતો અને તે સમયની સ્ત્રીઓ કેવી સુશિક્ષિત, નીતિમાન અને ધાર્મિક હતી, તેમની સ્થિતિ કેવી શિષ્ટ અને સુધરેલી હતી તેનો ખ્યાલ માત્ર કરી લેવો.

વેદકાળમા (ઇ. સ. પૂર્વે ૨૦૦૦) આ દેશની સ્ત્રીઓની મહત્તા કેટલી ઉન્નત હતી અને જનસમાજમા તેઓની પ્રતિષ્ઠા કેટલી હતી તે આપણા વૈદિક ગ્રંથોમાંથી માલમ પડી આવે છે. ઋગ્વેદમા વર્ણવેલી વિદુષી સન્નારી વિશ્વવારા કે જેને સુક્તની રૂચાઓ રચી છે તેનો દાખલો લ્યો કે ઘોષા, અપાલા, અને વાગ્દેવીનો દાખલો લ્યો અને તપાસો કે તેઓની વિદ્વત્તા કેટલી હતી, અને તેઓનુ ગૌરવ કેટલુ હતું. વૈદિક કાળ મુકી હવે આપણે રામાયણ અને મહાભારતના સમયમા જોઇશુ તો તેઓની જનસમાજમા તેવીજ રીતે ઉચ્ચ પદવી કાયમ રહેલી હતી, પરન્તુ સ્ત્રીઓ કાંઇક હલકી છે, વિશ્વાસ કરવાને લાયક નથી એવા વચનો આ સમયના લિખિત ગ્રંથોમા માલમ પડે છે. કિન્તુ સર્વાંશે તે અરસામા પણ સ્ત્રીઓનુ સંસારમાં અને કુટુમ્બમા ઘણુ માન હતું. તે વખતની સ્ત્રીઓ સુશીલ પતિપરાયણ અને કર્ત્તવ્ય જાણનારી હતી. સુશિક્ષિત અને ધૈર્યવાન હતી. પતિવ્રતા અને દિવ્યતાનો અવતાર તથા આબેહુબ ચિતાર રામ અને સીતામાં જોવામા આવે છે. પરાક્રમ રાજમાતા વિદુલામા, મનોનિગ્રહ કૌશલ્યામાં, અને પતિપરાયણતા અરૂન્ધતી અને અનસૂયાજમા જોવામા આવે છે.

લગ્ન સ્વાતંત્ર્ય, વિદ્વત્તા અને વિદેશગમનમા સુલભ પતિની પસંદગી, પતિજીવન માટે પ્રાણાર્પણ સાવિત્રીમા, કૃતજ્ઞતા અને ઉદારતા કુન્તાજીમા, પ્રીતિ લગ્ન અને યુદ્ધ માટે પુત્રને પ્રેરણા સુભદ્રામા, સ્વયંવર, સ્ત્રીઓનુ સન્માન, પતિસેવા અને આત્મત્યાગ દમયંતી તથા દ્રૌપદીમા જોવામા આવે છે.

હવે આપણે પૌરાણિક સમય તરફ તથા મુસલમાનોનો ઉદય થયો તે કાળ તરફ આપણી દૃષ્ટિ ફેરવીશુ. મિ. રોમેશચન્દ્ર દત્ત કહે છે કે આ કાળથીજ બાળલગ્નનો ઉદય થયો અને સ્ત્રીઓની અવગણનાનો આરમ્ભ થયો અને આ સમયથીજ તેઓનુ સ્વાતંત્ર્ય લોપ થવાનો પ્રારમ્ભ થયો, એનો ખ્યાલ એક સંસ્કૃત શ્લોક ઉપરથી આપણને આવે છે તેનો અર્થ આ પ્રમાણે છે. કુમારી અવસ્થામા પિતા સ્ત્રીનુ રક્ષણ કરે છે, યૌવનકાળમાં પતિ, વૃદ્ધાવસ્થામા પુત્ર રક્ષણ કરે છે સ્ત્રી સ્વાતંત્ર્યને યોગ્ય નથી

બૌદ્ધકાળનો સમય જામતા તેઓનાપર તિરસ્કાર વધતો ચાલ્યો અને બૌદ્ધ ગ્રંથોમા વારે વારે જણાવલુ છે કે સ્ત્રીઓનો ત્યાગ કરી સાધુ થઇ જવામાજ શ્રેય રહેલુ છે

પૌરાણિકકાળનો અન્ત અને મુસલમાનોનો ઉદય સમકાલીન છે. મુસલમીન રાજ્યોમા સ્ત્રીઓની જે અવદશા થઇ તે પૌરાણિકકાળમા પણ જોવામા આવતી નથી, યવનોના વારવાર હુમલા થયા પછી, જાનમાલનુ રક્ષણ નહિ રહેવાથી, જનસમાજમા ધાર્મિક અંધાધુંધી હોવાથી, સ્ત્રીઓ શારીરિક બાબતમા નિર્બળ હોવાથી, સ્ત્રી જીવનપર અનેક પ્રકારના અંકુશ મૂકાવવા લાગ્યા, સ્ત્રીઓને ઘણી બાબતોમા સ્વાતંત્ર્ય તેમ વિદ્યા માટે, ઉચ્ચ જીવન માટે નાલાયક ગણવામા આવી. તેમજ સમયોચિત શાસ્ત્રકારો સ્વાર્થપરાયણ વૃત્તિને લીધે તેમને નીચી પંક્તિમા મુકવા લાગ્યા તોપણ મુસલમાનોના આરમ્ભકાળમા સ્ત્રીઓની દશા ઘણે દરજ્જે સારી હતી. યવનોની લુટફાટ, અને મારામારીથી સ્ત્રીજીવનપર વધારે ને વધારે અંકુશ મૂકાતો ચાલ્યો પોતાની છોકરીઓ મુસલમાનોના હાથમા ન જાય તે માટે તેમને બાલ્યાવસ્થામા પરણાવી દેવા લોકો લાગ્યા બુરખાનો રિવાજ પણ તે અરસામા દાખલ થયો. સ્ત્રીઓ ઘરમા દ્વારની માફક પુરાઇ રહેવા લાગી પડદાથી તેઓના શીલનુ વધારે રક્ષણ થશે એમ ધારી હજરત પેગમ્બરે ફરમાન કર્યુ કે સ્ત્રીઓએ ચાદરો ઓઢવી. મ્લેચ્છોના સમયમા સ્ત્રીઓ પુરૂષના એક પગરખા બરોબર ગણાતી. હિન્દુઓના બહુ વિવાહને લીધે સ્ત્રી કાંઇ ગણનામા નહોતી. એક ન ગમી તો બીજી એમ તેઓ કરતા હતા. છોકરીને ન્હાની ઉમરમા સાસરે મોકલવાથી સાસુ સસરા, જેઠ જેઠાણી અને નણંદ વગેરેનુ સામ્રાજ્ય જામતું અને પરાધીન તથા દબાયલી રહેતી. તેઓની અધોગતિનો પ્રારમ્ભ આ સમયમા થયો. વિદ્યા કળાની શાંતિના સમયમાં અભિવૃદ્ધિ થાય છે, કાંઇ બખેડાના સમયમા થતી નથી. યવનોની આ અભાગીયા ભારત વર્ષમા પૂર્ણ સત્તા જામતા સુધી મારામારી અને લુટફાટ ચાલી. આવા મારામારીના સમયમા જ્યારે પુરૂષોને બરોબર શિક્ષણ મળતું ન્હોતું ત્યારે સ્ત્રીઓને તો ક્યાંથી મળે? તે સમયની સ્ત્રીઓની સ્થિતિનો ચિતાર નીચેના કેટલાક ઐતિહાસિક દૃષ્ટાન્તો પરથી માલમ પડે છે. ખુશરૂખાન જ્યારે પોતાને અડકવા આવ્યો ત્યારે ઘાયલ થયેલી વાઘણની માફક, પોતે અશક્ત છતા પોતાના પલંગપરથી એકદમ બેઠી થઇ જઈ ખુશરૂને કટાર મારી તેના આંતરડા ખેંચી કાઢનાર શૂરી સરદારની બ્હાદુરી શુ ઓછી પ્રશંસા પાત્ર છે? અહલ્યાબાઈ મલ્હારરાવ હોલ્કરના પુત્ર ખંડેરાવની પત્ની હતી. આ સમયની સામાન્ય સ્ત્રી કરતા તે વિદ્યાભ્યાસમા સારી આગળ વધેલી હતી. તેણે રાજ્યકારભાર ચલાવ્યો છે, ત્રીસ

વર્ષ સુધી તેણે રાજ્ય કર્યું છે, અને તેની કારકીર્દીમા પ્રજા ઘણી આબાદ થઈ. આપનો બહુ વખત નહિ ખોતાં અંગ્રેજોનો સમય તપાસી આપણે આ દશામાથી ફરીથી ઉદય કેવી રીતે મેળવીશુ તે ઉપર વિચાર કરીશુ.

સુજ્ઞ બ્હેનો, અંગ્રેજી રાજ્યની દૃઢ સ્થાપના થયા પછી, સુલેહશાંતિનો સારી રીતે પ્રચાર થયા પછી, કન્યાઓ માટે શાળાઓ સ્થાપવા છતા, **તેઓને** (સ્ત્રીઓને) કેળવણી મળવાનાં દ્વાર ઉઘાડાં થયા છતા પણ હાલ તેઓ લગભગ તેવીજ અધમ સ્થિતિમા છે. લાખ માણુસની વસ્તીમાં ૨૫-૫૦ સ્ત્રીઓ લખી વાચી જાણે છે.

૨૫-૫૦ સ્ત્રીઓ મભાઓમા, પરિષદોમા અને અન્ય જાહેર મેળાવડાઓમાં હાજર થતી દેખાય છે.

લોકો કહેશે કે સ્ત્રીકેળવણીનો પ્રચાર થયો છે પણ ક્યાં શહેરોમાને ! ગામડાઓમા તો તે નહિ જેવાજ છે. હાલ પણ પુત્રીઓને તેટલીજ અવગણના, અને તેટલાજ તિરસ્કારને પાત્ર જાણવામા આવે છે. હાલ પણ કેટલીક બ્હારથી સુધરેલી કોમોમા પણ સ્ત્રીઓને ઢોર માફક ગણવામા આવે છે.

સુશિક્ષિત બ્હેનો, આપણે અનાર્ય વર્ગમાથી આર્ય વર્ગમાં આવવાને માટે ઘણા રસ્તાઓ છે, પરન્તુ બહુ જગ્યા તથા વખત નહિ હોવાથી થોડા શબ્દોમા હુ એક કે બે માર્ગ બતાવીશ.

૧. આપણુ આરોગ્ય, પુરૂષ વર્ગના આરોગ્ય જેટલુજ અગત્યનુ સમજવુ.
૨. આપણા તથા પુરૂષ વર્ગના ખોરાકમા ભેદ ન રાખતા આપણે હલકો, સાદો, અને પુષ્ટિકારક ખોરાક મળે તેવા બન્દોબસ્ત કરવા
૩. ખુલ્લી હવામા ફરવું હરવુ.
૪. મિતાચાર રાખવો.
૫. શરીરશાસ્ત્રના મૂળતત્વો, અને માદગી વખતે ઉપચારો કરવાના નિયમોનુ જ્ઞાન લેવું.

કેટલાક અનિષ્ટકારક સાસારિક રિવાજોમા આપણે પુરૂષોને મદદ કરી શકીયે છીયે.

આપણી ન્યાતમાં કાઇના મરણ પછી કુટવું નહિ એવા રિવાજો કરવામા આવ્યા છે પણ તે સઘળા વ્યર્થ ગયા છે. કારણ એજ છે કે પુરૂષોએ તો રિવાજો કર્યા પણ પાળવા આપણા હાથમાં છે. આપણી ન્યાતમા વળી વર વિક્રયનો રિવાજ પડી ગયો છે. પુરૂષો ના કહે તોપણ છોકરાઓની માઓ છાનામાના રૂપીયા લે છે. તે પણ ખરાબ તથા દુષ્ટ રિવાજ છે. તેને દુર કરવાને માટે આપણે પ્રયત્ન કરવો જોઇએ. આપણી મદદ વગર પુરૂષો શુ કરી શકે ?

માટે બ્હેનો, આપણા દેશ તથા આપણી ન્યાતનુ હિત વા અહિત આપણા પોતા પરજ આધાર રાખે છે. કોઇ પણ દેશની ઉન્નતિ વા અવનતિ તે દેશની સ્ત્રીઓની ઉન્નત કિવા અવનત સ્થિતિ ઉપર અવલબેલી છે. એટલે જે દેશ અગર જમાનાની સ્ત્રીઓની સ્થિતિ સારી, તે દેશ અગર જમાનો એકદર રીતે સુધરેલો હોય છે. હવે આ વિષયનુ બહુ વાર પિષ્ટપેષણ નહિ કરતાં હુ બધ કરીશ.

આપની ન્યાત ઉન્નત થાય એવી ઇશ્વર પ્રત્યે મ્હારી પ્રાર્થના છે. શાંતિ ! શાન્તિ !

પછી "હાલના સમયને તેમ હિંદુ સંસારને અનુસરી સ્ત્રીઓને કેવા પ્રકારની કેળવણી આપવી જોઇએ કે જેથી તેમના મન તથા આત્માનો વિકાસ થાય તેમ પત્ની, માતા, વગેરે તરીકે પોતાની ફરજો તેઓ બરોબર અદા કરી શકે" આ વિષયપર સૌ. ભાનુમતી લલ્લુભાઇએ પોતાનો નિબંધ વાંચ્યો હતો.

સૌ. ભાનુમતીનો નિબંધ.

માનવંતા પ્રમુખ અને સુજ્ઞ તથા સુશિલ બ્હેનો,

હાલના સમયને તેમ આપણા હિંદુસંસારને અનુસરીને આપણે કેવા પ્રકારની કેળવણી લેવી જોઇએ કે જેથી કરીને આપણા મન તથા આત્માનો વિકાસ થાય, તેમ પત્ની, માતા વગેરે તરીકેની આપણી ફરજો આપણે બરાબર બજાવી શકીએ. આ વિષય ઘણો મોટો છે, અને એ ઉપર જેટલુ બોલવા માગીએ તેટલુ બોલી શકાય, પણ લાંબુ બોલવાથી આપ જેવાનો અમૂલ્ય વખત રોકાય, તેથી ટુંકામાં મારા વિચારો જેટલા બતાવી શકાય તેટલા બતાવું છું.

ઇગ્લાંડના મહાન્ દરિઆઈ અમલદાર નેલસનને એક વખત જ્યારે ફ્રાન્સના સરદાર તથા બાહોશ યોદ્ધા નેપોલિયન સાથે પ્રસંગ આવ્યો, તે વખતે તેણે પોતાના માણસોને સુચના કરી કે 'ઇગ્લાંડ દરેક માણસ પોતાની ફરજ બજાવે એવી આશા રાખે છે.' તેજ પ્રમાણે હું આપનું ધ્યાન ખેંચુ છું, કે હિંદમાતા પોતાની દરેક બાલિકા પોતાની ફરજ બરાબર બજાવશે એવી આશા રાખે છે. આપણે કઇ કઈ બાબત ઉપર કેળવણી લેવી જોઇએ તેનો ટુક હેવાલ હું કહુછુ.

અસલના વખતમા કેવા પ્રકારની કેળવણી અપાતી હતી, અને તે કેળવણીથી અસલની સ્ત્રીઓનાં મન તથા આત્માનો વિકાસ કેવો પામેલો, તથા પત્ની, માતા વગેરે તરીકે પોતાની ફરજો બજાવવા કેવા પ્રકારની કેળવણી લીધેલી તે સીતાજી, દમયતી, દ્રૌપદી, કૌશલ્યા વગેરે સતી માતાઓના ઇતિહાસ વાચવાથી માલમ પડે છે. પહેલાના વખતમા ઘણા ઉચા પ્રકારની અને વ્યવહારૂપયોગી કેળવણી અપાતી હતી. તે સતીઓના વૃત્તાતથી આપણે જાણીએ છીએ. તે વખતમા કન્યાશાળાઓ તથા શિક્ષકો નહોતા. આપણું ઘર એજ કન્યાશાળા, અને આપણી માતા એજ આપણી શિક્ષક, અને જે કેળવણી માતા ઘર આગળ આપી શકતી હતી, તે હાલમા કોઈ પણ આપી શકતુ નથી. પોતે પુરા કેળવાયલા ન હોય, તો પછી ઘરમા પોતાના બાળકને કેવી રીતે કેળવણી આપી શકે?

હાલમાં આપણી શાળાઓમા જે કેળવણી અપાય છે, તેથી સતોષ માનીને તેજ કેળવણી છે, અને એથી વધુ કેળવણીની જરૂર નથી, એવુ ઘણાક માનેછે, પણ તેમ નહિ થતા દરેક જણે પોતાને, પોતાના પતિને, તેમ સાસરીઆ, પીએરીઆ તથા અન્ય સગા વહાલાને સુખી કરવા, તેમજ પોતે જે સ્થિતિમા છે તેજ સ્થિતિનુ જ્ઞાન મેળવી, આપણા બાળકો, કે જેના ઉપર આપણી, આપણા કુટુમ્બની, તેમ દેશની ઉન્નતિનો આધાર છે, તેમને કેવા પ્રકારની કેળવણી આપવી, એ સમજી આ સસાર જે દુખમય કહેવાય છે, તેને સુખમય કરી પોતાની ફરજ બરાબર બજાવીને પોતાના પતિની તથા કુટુમ્બની ઉન્નતિ કરી સુખ આપી તેમને મોક્ષ અપાવવો, અને એ જ્ઞાન મેળવવાને જે કેળવણી જોઇએ તેજ કેળવણી એમ કહીએ તો ચાલે. કેળવણી સ્ત્રીઓને તેઓનુ કર્ત્તવ્ય સમજાવે છે.

હાલના વખતમા પણ અસલના જેવી કેળવણી આપવાને જાપાનમા એક પાઠશાળા નીકળેલી છે. જે કેળવણી આપણી માતાઓ પહેલાના વખતમાં આપતી હતી. સુંદરી સુ-

બોધના ચાલુ સાલના પુસ્તક સાતમામાં જાપાનમાં નીકળેલી સ્ત્રીઓની યુનિવર્સિટી સ્થાપવામાં આવેલી છે. તેનું અને તેમાં સ્ત્રીઓને શીખવવામાં આવતા વિષયોનું વર્ણન આપેલું છે તે વાંચ્યાથી તેનો આપણને કંઇક ખ્યાલ આવશે. અત્રે શાળામાં વાંચતાં લખતાં વગેરે સામાન્ય જ્ઞાન આપવામાં આવે છે, પણ જાપાનમાં તો જાપાનની પુત્રીઓને ઉંચા પ્રકારની કેળવણી આપી પત્ની, માતા, સ્ત્રીઓ તરીકે એમનાં કેવા કર્ત્તવ્ય જોઇએ અને તેમના પતિના અને જગતના સુખને માટે વિચાર અને જ્ઞાન કેવા જોઇએ તેનુ શીક્ષણ આપવામા આવે છે. જાપાનમા નીતિ, વ્યવહારિક નીતિ શાસ્ત્ર, શીવણ, કસરત, ગૃહકળા વગેરે બાબતની કેળવણી આપવામાં આવે છે. જેમાંની એક પણ આપણે ત્યાંની શાળાઓમાં અપાતી નથી. આપણને આપણા દેશના ઇતિહાસનુ જ્ઞાન નથી, તો પારકા દેશનુ જ્ઞાન ક્યાથી હોય! આ સસારમાં સુખ લેવાને તથા પોતાના સબધીને સુખ આપવાને આપણે નીચેની બાબત ઉપર કેળવણી લેવાની ખાસ જરૂર છે.

પતિ પ્રત્યે ભાવના તથા આચરણ.

કુટુબના બીજા મનુષ્ય તરફ પ્રીતિ, નીતિ, ગૃહકળા, સતોષ સહનશીલતા, સુશિલપણું, સ્વચ્છતા, સભ્યતા, નિયમિતપણું અને વખતનો સદુપયોગ કરવો.

આપણામા એક સામાન્ય પણ ખરેખરી અમૂલ્ય કહેવત છે કે "વરે માની તેને ઘરે માની" અને "ઘરે માની તેને ગામે માની" દરેક જણાએ પોતાના પતિની પ્રીતિ સપાદાન કરવાને વાસ્તે હરેક રીતે યત્ન કરવો. પતિ રાજી તો ઇશ્વર રાજી. એમના મનની લાગણી દુઃખવીને કોઇ પણ કૃત્ય કરવું નહિ. પતિની પ્રીતિ એજ નારી જાતિનુ સૌભાગ્ય છે. આપણામા ઘણા બલ્કે દરેક જણ વ્રત ઉપવાસ કરે છે. હુ તેનાથી વિરૂદ્ધ નથી, તેમ તે કરવાને ના કહેતી નથી, પણ જો પતિ એનાથી વિરૂદ્ધ હોય તો તેમનુ મન દુખી કરવુ નહિ સ્વામીની સેવા ચાકરી તેમ તેમનુ મન પ્રસન્ન કરવાથીજ સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. સ્વામી જીવતા હોય છતા તેમનુ મન દુખી કરીને જે સ્ત્રીઓ વ્રત કરે છે તે સ્વામીના આયુષ્યને હરણ કરે છે, એવુ આપણું ધર્મ પુસ્તક વિષ્ણુ સહિતા જણાવ છે. માટે દરેક સ્ત્રીએ પોતાના પતિની પ્રીતિ મેળવવાને યત્ન કરવો. એવી કઇ સ્ત્રી છે, કે જેને પોતાના પતિની પ્રીતિ મેળવવા ઇચ્છા નહિ હોય! પતિના પ્રત્યે કર્ત્તવ્યની કઇ મુકરર હદ બધાઈ શકાય એમ નથી. પતિની પ્રીતિ મેળવવાના ઘણા સાધનો છે.

કેટલીક સ્ત્રીઓ પોતાના પતિને વશ કરવા દોરા, ચીઠીઓ કરે છે, ભુવાજતી સાધે છે, અને દુષ્ટ વહેમી કૃત્યો કરે છે. એવા કૃત્યોથી કાઇ થતું નથી, અને ધુતારા લોકોને ઉત્તેજન આપવા જેવું છે. એથી પતિની પ્રીતિ મળે છે એવું અભણ અને બીનકેળવાયલી અનાડી સ્ત્રીઓ માને છે. પતિને પ્રિય લાગે એવા કાર્ય કરવાથી, નમ્ર સ્વભાવથી, પતિને ધર્મમાં તથા કર્મમા મદદ કરવાથી, પતિની સ્થિતિનો વિચાર કર્યા વગર, અગર તેમનુ મન દુખવીને ઘરેણા ગાંઠા પહેરવાનો શોખ હોય છે, તે તજી દેવાથી, પતિની આગતા સ્વાગતા, પતિના દુ:ખે દુ:ખ અને સુખે સુખ જાણવાથી, પોતાનુ સતીત્વ જાળવવાથી, પતિના ઘરમા યોગ્ય વ્યવસ્થા રાખ ી, તેમ વખતનો સદ્ઉપયોગ કરવાથી, પતિ હમેશાં રાજી રહે છે, અને એવાજ કુટુબ આ સસારનુ સુખ ભોગવી પરલોકમાં મોક્ષ મેળવે છે અને તેઓના આત્માનુ કલ્યાણ થાય છે. જેનુ ઘર આનદયુક્ત, જેના પુત્ર બુદ્ધિમાન છે, જે સ્ત્રી સદા મીઠુ બોલનારી છે, તેવા કુટુબ સુખી થાય છે. પતિ જો ઉગ્ર સ્વભાવના હોય, અગર દુ-

રાચરણી હોય તોપણ આપણે તેમની પ્રત્યે કદી તિરસ્કાર વૃત્તિથી જોવું નહિ, પણ નરમાશથી વખતને અનુસરીને બોધ આપી સુધારવાનો પ્રયત્ન કરવો. સતીની ગતિ પતિની સાથે છે. સ્ત્રીની પદવી સંસારમાં પહેલી છે, અને ગૃહરાજ્યમાં પ્રધાન છે, એટલે ગૃહસંસાર ચલાવવામાં સ્ત્રીની સલાહથી સર્વ કાર્ય થાય છે. સર્વ ધર્મનો મૂળ પાયો સ્ત્રી છે. નીતિના બંધનમાં, સંસારી સંબંધમાં, તેમજ કુટુંબના બંધનમાં મુખ્ય છે. ઘર એજ આપણું રાજ્ય છે, જ્યાં, જો આપણામાં સારા ગુણો હશે તો સ્વતંત્ર સુખશાંતિમાં રાજ્ય ભોગવીશું માટે આવી બાબતમાં કેળવણી લેવાની ખાસ જરૂર છે.

સ્ત્રીની મોટામાં મોટી ફરજ પોતાનું સતીત્વ બરાબર જાળવવું એજ છે, અને તે જાળવવા જે જે નિયમો હોય તે પાળવા, અને ભારે સંકટ પડવા છતાં પણ તેને જાળવી રાખવી. આગળના વખતમાં કટલીક સતીઓને પોતાનું સતીત્વપણું સાચવવાને કેટલુંક દુઃખ વઠવું પડયું છે, અને કેવા સંકટમા આવી ગયાં હતાં, અને તેમાંથી કેવી રીતે બચેલા, તે આપણે ઇતિહાસ, વાર્તા તથા કથાઓમાથી વાંચેલુ છે. અને સાભળેલુ છે, આ ફરજ પોતે બરાબર સમજે એવી કેળવણી સ્ત્રીઓને આપવી જોઇએ.

પોતાને પોતાના પતિથી સ્ત્રીએ કદી પણ ચઢતા અથવા ઉચા ધારવું નહિ, અને દરેક રીતે એમને સુખી કરવાનો પ્રયત્ન કરવો. કેટલીક સ્ત્રીઓ કકાસ કરી પતિને દુખ આપે છે. જે વખતે પોતાના પતિ બહારથી પોતાના કામ ધંધેથી ઘેર આવે છે, કે તુરત કેટલીક સ્ત્રીઓને તેમને શાંતિ આપવાને બદલે પોતાનુ ભાગવત ચલાવે છે, અને સાસુ, નણદ વગેરેની કેટલીક ઘરની કુથલીઓ કાઢે છે, અને કેટલીક તો ધણીને પણ ધમકાવે છે આવા સ્વભાવ આપણી નાતમાથી ઘણો ખરો નાબુદ થયો છે, અને જુજજાજ છુપો છવાયો છે તે ધીરે ધીરે નાબુદ થશે.

આપણા ઘરમા સાસુ, સસરા, માતાપિતા તથા બીજા મનુષ્ય તરફ કેવી રીતે વર્ત્તવુ એ બાબત પુરતી કેળવણી આપવી જોઇએ.

હમેશ સંસારમા વડીલોનુ માન રાખવુ, અને તેમના મનરંજન થાય એવી રીતે સભ્યતાથી, મીઠાસથી અને નરમાશથી કામ કરવુ, અને જે કામ સોપે તે હોશથી અને ઉમંગથી કરવુ. આપણુ કામ કરવા ઉપરાત તેમના કામમા તેમને મદદ કરવી.

જો આપણામા સારા સદ્‌ગુણો હશે તો એજ વડીલો આપણને મદદગાર થશે. એજ સાસુ નણદ વગેરે આપણો ભાર ઓછો કરશે. સાસુ સસરા માતાપીતા સમાન છે, અને સાસુ સસરાને પુત્રવધુ પુત્રી સમાન છે. કેટલીક સાસુઓ વહુ તરફ ઘરની ચાકરડી હોય એમ વર્તે છે, અને દિવસમા પાચ પચીશ વખત પીઅરીયાના અવગુણ દોષ કાઢીને સંભળાવે છે કહેવત મુજબ 'સાસુ ભાગે તે કલેડાં ને વહુ ભાગે તે ઠીકરાં' એવુ કેટલેક ઠેકાણે જોવામા આવે છે. એવે પ્રસંગે નરમાશથી, મીઠાસથી, તેઓનો સ્વભાવ બદલાવવાને કોશીશ કરવી. સાસુમાં તેમ સસરા વગેરે વડીલોમાં દોષ છતા પણ તેમના તરફ પૂજ્યભાવથી જોવુ એજ આપણી ફરજ. ઘરમા આપણાથી નાના ભાઇઓ તરફ પ્રીતિભાવથી વર્તવું.

નીતિથી ઘર ચલાવવું એ પણ કેળવણીનો ભાગ છે. નીતિથી સદા કુટુંબ સુખી થાય છે દરેક ઝીણી ઝીણી બાબતમા નીતિ કરવાથી મોટી બાબતમાં નીતિથી ચાલવાની આપણામા ટેવ પડશે. સંસારના વહેવારમા પૈસાની ખાસ જરૂર છે. દરેક જણની સ્થિતિ સરખી હોતી નથી. પોતાના ધણીની ઉપજમાંથી કેટલુ બચાવી શકાય, અને બચાવવું

જોઇએ, તે નક્કીપણે કહી શકાય નહિ, પણ એટલુ તો નક્કી કે જેમ બને તેમ નીતિસર રહીને ઉપજમાંથી કાંઇ બચાવ કરવો જોઇએ.

ગૃહકળા **એટલે ઘરમાં દરેક ચીજની વ્યવસ્થા** કેમ રાખવી, **ઘરમાં ચાકર** નોકર સાથે કેમ વર્તવું, એ પણ કેળવણીનો મુખ્ય વિભાગ છે. એ બાબત ઉપર જરા ટુંકમાં વિચાર કરીએ

પુરૂષો કરતાં સ્ત્રીઓને ઘર સાથે વધારે સબધ રહે છે. તેથી કરીને એમનેજ ઘરની બાબતમાં વધારે નજર રાખવાની જરૂર છે. ઘરના દરેક ઓરડા સ્વચ્છ રાખવા, રસોઇનો જોઇતો સામાન તથા બીજી વસ્તુઓ યોગ્ય જગ્યાએ બરાબર સ્વચ્છ રાખવી. તેમ અનાજ પણ બારીકાઇથી સાફ કરી ધોઇને રસોઇના કામમાં લેવા. કપડાં, બીછાનુ વગેરે સ્વચ્છ રાખવું. માણુસ ચાકરો વગેરે સાથે ઘણી નરમાશથી તેમજ મીઠાસથી કામ લેવું, પણ તેની સાથે હદની બહાર છુટથી વર્તવું નહિ, અને તેમને પણ છુટ આપવી નહિ. એમને આળસુ થવા દેવા નહિ. અને તેમની પાસેથી સખત કામ પણ લેવું નહિ.

દરેક સ્ત્રીઓએ સતોષમા રહેવું. જે વસ્તુ પોતાને મળી હોય તેમાં સતોષ માનવો. બીજાના દેખાદેખ પોતાના તે પ્રમાણે મળે તેવી ઇચ્છા રાખી અસતોષી થવુ નહિ. પોતાના પતિની સ્થિતિ જોઇ તેમની જે સ્થિતિ હોય તેમા નિભાવ કરી સુખ માનવું. દર દાગીના, લુગડાં વગેરે કરાવવાનુ મન થાય છે તે સ્વાભાવિક છે, પણ દરેક પગલા સ્થિતિના વિચાર કરીને ભરવા. બીજુ પોતાનો પતિ ગમે તે સ્થિતિમા હોય પણ તેથી નારાજ થવું નહિ, પણ સતોષ માનવો જોઇએ. એ બાબત મન ઉપર લાવવી જોઇએ નહિ. મન પર લાવીએ તો દુખી થવાય છે. **"સતીને મન તો પતિ એજ ઇશ્વર છે."**

સહન શક્તિ એજ સ્ત્રીઓનુ મુખ્ય સુખનુ સાધન છે. જ્યારથી પુત્રી જન્મ લે છે ત્યારથી લગભગ બધી ઉમર જતા સુધી પરતત્ર છે એમ કહીએ તો ચાલે. પરણુતા પહેલાં તેમ પરણ્યા પછી પણ એજ સ્થિતિ છે, અને તેથી કરીને આપણામા સહન કરવાની શક્તિ હોવી જાઇએ. આ ગુણ આપણામા હશે તો આ સંસારમા જે કજીઆ કકાસ વગેરે થાય છે, તે દૂર કરી શકીશુ.

સ્ત્રીઓને પોતાના પતિના તેમ પોતાના કુટુબના કલ્યાણને અર્થે ધર્મની કેળવણી લેવાની જરૂર છે. ઇશ્વર સ્તુતિમાં ઓછામા ઓછો એક કલાક ગાળવો જોઇએ. ઇશ્વરનુ એક ચિત્તથી તથા ભક્તિભાવથી સ્મરણ કરવુ જોઇએ. સ્ત્રીઓને પોતાના ધર્મના નિયમો ઘણી સાદાઇથી તેમજ સહેલાઇથી સમજી શકાય તેવી રીતે શીખવવા. મહાભારત અને રામાયણ જે વાર્ત્તારૂપે ગુજરાતી ભાષામા લખાયલા છે, તેમાથી સારા દષ્ટાતો લઇને પોતાના મનની વાણી તથા કર્મની વૃત્તિઓ શુદ્ધ થાય એવી રીતે બોધ લઇ તે પ્રમાણે વર્તવાની કોશિષ કરવી જોઇએ. ઉપર બતાવ્યા ઉપરાત સ્ત્રીઓના એટલે આપણા મુખ્ય બીજા ધર્મ છે. જેવા કે હરેક પ્રકારે સત્ય બોલવુ. કોઇએ આપણા તરફ અપરાધ કરેલો હોય, તો તેને અતઃકરણથી ક્ષમા આપવી, દયા રાખવી, વડીલો તેમ ગુરૂ તરફ પૂજ્યભાવ રાખવો. મન, વચન અને કાયાથી શુદ્ધ રહેવું, હરેક પ્રકારે સારૂ જ્ઞાન મેળવવાને સમય કાઢવો.

આ શિવાય અને ઉપર લખેલી દરેક બાબત ઉપર જુદુ જુદુ લખતાં ઘણું લખાણુ થાય, અને વિષયની બહાર જવાય, તેથી દરેક વિષય ઉપર ન બોલતાં મારે ખાસ કરીને એટલુજ કહેવાનુ છે કે આપણે હમેશા ઉપર બતાવેલી બાબતમાં પૂરતુ લક્ષ આપી, પ્રિય-

વાદી રહેવું, સુશીલપણા ઉપર તથા સ્વચ્છતા ઉપર ધ્યાન આપવું જોઇએ, અને એમ કરવાથી સુખ ભોગવી પોતાના પતિને તેમ પોતાના ભાઇભાંડુ, કુટુંબ વગેરેને સુખ આપીશુ અને આપણા બાળકો પણ સારાં નીવડશે.

સતતિ એ સંસારમાં મોટું સુખ છે, એવું સામાન્ય મનાય છે. તેજ ઘરની શોભા વધારે છે, અને એજ ઘટાડે છે. દરેક પોતાની સતતિ સારી નીવડે એવી આશા રાખે છે, અને તે ફળીભૂત કરવી, અથવા નિષ્ફળ કરવી એ માતાનાજ હાથમા છે. બાલ્યાવસ્થામા ઘણોખરો સબધ પોતાની માતા સાથે બાળકોનો રહે છે, તે વખતમા કર્ત્તવ્યની બરાબર સમજ આપણે રાખવી જોઇએ. એક સારી કેળવાયલી મા બીજા સો શિક્ષકની બરાબર છે. વિચાર કરતા બાળકોને મુખ્ય બે પ્રકારની કેળવણી આપવાની જરૂર છે.

(૧) તેઓના શરીર નિરોગી અને મજબુત કેમ થાય તે અને (૨) ગૃહ કેળવણી. એટલે આ દુનીઆમા પોતાના તથા પોતાના કુટુંબના ગુજરાન ચલાવવાને પૈસા પેદા કરવાના સાધનને માટે જે કેળવણી લેવી પડે તે કેળવણી

બાળકોના શરીર મજબુત તથા નિરોગી કેમ થાય તેની કેળવણી માતાએ પહેલા લેવી. જે લીધાથી પોતે પણ પોતાના બાળકને તે પ્રમાણે કરવાની કેળવણી આપી શકશે. આપણને જ્યારથી સતતિ ગર્ભસ્થાનમા રહે છે, ત્યારથી કેટલાક નિયમ પાળવાના છે, અને તે પ્રમાણે વર્તવાથી સતતિ નિરોગી તથા મજબુત થાય છે. એમાના કેટલાક નિયમો આપણા ઘરમા વડીલ હોય છે તે જાણે છે, અને તે પ્રમાણે વર્ત્તવાને સુચના પણ આપવામા આવે છે, તે કોઇથી અજાણ્યુ નથી. કટલા નિયમ પાળવા જોઇએ તે હાલના વખતમા કેટલીક ચોપડીઓમા પણ લખવામા આવેછે. બાળકના જન્મ પછી બાળકના ખોરાક વાસ્તે પુરતી કાળજી રાખવાની જરૂર છે બાળકને પાચન થાય તેટલુજ દૂધ તેમને આપવુ જોઇએ. આ બાબતમા ઘણે એવુ થાય છે, કે બાળક કોઇ પણ કારણસર રડે છે, તો માતા કોઇ પણ કારણ જોયા વગર દૂધ આપ્યા કરે છે પોતાના કામમા ખલેલ ન પોહોચે તેટલા સારૂ બાળકને વારેઘડીએ ઘોડીઆમા તથા પારણામા સુવાડે છે. તેમ કરવાથી બાળકના શરીરને બિગાડ થાય છે બાળક નાના હોય ત્યા સુધી માતાએ અગર બીજા કોઇ ઘરના માણસોએ જરા સ્વચ્છ હવા સારૂ બહાર ફેરવવા જોઇએ. અને જરા મોટા થાય તોપણ સારી સોબતમા અગર સારી દેખરેખ નીચે ખુલ્લી હવામા બહાર મોકલવા જોઇએ તેઓના શરીરને સુધારવા ખાતર માતાએ તેઓનુ બિછાનુ, દૂધ, ખોરાક તથા કપડા વગેરે સ્વચ્છ રાખવા જોઇએ. બાળકના શરીરનુ બધારણ મજબુત થાય તેને વાસ્તે તેના શરીરના પ્રમાણમા તેને અગકસરતને વાસ્તે તેઓને દોરતા રહેવુ જોઇએ. કેટલાક છોકરાઓ ઘરમા રહીને કુકામ કરતા શીખે છે, અને બહાર જાય છે તો શેરીમા ગમે તેવાઓની સોબતમા ગમે તેમ કુદે છે, અને બીજા અપલક્ષણ શીખે છે આ બાબત ઉપર આપણે ઘણા બેદરકાર રહીએ છીએ, જેમાથી ઘણાજ માઠા પરિણામ આવે છે, અને પોતાની ભુલોનો પોતાનેજ પસ્તાવો થાય છે અને તેના પરિણામના ફળ પોતાને તથા છોકરાઓને ચાખવા પડે છે. છોકરાઓને સારી સોબત મળે એ ઉપર ઘણુ લક્ષ આપવાનુ છે. ઘરમાં પણ છોકરાઓને સારો બોધ આપતા જવુ, અને તેમની બુદ્ધિ ખીલે અને સારે માર્ગે ચાલે એવી શીખામણ આપવી જોઇએ, અને પોતે પણ સારી રીતે વર્ત્તવું જોઇએ, કારણ કે બાળકને અનુકરણ કરવાની ટેવ હોય છે. બાળવયમા બુદ્ધિ ઘણી સારી હોય છે, અને તેની સાથે જે કાંઈ બાબત બાળકને બતાવવામાં આવે છે, અગર જે કાઇ પોતે દેખે છે તેનુ અનુકરણ બાળક જલદીથી કરે છે. સારી સારી

બાબત ઉપર તેઓનુ ધ્યાન ખેચીને તેઓમા જે અનુકરણ શક્તિ હોય છે, તે વધારવાને માટે પ્રયત્ન કરવો. આવા પ્રકારનુ જ્ઞાન આપતી વખતે બાળકની જ્ઞાન મેળવવાની શક્તિ પણ જોવી જોઇએ. બાળકને સમય પ્રમાણે વર્તીને પોતાનો રસ્તો કરી લે એટલે સમયસૂચકતા વાપરવાની ટેવ નાહાનપણથી શીખવવી જોઇએ. આમ થવાથી બાળકની ચપળતા વધે. બાળકની કોઈ પણ રીતની મોટી તથા નાની ખરાબ ટેવ પડતી હોય તો બાળક નાદાન છે, શું સમજે, એમ ધારીને તેઓપર બેદરકાર રહેવું નહિ.

બાળક જેમ મોટા થતા જાય તેમ તેમ તેઓમાં સભ્યતા, શાંતપણુ, નિયમિતપણુ વગેરે જે મનુષ્યને આગળ ઉપર પોતાની જીદગીના સુખને માટે તથા માન આબરૂ મેળ-વવાને વાસ્તે જે કાંઈ સાધનો જોઇએ તે સાધનો શીખવવા જોઇએ.

ઉપર જે કાઇ મેં લખેલુ છે, તે બાબતમા ઘણુ બોલાય ખરૂ પણ વખતનો વિચાર કરી તેમાં જેમ બને તેમ ટુંકુ કરવાનુ દુરસ્ત ધારીને ટુકુ કરેલુ છે. અને મારી નમ્ર વિનતી છે કે ઉપરની દરેક બાબત ઉપર લક્ષ રાખીને કેળવણી અપાશે, તો સુખી થવાશે.

આ વિષય લખવામા જે ભુલચુક થઇ હોય અથવા કાંઇ વતુઓછુ લખાયુ હોય તો સર્વ બ્હેનો દરગુજર કરશો.

સૌ. ભાનુમતીનો નિબધ વચાઇ રહ્યા બાદ "સ્ત્રીઓના તથા બાળકોના શરીર નીરોગી તથા તદુરસ્ત રાખવાની કેટલીક સામાન્ય સુચનાઓ" એ વિષયપર સૌ. કપીલા કશરીપ્રસાદે પોતાનો નિબધ વાંચ્યો હતો.

સૌ. કપીલા કેશરીપ્રસાદનો નિબંધ.

"સ્ત્રીઓ તથા બાળકો શરીરે તંદુરસ્ત તથા નિરોગી શી રીતે રહી શકે?"

સુજ્ઞ બ્હેનો,

આજની આપણી પરિષદ્‌મા વાચવાનો ટુકો લેખ લખવાને જે આ મારી અલ્પ બુદ્ધિથી મે પ્રયત્ન કર્યો છે તે આપ સર્વ બ્હેનો ધ્યાનપૂર્વક સાભળશો. જો કે આ વિષય ઘણો મહોટો છે અને તે સબધી જેટલુ લખીએ તેટલું થોડુ છે. અને તેમા ભૂલચુક હોય તો માફી આપશો. મારો વિષય, "સ્ત્રીઓના તથા બાળકોના શરીર નિરોગી એટલે કોઇ પણ રોગ સિવાયના તથા તનદુરસ્ત એટલે તદન સારાં કેવી રીતે રાખી શકાય," તે બાબતનો છે.

બાળકોના નાની ઉમરથી શરીરના બાંધા મજબુત અને કસાયલા હોય તો આગળ ઉપર મોટી ઉમરે તેમના શરીર નિરોગી રહી શકે અને નિરોગી રાખવા સારૂ નીચલી બાબતો ઘણી અગત્યની છે.

બાળક અવતરે ત્યારથીજ તેને ધવડાવવુ તથા બાળકની માવજત કરવી અને નિય મસર નવડાવવુ. ઋતુના ફેરફાર પ્રમાણે કપડા પહેરાવવા.

કેટલીક અણસમજુ માતાઓ સમજે છે કે પોતાના બાળકોના શરીર ઘી, ગોળ, તથા મધ વિગેરે ચાટણા ચટાડવાથી તાજીદે વધે છે અને મજબુત થાય છે, પણ તે સમજવુ ભુલ ભરેલુ છે, આ અણસમજુ રિવાજથી બાળકોને તે ખોરાક નહિ પચવાથી, ઝાડો, ઉલટી, આંકડી વિગેરે ઘણાં દરદો ઉત્પન્ન થાય છે, અને શરીર ધીમે ધીમે ઘસાતું જાય છે, અને આખરે તેઓ મરણને શરણ થાય છે.

માતાના ધાવણમાં બાળકના શરીરને નિરોગી રાખી શકવાને વાસ્તે જોઇતી દરેક

ચીજો મહાન કૃપાળુ પરમેશ્વરે પુરી પાડેલી છે, માતાના દુધમાં ઘી, ચરબી, અને મીઠાસને સારૂ ખાંડ, ખાર અને પાણી અમુક પ્રમાણમા છે.

જ્યા સુધી બાળકને દાત આવ્યા નથી ત્યા સુધી જો માતાનુ દુધ પુરતું આવતું હોય તો બીજો કોઇ પણ ખોરાક આપવો નહિ. અને તે આપવાથી શરીરને નુકશાન કરે છે, અને માતાનુ દુધ પુરતું આવતુ ન હોય અગર તેઓ રોગિષ્ટ હોય તો અમુક ડાક્ટર તથા વૈદ્યની સલાહ લેવી, અને તેમની સલાહ મુજબ કરવુ

દાત આવ્યા પછી બાળકને હલકો અને પોચો ખોરાક આપવો શરૂ કરવો અને ઉમર ના વધવાના પ્રમાણમાં તે ખોરાકમા ફેરફાર કરવો.

એક બે અઠવાડીએ ઓછામા ઓછો એક જુલાબ આપવો જોઇએ કેમકે અપચો તથા પેટમા ભાર થયો હશે, તો જુલાબ આપવાથી દુર થશે અને નિરોગી રહેશે, દિવેલ તથા ઘમાસાનો (હેડ, કરીયાતુ, હિકામાળી, અને મચળ) જુલાબ આપવો ઘણો સારો છે

બાળકને નિયમસર નહિ નવડાવાથી શરીરમાથી દુર્ગંધ નીકળે છે, શરીરમાના છિદ્રો પુરાઇ જાય છે, અને તેમાથી નીકળતો મેલ બહાર નીકળી નહિ શકવાથી, શરીર ગધાય છે અને ગડગુમડા નીકળે છે અને શરીર રોગિષ્ટ થાય છે.

ઉપલી બતાવેલી રીતોથી બાળકોના શરીર નિરોગી અને તનદુરસ્ત રહે છે. બીજી ઘણી રીતો છે પણ મારી બુદ્ધી પ્રમાણે જેટલી આવડી તેટલી મે આપી છે

સ્ત્રીઓના શરીર નિરોગી અને તનદુરસ્ત રાખવાને નિચે લખેલી ટૂક સૂચના અગત્યની છે સ્ત્રીઓને બાલ્યાવસ્થામાંથીજ શરીર સારૂ રાખવાની જરૂર છે, નાની ઉમરમા શરીરને કસવાની જરૂર છે અને તે બરાબર કસાયલુ હોય તો મોટી ઉમરમા શરીર સારૂ રહે છે, બાળાઓને ઘર કામ કરવુ એ કસરત નિમિત્તે તેઓને ખાસ જરૂરનુ છે. ઘરના દરેક નાના મોટા કામમા શરીરના દરેક ભાગમા જોઇતી કસરત મળે છે

દરેક સ્ત્રી પોતે તવગર હોય અગર ગરીબ હોય તો કામ કરવાને માટે, ગરીબાઇને લીધે ઓછુ લાવવુ નહિ તેમજ શરમાવુ નહિ, તેમજ તવગરે મોટાઇને લીધે પોતાનુ ઘર કામ છોડી દેવુ નહિ, ચાકર નોકર ભલે ઘરમા હોય તોપણ કામ કરવુ એમા કાઇ પોતાની હલકાઇ દેખાતી નથી, એમા શરીર સુધરે છે, કારણ કે તનદુરસ્તી એજ દોલત છે, તનદુરસ્તી સિવાય બધુ નકામુ છે. આપણામા એક કહેવત છે કે "પહેલુ સુખ તે જાતે નર્યા" શરીર સુખ એ અનેક સુખોમાનુ પહેલુ સુખ છે, કુટુબ દરેક વાતે સુખી હશે, અને શરીરે આરોગ્ય નહિ હોય તો સર્વે સુખ નકામા છે, કવિ દલપતરામે કહ્યુ છે કે—

શરીરે સુખી તો સુખી સર્વે વાતે,
શરીરે દુખી તો દુખી છે સદા તે.

આરોગ્ય શિવાય સર્વે સુખ સાધનો એક એકડા વિના સો મીડા જેવા છે. સ્ત્રી નિરોગી હશે તો ભવિષ્યની પ્રજા પણ નિરોગી થશે, અને સ્ત્રી રોગિષ્ટ હશે તો ભવિષ્યની પ્રજા રોગિષ્ટ થશે. કહેવત છે કે "ઘડો એવી ઠીકરી અને મા તેવી દીકરી."

રહેવાનુ ઘર ખુલ્લી હવામા હોવુ જોઇએ, ઘરમાં ભેજ ન રહે તેના માટે કાળજી રાખવી જોઇએ.

ઘરની આસપાસ ગદકી ન રહેવી જોઇએ.

પહેરવાના લૂગડા સારાં અને સ્વચ્છ જોઇએ, ખોરાક પણ નિયમિત અને પચે એવો જોઇએ. ઘણીક સ્ત્રીઓને એવી ટેવ હોય છે કે, ઘરમાં ચાકર નોકર હોય છે, ત્યારે ઘરમા બેઠા બેઠા ખાઇને શરીર બગાડે છે. તે ટેવ તદ્દન ખોટી છે, ખાધા પછી આમ તેમ આટા મારવાથી ખાધુ પચી જાય છે અને તેમના શરીરમા રોગ દેખાવામા આવતો નથી. ઘણીક સ્ત્રીઓ ખાઇને તરત સૂઇ જાય છે તેથી તેમના શરીર બગડે છે માટે ખાઇને સૂઇ જવુ નહિ.

માટે સવાર સાજ ખુલ્લા હવાનો લાભ લેવાને બ્હાર જવાની જરૂર છે, વળી હાલમા કોઇ કહેશે કે, પહેલાના લોકો બ્હાર ફરવા કયા જતા હતા? તે વખતની બાળાઓ તથા સ્ત્રીઓ નદીએ નહાવા જતી હતી અને તેમજ ઘરનુ સર્વે કામકાજ કરતી હતી તેથી ઉપલી ગરજ સરતી હતી તે ઉપરાત મકાનો પણ ગીચ વસ્તીમાં અને ગલીચી વસ્તીમા નહતા તેથી દરેક મકાનમા ચોખ્ખી તથા ખુલ્લી હવા આવી શક્તી હતી. તેથી પણ તેમના શરીર સારા રહેતા હતા. હાલ જેને પ્રભુ કૃપાથી ગાડીઘોડામા ફરી શકે એવી સ્થિતિ છે, તેઓએ અવસ્ય કરીને અનુકૂળ વખતે બ્હારજઇ ખુલ્લી ચોખ્ખી હવાના લાભ લેવા જોઇએ. તે શીવાય બીજા લોકોએ પોતાના ઘરનુ કામકાજ પરવારીને પોતાના વડીલોની સાથે વખતો વખત તહેવારના દિવસે નદીએ તથા તળાવે ના'વા જવાનો પરિચય રાખવો જોઇએ. તથા આ બધા રિવાજો નાબુદ થઈ ગયા છે, આ રિવાજો આપણામા હતા તે ઘણાજ જરૂરના હતા, આ રિવાજોથી શરીર તનદુરસ્ત રહેશે એમ મારૂ ધારવું છે, બાળાઓને અગ કસરતો કરવાની ખાસ જરૂર છે, સ્ત્રીઓની કલબો થાય કે જ્યા ગરબા ગવાય, ટેનીસ જેવી રમતો રમાય ત્યા લાયબ્રેરી હોયતો વચાય, સ્ત્રીઓ સાથે જ્ઞાન ચર્ચાય તેવી યોજના થાય તો સારૂ, સ્ત્રી તથા પુરૂષોએ લાબા વખત સુધી બ્રહ્મચર્ય પાળવાથી તેઓના તથા તેમનાં બાળકોના શરીર નિરોગી તથા તનદુરસ્ત રહેશે.

મોટી ઉમર સુધી સાસરે જવાનુ ન થાય એટલે દશથી અઢાર વર્ષ સુધી શરીર સુધારવાનો, મન સુધારવાનો અને કેલવણી લેવાનો લાભ મળે તે દરમ્યાન કસરત વિગેરેથી શરીર સુધરે.

છોકરીઓ નાની હોય ત્યારે ઘર કામથી જે શરીર ખીલે છે તે ઉપરાત શાસ્ત્રીય રીતેની કસરત પણ કરાવી હોય તો શરીરના બધા અવયવ સપૂર્ણ રીતે ખીલે, કુદવાનું મગદળીઆ ફેરવવાનુ, દડપીલવાનુ, બેઠકો વિગેરેની કસરત નાની ઉમરની છોકરીઓને નિયમસર કરાવી હોય તો બહુ સારૂ,

યોગ્ય ઉમરે થતા રૂતુના વખતે તદ્દન આરામ લેવો જોઇએ.

શરીરની અદર ગરમાવો રાખવા સારૂ ગરમ કપડાં પહેરવા તથા ઓઢવાં તથા ખોરાક પચે એવો લેવો, બહુ હરવું, રમવું, તથા વાત વિગેરે કરવી નહિ. અને ચાર દિવસ શરીરની બને તેટલી માવજત કરવી, રૂતુના વખતે શરીરની સ્થિતિ ઘણીજ બદલાઈ જાય છે, તે કારણથી દરેક બાબતોમા સભાળ રાખવાની જરૂર છે. અને તેમ નહિ થવાથી શરીરની તથા મનની વ્યાધિ વધે છે, ને આખરે વધી જતા સ્ત્રીઓને ઘણી જાતનાં દરદો વેઠવાં પડે છે, રૂતુના વખતે ચાર દિવસ આપણામા દળવા, ખાડવા તથા ભચડવાનુ કામ કરે છે, આખો દિવસ નવરાશને લીધે ઉપર બતાવેલા કામો કાઢે છે તે ઘણા નુકશાન કારક છે, અને તે બધ કરવા જોઇએ, આ ચાર દિવસ તદ્દન આરામ લેવો જોઇએ.

સ્ત્રીઓનાં શરીર તેઓની સુવાવડમા વધારે બગડવાનો સંભવ હોય છે, તે વખતે નીચેની બાબતો ઉપર ખાસ ધ્યાન આપવાની જરૂર છે.

સુવાવડનો ઓરડો કે જેમાં સારી રીતે અજવાળુ રહી શકે અને ખુલ્લો પવન આવી શકે એવો હોવો જોઇએ, એકદર જાજરૂની ખાળ હોવી ન જોઇએ, અને તે ન છુટકે રાખવી પડે એમ હોય તો, ઘણી સ્વચ્છ વખતો વખત ધોઇને સાફ રાખવી.

ઓરડાના બારી બારણાં બીલકુલ બંધ રાખવા નહિ, અને જાળીમાં ખાલી ડુચા રાખી હવા અજવાળુ બધ કરવું નહિ.

ખાટલો સુનારીના કદ પ્રમાણે લાંબો પહોળો તેમજ નેતર અગર પાટીથી ભરેલો સુંવાળો રાખવા જોઇએ, ખાટલો ટુકો હોવાથી તેમજ કાથીથી અગર મુજથી ભરેલો હોવાથી સુનારી સ્ત્રી સુખેથી સુઇ શકતી નથી, અને તે કારણથી તેને જોઇતો આરામ મળતો નથી.

સુવાવડમાં પહેરવાના કપડા ચોખ્ખા અને સ્વચ્છ રાખવા, ગંધાતા લુગડાનો ઉપયોગ કરવાથી સુવાવડમા ઘણા રોગ ઉત્પન્ન થાય છે તેથી કરીને શરીર નબળુ થાય છે.

દાઇયણુ પણ અનુભવી અને વૃદ્ધ ઠંડા સ્વભાવની હોવી જોઇએ, એના હાથ વખતો વખત ધોવરાવી સાફ રાખવા જોઇએ.

ખોરાક પણ હલકો, પુષ્ટિકારક અને સાદો હોવા જોઇએ, અને ભુખ્યા રાખવાની અગર અતિ ભારે ખોરાક આપવાથી શરીરને નુકશાન થાય છે.

સુવાવડમાં પ્રથમ દશ દિવસમા તદ્દન ખાટમાજ સુઈ રહેવાની જરૂર છે ત્યાર પછી શરીર સારૂ હોય તો ખાટલામાં ઉચા નીચા થવુ પણ હરવું ફરવુ નહિ, અને દોઢ માસ સુધી પુરતો આરામ લેવાની ખાસ જરૂર છે.

શેક તથા ધુણી આપણા તરફ લેવાનો રિવાજ ઓછો છે, પણ કાઠીયાવાડમા તો ઠંડી હવાને લીધે શેક લીધા વિના ચાલેજ નહિ, પણ શેક જો લેવો હોય તો છાણાનો લેવો, પણ શેક કરતી વખતે બારી બારણા ખુલ્લાં મુકવા જોઇએ, જો એમ ન કરે તો ઓરડાની અંદરની હવા બગડી જાય, અને તેથી સુવાવડી તથા બાળકનુ શરીર બગડે.

સુવાવડીના પાસે ઘણાક બૈરાંને આવવું એ બીન જરૂરીઆત છે, અને બધા ભેગા થઇને, જુદા જુદા પ્રકારની વાતો કરવાથી સુવાવડીના મન પર ઘણી માઠી અસર કરે છે. ઘણીક સ્ત્રીઓ સુવાવડમાથી ઉઠયા બાદ અધમુવા જેવી થઈ ગઇ હોય છે, તેઓના લોહી ઉડી ગયેલા હોય છે, અને શરીર ફીકા પડી જાય છે, આ બધુ થવાના કારણો મે બતાવેલી ગફલતોને લીધે છે, મારા ધારવા પ્રમાણે ઉપલી બાબતોમા જો પુરતું ધ્યાન આપવામાં આવે તો ઘણીક સ્ત્રીઓના પ્રાણ બચે અને તેઓના શરીર નિરોગી રહે અને તેઓના બાળક તનદુરસ્ત અને મજબુત બાધાના થાય.

(૧) સ્ત્રીઓના શરીર શાથી બગડે છે તેના કારણો રડવા કુટવાથી તથા ધાણી આટા ખાવાથી શરીર બગડે છે, એ રિવાજ કાઢી નાંખવો જોઇએ.

(૨) કાચુ કોરૂ વખત વગર ખાવાની ટેવ નુકશાનકર્તા છે.

(૩) છત્રી વગર ચોમાસામા ચાલવાથી અથવા ફરવાથી શરીર બગડે છે.

અને મર્યાદા સચવાતી નથી.

જોડા પહેરવા તે પગના રક્ષણને માટે જરૂરના છે, સિપાટ કે ઊંચી એડીના બુટ જોઇએ એમ કાંઇ નથી, પણ ગમે તેવાં ચાલે.

(૪) જે ઘરમાં સ્ત્રીને ઘણો ભાગ જીંદગીનો કાઢવાનો છે, તે ઘર હવાવાળું. સ્વચ્છ અને સુંદર રાખવું એટલે ગંદી હવાથી શરીર બગડે નહિ, ખાળો સાફ રાખવી, જાજરૂ ચોખ્ખાં રાખવાં, ફીનાઇલ ખુબ વાપરવું. ઉંદર, માકણ, ચાંચડ, મચ્છર ન થવા દેવા, ઉંદર પ્લેગ લાવે છે, અને મચ્છર તાવ ઉતપન્ન કરે છે, માટે ઘરમા, મચ્છર તથા ઉંદર રહેજ નહિ એવી તજવીજ કરવી, ખાળો ખાબોચીયામાં પાણી ભરાઇ ન રહે કે ભેજ ન હોય તો મચ્છર થતા નથી અને દાણા દુણી ઠેકાણેસર હોય, ખાવાનુ બરાબર ઢાંકેલુ હોય, કોઠીઓની વચમાં રોજ સાફ રહે તો ઊંદર થતા નથી.

(૫) સ્ત્રીઓના વિચાર સારા, મન પ્રફુલ્લિત અને મિજાજ આનંદી રાખવાં, શરીરે સ્વચ્છ રહેવું, મન અને ઇંદ્રીઓ વશ રાખવી, અને આત્મા પવિત્ર અને શાન્ત રહે એવો રાખવાથી પણ શરીર સારૂ રહે છે, વિચાર સારા રહે તેમ તેની નીતિ સારી અને વિચાર ઉત્તમ તેમ તેનુ શરીરપણ સારૂ રહે છે.

(૧) છોકરૂ ત્રણ ચાર મહિનાનુ થાય કે તેને શીલી કઢાવવા.

(૨) ધવડાવવામા વખત બાંધવો.

(૩) ખવડાવામાં ધ્યાન રાખવુ.

(૪) બાળ ગોળી કદી ન પાવી.

(૫) માટી કોયલા ખાતા ન શીખે તે જોવુ, જુવો ન પડવા દેવી, છોકરા ગંદાં લીટાળા ના રાખવા, આંખોમા કાજળ આંજતા રહેવુ, આંખમાં પીઆ થાય ક તુરત દવા કરવી.

(૬) છોકરાંને પુષ્કળ રમવા દેવા, તેમને ભણાવવાની ઉતાવળ કરવી નહિ.

(૭) એમની પથારીઓ મુતરવાળી અને ગંદી ના થાય તેને માટે પથારીઓમા તથા ઘોડીઆમા મીણીઆ પાથરવા.

(૮) છોકરાંને બહુ મોઢે ન ચડાવવાં, કહ્યાગરૂ કરવું, ધાયુ કરે એવું કે, શિશાળ કે સામુ બોલે એવું છોકરૂ થાય નહિ, એટલી ચીવટ રાખવી.

(૯) ચહા કે કાંઇ મિઠાઇ ખાધા વગર ન ચાલે એવું કોઈ જાતનુ વ્યસન ન થવા દેવું.

(૧૦) છોકરાં છોકરી બન્નેને કસરત નિયમિત અને બધા અવય રૂષ્ટપુષ્ટ થાય એવી કરાવવી, ઘેર પાવડી, મગદળ, ખેંચવાનુ દોરડુ, કુદવાની દોરી, વિગેરે છોકરા પાસે ખેલાવવું, દેશી રમતો પણ રમાડવી, સાતેળીયુ, એરંડો, પાટાદાવ, હીચકા ખાવાનુ, દહીનો ઘોડો, ખોખુ વિગેરે જૂની રમતો ભૂલવા ન દેવી, છોકરાં સાથે છોકરા જેવા થઇ, માબાપે પણ બને ત્યા સુધી ઘરમાં છોકરાં સાથે રમવા લાગવું.

(૧૧) છોકરાંના વિચાર સારા આવે મન પ્રફુલ્લિત રહે, અને ઉત્સાહી અને આનંદી સ્વભાવના કરવા, ઢીલા ન થવા દેવા.

આમાના ઘણા વિચાર નવા ઉધમાતીઆ અને તદન યુરોપીઅનનુ સઘળુ અનુકરણ કરવાનું કહ્યુ હોય એવા લાગશે પરંતુ જ્યારે સ્ત્રીઓનાં શરીર અત્યારે છેકજ બેહાલ થઇ રહેલા

છે, અને મારી માફક હિસ્ટીરીયાના રોગો ગમે તેટલા ઉપચારો કર્યા છતા ઘર કરીને રહ્યા છે, એવા અમારા શરીર છે તે વખતે ગમે તેટલા નવા અને પ્રથમ દૃષ્ટિથી ના ગમે એવા ઇલાજ લેવાથી, ગભરાવુ જોઇએ નહિ, સ્ત્રીઓની આખી જીદગી સુધારી તનદુરસ્ત, બલિષ્ટ અને દીર્ઘાયુષી કરવાનુ આ મહાન કાર્ય છે, નીતિ અને ધર્મ શાસ્ત્રથી વિરૂદ્ધ ના હોય તેટલુ જરૂર કરવુ જોઇએ, અને મે ઉપર જે જે કહ્યુ તેમા નીતિ અને ધર્મ શાસ્ત્રનો ટેકો છે લોક રીવાજ અને રૂઢીથી કેટલુક વિરૂદ્ધ લાગશે, પણ સામાન્ય નિતિ અને બુદ્ધિ શાસ્ત્ર કે ધર્મ શાસ્ત્રની વિરૂદ્ધ નથી.

આટલુ બોલી હુ બેસીજવાની રજા માગુ છુ.

સૌ. કપીલાનો નિબધ વચાઈ રહ્યા બાદ પ્રમુખે તે દીવસનુ કાર્ય સમાપ્ત કરીને બીજે દીવસે સાજના ચાર વાગે ફરી પાછા મળવાની સર્વને સુચના કરી. મહિલા પરિષદ્‌નુ પ્રથમ દિવસનુ કાર્ય સમાપ્ત થઈ રહ્યા પછી પરિષદ્‌મા હાજર રહેલી સ્ત્રીઓના માનમા સૌ સવીતાગૌરી કૃષ્ણલાલ તરફથી એક મેળાવડા કરવામા આવ્યો હતો હતો. તે મેળાવડામા મેવા મીઠાઇ ખાઈ ચા પાણી પી પાન સોપારી લઇ સર્વ મહિલાઓ વિસર્જન થઈ હતી.

બીજો દીવસ.

બીજે દીવસ સાજના ચાર વાગે મહિલા પરિષદ્‌ની બેઠક મળી હતી. શરૂઆતમાં સૌ. મનહરગૌરી કાતીલાલ, સૌ. કપીલા કેશરીપ્રસાદ, સૌ. હીરાલક્ષ્મી કૃષ્ણલાલ તથા સૌ. ભાનુમતી લલ્લુભાઇએ નીચેની ઇશ્વર સ્તુતિ ગાઈ હતી.

પ્રાર્થના.

(પદ)

અત સમાનો તું બેલી! હરિ મારો અત સમાનો તું બેલી.
મારી સાચવજે પળછેલી, પ્રભુ મારો અત સમાનો તું બેલી.
ઓસડ વેસડ આવી રહેશે ને, દુનિઆ તે મેહેલશે ઠેલી,
તે સમે ઓ પ્રભુ! તારા વિના, હશે ઓથ ન એક રહેલી હરિ મારો૦
આસુ વિલાપથી અળગા રહીને, સઘળા સગા મારા રડશે,
કલેશ કરી મન કલેશ ઉપજાવી, વહાલા વેરી થઈ પડશે. હરિ મારો૦
તે સમે માયા થકી મન મારૂ, ઓ પ્રભુ! વેગળુ ધરજે,
આનદ રૂપ પ્રભુ! ઉર આવી, વિષમ સમે વહાર કરજે. હરિ મારો૦
જીવની જેહ ગતિ અતિ સારી, તે ગતિ મારી તું કરજે,
ઓ દેવ! દાસી તણી દીનવાણી, મહેર કરી મન ધરજે. હરિ મારો૦

આ ઇશ્વરસ્તુતિ ગવાઈ રહ્યા બાદ સૌ. કપીલા પ્રાણલાલે " સ્ત્રીઓએ પોતાનો ગૃહ સસાર નીતિથી તથા કરકસરથી કેવી રીતે ચલાવવો. ' એ વિષય પર પોતાનો નિબંધ વાચ્યો હતો.

" સ્ત્રીઓએ પોતાનો ગૃહ સંસાર નીતિથી તથા કરકસરથી કેવી રીતે ચલાવવો. "

(સૌ. કપીલા પ્રાણલાલ કીરપારામ દેસાઈ)

માન્યવતા પ્રમુખ તથા બ્હેનો—

હુ હીરાલક્ષ્મી બેન તથા ભાનુમતી બેન જેટલુ ભણેલી નથી એટલે બીજા અઘરા

વિષયોપર નિબંધો લખતાં મને આવડતું નથી તેથી મારે માટે મે આ સ્હેલો વિષય પસંદ કરેલો છે. આપણે જો આ સંસારમાં સુખી થવું હોય તો આપણે દરેક સ્ત્રીઓએ આપણું ઘર નીતિથી તથા કરકસરથી ચલાવવું જોઇએ દરેક સ્ત્રીઓએ પોતાની આવકપર લક્ષ રાખી પછીથી ખર્ચ કરવો જોઇએ. કેહેવત છે કે "નીતિએ નારાયણ વસે ને અનીતિએ કુતરા ભસે" પારકાનુ દેખી આપણે ખોટી મોટાઇમા તણાઈ જઇ ગજા ઉપરાતનુ ખર્ચ કરીએ તો આગળ પર આપણે ઘણુ વેઠવુ પડશે. જો આપણી આવક મહીને પચાસ રૂપિઆની હોય ને આપણે ઓગણુ પચાસ રૂપીઆ સુધી ખર્ચ રાખીએ તો નભે પણુ જો આપણે એકાવન રૂપીઆ ખર્ચ રાખીએ તો નક્કી આપણે દુખી થઇએ કોઇ કહેશે ઘરમા કેટલો ખર્ચ કરવો તે આપણા હાથમા નથી, પુરૂષોના હાથમા છે. પુરૂષો આપણુને ખર્ચ કરવાનું કહેતો આપણી મગદુર છે કે આપણાથી એમને ના કહેવાય, વળી પુરૂષોની આવક કેટલી છે વળી ઘર ખર્ચ ઉપરાત તેઓ બહાર કેટલો ખચ કરના હશે તે આપણે જાણીએ પણ કેવી રીતે તો પછી આવકને ખર્ચ ઉપર આપણે કેવી રીતે દેખરેખ રાખી શકીએ. બેનો, જો આપણામા આવડત ને ચાલાકી હોય તો બધુ જાણવાનુ સહેલુ છે પણ અપણે જો ભાયડાઓ ઉપર હુકમ બજાવી એમને કહેવા જઇએ કે બસ તમે આટલોજ ખર્ચ કરો તો ઉલટો ભાયડાઓને ગુસ્સો ચડે ને આપણા ઘરમા નાહક કકાસ થાય. કારણ કે ભાયડાઓ કાઈ આપણા હુકમ સાખી શકેજ નહિ પણ આપણે જો ધીમે ધીમે નરમાશથી મીઠા શબ્દો વાપરીને કળાથી ભાયડાઓને સમજાવીએ તો હુ નક્કી કહું છુ કે ઘર ખર્ચની બાબતમા આપણે આવક ખર્ચ વિગેરે બધુ જાણી લઇશુ ને તે પ્રમાણેજ ખર્ચ કરીશુ.

હવે કઈ કઇ બાબતમા આપણે કરકસર કરવી જોઇએ તે હુ કહુ છુ. પહેલા તો ઘર વ્યવસ્થાની બાબતમા કરકસર થઈ શકે એમ છે, આપણે આપણા ઘરમા એકે પણ વસ્તુનો બગાડ થવા દેવો નહિ દરેક વસ્તુનો ઉપયોગ કરી તે ગતે કરવી. જો આપણા ઘરમા બ્રાહ્મણ ચાકર હોય તો આપણે તેમના પર ખાસ દેખરેખ રાખવી. જો આપણે શેઠાણી બની બેસી રહી ચાકર નોકરને બધુ સોપી દઇએ તો આપણા ઘરમા બગાડ થયા વિના રહેજ નહિ. ઘણી વાર આપણે જોઇએ છીએ કે ચાકર નોકર ઘરમાથી વસ્તુઓ ચોરી જઇ બજારમા વેચી આવે છે, કોઇ વાર તો રાધેલા ધાન્ય પણુ આપણી નાતમા ચાકર બ્રાહ્મણોએ વેચ્યા છે. દેવતા ના ચેતતો હોય તો ચાકરો ગ્યાસ્લેટના શીશા સઘડીમા ખાલી કરી નાખે છે ને બ્રાહ્મણો ઘીની પળીઓ દેવતામા હોમે છે આવું થાય તો આપણા ઘરમા બગાડ થયા વિના રહેજ નહિ માટે આ બધી વસ્તુઓ પર આપણે ખાસ દેખરેખ રાખવી જોઇએ.

બેનો, આપણે સમજવુ જોઇએ કપડા લત્તાનો ખર્ચ હમણા હમણા આપણી નાતમા દેખાદેખીથી આટલો વધી પડયો છે તે ઓછો કરવો જોઇએ. પોલકાને સાડીઓ કરાવવા દેવુ કરવુ તેના કરતાં કરકસર કરી સાદાઇમાં રહેવામા વધારે સુખ છે.

બીજુ, આપણે ખાવા પીવાની બાબતમાં નીતિ રાખવી જોઇએ છે. બધા ભાયડાઓ કહે છે કે સ્ત્રીઓને ખાધા પીધાનો શોખ બહુ હોય છે, કેટલી વખત સ્ત્રીઓ ઘરમાંથી દાણા આપી છાનુમાનુ ખાવાનું લઈ ખાય છે, કેટલી વખત પૈસા ખરચી બજારમાથી મમરા શેવો ભજીઆ વિગેરે મગાવી ખાય છે. આવી ટેવો સારી નહિ, આથી ઘરમાં નકામાં ખરચ થાય ને આપણાં શરીર બગડે તે જુદા માટે આપણે ભજીઆ પકોડા ખાવાના શોખ છોડી દેવા

ને કરકસર કરવી, હુ એમ નથી કહેતી કે આપણે ખાવા પીવાની બાબતમાં કન્જુસાઇ કરવી ને આપણું તથા બીજાઓના પેટ બાળવાં, આપણે સાદો તેમ પુષ્ટિકારક ખોરાક હમેશાં ખાવો ને બાયડાઓને ખવડાવવો પણ ઉજાણીઓ કરી પૈસા ઉડાવવાની ટેવ તો આપણી પેટીને પુછીને પછીજ પાડવી. શ્રીમતોને એવી ટેવોથી નુકશાન નથી, પણ મોટાની સાથે નાનો જાયતો મરે નહિ પણ માંદો તો થાયજ. ખાવા પીવાના ચસકાથી તો ઘણા ઘરો પાયમાલ થઈ ગયા છે માટે બેનો, આપણે એવી ટેવ ના રાખવી ને હોય તો છોડી દેવી. બીજુ, કપડાંલત્તાની બાબતમાં પણ આપણે કરકસર કરવી જોઇએ છે, હમણાં હમણાં આપણી ન્યાતમાં લુગડાઓનો ખરચ બહુજ વધી ગયો છે. પચાશ પચાશ રૂપિઆના પોલકાને સો સો રૂપિઆની સાડીઓ, પાંચ પાચને છ છ રૂપિઆતો પોલકાની સીવાઇ! શ્રીમતોએ સરખા ને ગરીબોએ સરખા, આપણી નાતનો વરઘોડો નીકળે ત્યારે બૈરાંઓના લુગડા કોઈ દેખેતો એમજ જાણેકે બધાના ભાયડા મહીને બસે બસે રૂપિઆ કમાતા હશે. ભાયડાઓ બીચારા સવારથી સાંઝ સુધી વૈતરા કરી મહા મહેનતે મહીને પચ્ચી ત્રીસ રૂપિઆ કમાતા હોય ને શેઠાણીઓતો એટલા બધા રૂપિયા એકજ પોલકામાં કે સાડીમા ખરચી નાખે. આ રસ્તો તો ભાયડાઓને ભીખ મગાવવાનો. શ્રીમતોને આવા કપડાલત્તા પાલવે પણ એમની સોબતે ગરીબો એવી ટેવ પાડે એ તો પારકાની હવેલીઓ જોઇ આપણી ઝુપડી તોડી પાડીએ તેના જેવું થઇને રહે માટે જેવા લુગડા પહેરીએ તેવા પહેરાય સાદા લુગડા પહેરે કઈ આપણે નાના બાપના થઇ જવાના નથી. માટે બેનો, આપણે આવી ખોટી મોટાઇ છોડી દેવી જોઇએ. કપડામાં સાદાઈ રાખવી જોઇએ. હવે વરા અવસરની બાબતમા પણ આપણે નીતિ તથા કરકસર કરવી જોઇએ. અસલના વખતમા બીજી હમ્મેશની બાબતમા ખર્ચ હમણા જેટલુ નહોતુ તેથી વરા અવસરમા વધુ ખરચ કરે પાલવે તેમ હતું પણ હવે હમેશનુ નિત્ય ખર્ચ વધી પડયુ છે. હવેના વખતમાં તો ત્રીસ ચાળીશ રૂપિઆ કમાનારો ભાગ્યેજ કાઈ બચાવી શકે છે તો પછી એકી વખતે પાચસે હજાર રૂપિઆ કાઢી વરો કરવાની બીચારામાં શક્તિ કયાથી હોય? દેવુ કરી વરો કરવો ને પછી એ દેવું વાળવાની ચિંતામા આખો જનમારો દુઃખી થવુ, પેટે પાટા બાધવા, છોકરા છૈયાને ભણાવવા નહિ, તેમના શરીર સાચવવાને પુષ્ટિકારક ખોરાક તેમ સારા કપડા ન આપવા એ કેવુ ખોટુ માટે બેનો, હવેના વખતને અનુસરી આપણે વરા અવસર કમી કરવા ને તેમા કરકસર કરીશુ તો બીજી જરૂરની બાબતમા પૈસા બચાવી શકી આપણી જીદગી સુખી કરી શકીશુ.

બેનો, મારી અક્કલ પ્રમાણે મે આ નિબધ આપની અગાડી વાંચ્યો છે તેમા ભુલ ચુક થઈ હોય તો માફ કરશો ને વત્તુ ઓછુ બોલાઇ જવાયુ હોય તો તે માફ કરજો.

સૌ. કપીલાનો નિબધ વચાઇ રહ્યા બાદ "બાળકોને કેવી રીતે ઉછેરવા ને તેમને કેવા પ્રકારનુ ગ્રહશિક્ષણ આપવુ" એ વિષયપર સૌ. હીરાલક્ષ્મી કૃષ્ણલાલે નીચેનો પોતાનો નિબધ વાંચ્યો હતો.

સૌ. હીરાલક્ષ્મીનો નિબંધ.

માનવતા મુરબ્બીઓ તથા સુજ્ઞ બ્હેનો,

આજે જે વિષય મ્હારે બોલવાનો છે તે ઘણો અગત્યનો છે ને તે વિષય મ્હારા કરતા વધારે અનુભવીના હાથથી લખાયો હોત તો તે ઘણી સારી રીતે લખી શકત એમ મ્હારૂ માનવું છે છતાં હુ મ્હારી અલ્પ મતિ પ્રમાણે મ્હારા વિચાર જણાવવાની રજા લઉં છુ. આજનો મ્હારો વિષય બાળકને કેવી રીતે ઉછેરવાં ને ત્હેમને કેવી રીતનુ ગૃહશિક્ષણ

આપવું તે છે જે ઉપરથી એના બે વિભાગ કરી શકાય. એક તો બાળકને શરૂઆતમાં કેવી રીતે ઉછેરવાં. બીજું બાળકને ચારથી દશ વર્ષ સુધીમાં કેવું શિક્ષણ આપવું.

બાળકને શરૂઆતમાં માતાના કુદરતી દુધ ઉપરજ મુખ્ય. આધાર છે ને જ્યાં સુધી માતાનુ કુદરતી દુધ બાળકને પોષણ જેટલુ મળે ત્યા સુધી તેને બીજા કંઈ પણ ખોરાકની આવશ્યકતા નથી, કેમકે એના જેવો બીજો કંઈ પણ ખોરાક નથી પરતુ જો કુદરતી દુધ બાળકને ન મળે તો શુદ્ધ ગાયનુ દુધ આપવુ. જો તે એને વાયડુ પડતુ હોય તો તેની તર ઉતારી લઇ અંદર ચોથા ભાગનુ ચુનાનુ નીતરતુ પાણી ભેળવી તે આપવુ, પરતુ તેની સાથે એટલી સભાળ રાખવી કે તે નિયમસર બે અગર ત્રણ ચાર કલાકને અતરે માપસર આપવું. અનિયમિતપણે આપેલો ખોરાક બાળકને ઘણુ નુકશાન કરે છે. કેટલેક સ્થળે બાળકને કુદરતી દુધની ટાચને લીધે મધ ઘી જેવો ભારે ખોરાક આપવામાં આવે છે. હજી તો બાળક ઉધુ પડવાને, કઇ પણ મ્હેનત કરવાને અશક્ત છે, તેવી ઉમ્મરમાં આવો ભારે ખોરાક આપવાથી નુકશાન થવા સભવ છે. બાળકને વર્ષ દિવસનુ થતા સુધી આવો ભારે ખોરાક કે અનાજ ખવડાવવુ ન જોઇયે બાળક ઘુટણીયા તાણે કે ચાલતા શીખે ત્યાં સુધી તેને માટે શુદ્ધ ગાયનુ દુધજ યોગ્ય ખોરાક છે. આ ઉમ્મરમાં અજ્ઞાન બાળક ભુખથી કે દરદથી રડતુ હોય તો કેટલેક સ્થળે બાળાગોળી કે અફીણનો ઉપયોગ કરવામા આવે છે, પરતુ એનાથી ઘણું નુકશાન થાય છે. બાળાગોળીમા અફીણનો ભાગ આવે છે ને તેવી ઘેનને લીધે બાળક પડી રહે છે. અજ્ઞાન બાળક જ્યા સુધી કઇ પણ સમજી શકતું નથી ત્યા સુધી તે પોતાની દરેક જરૂરીઆતો રડીનેજ પુરી પાડે છે. બાળક પ્રથમ વર્ષમા દરેક મહીને કઇ ને કઈ નવુ નવુ શીખે છે, તે તેની ઉમ્મરના પ્રમાણમાં તેની કસરત છે. આને માટે બાળકને તેની ઇચ્છાનુસાર જાગ્રતિની આવશ્યકતા છે. કઇ પણ રોગ વિના તનદુરસ્ત બાળકને માત્ર આપણા છુટથી ફરવા હરવાના શોખને ખાતર તેની બધી જીંદગી ખરાબ કરીયે છીએ, એ આપની નિર્દયતાને મુર્ખતા છે. આ ઉમ્મરમાં બાળકને દવાની કંઈ પણ જરૂર નથી. એને માટ તો બે ચાર દીવસે માત્ર ચમચીક દીવેલ કે ઘસારોજ બસ છે.

વર્ષ દીવસની ઉમ્મર થતાં બાળક કંઇક સમજતા, બોલવામાં, ચાલવામાં, દરેક વસ્તુમાં તે ઘરના મનુષ્યોનું ને તે માત્ર ખાસ કરીને માતાપિતાનુ અનુકરણ કરતાં શીખે છે ને તે અનુકરણથીજ તેની વર્તણુકનો પાયો શરૂ થાય છે. માટે માતાપિતાએ તથા આસપાસના સર્વ સબધીઓએ ઘણી સભાળથી રહેવુ, ને બની શકે તેમ પોતાનાં આચરણ સારાં રાખવાં જોઇયે, ને કોઇના હાથમાં સોપતા પ્હેલાં તેની વર્તણુકનો વિચાર કરવો જોઇયે. કારણ કે તેનામાં જે કામ કુટેવો હશે તેનુ બાળક બરાબર અનુકરણ કરશે ને ખોટાં લાડ લડાવી છોકરાંને બગાડશે, માટે ઝીણી ઝીણી બાબતની તપાસ કર્યા વિના છોકરાંને નોકરના હાથમાં સોપવા ન જોઇયે. ઉપર કહી ગયા તેમ બાળક અનુકરણથીજ શીખે છે. આપણે તેને જેવી રીતનુ શિક્ષણ આપવુ હોય તેવા દેખાવો સમજણ પાડવાથી તે ઘણુ સારૂ સમજી શકે છે, ને આ શીખવતી વખતે બાળક આપણી ધાકથી નહિ પણ આનદથી રમત ગમતમા શીખે તેનુ ખાસ ધ્યાન રાખવું જોઇયે, તેમ ને શિક્ષણ આપવાનુ રમકડાં. મુળાક્ષરનાં પાનાં, કે બાળકને રમુજ પડે તેવી ચીજોથી શરૂ કરવું જોઇયે કે જેથી તેમના મગજપર બોજો ન આવ ને હોસથી શીખે. બાળકને કુમળી વયમાં મગજપર જેવી છાપ પડે છે તે જીદગીપર્યંત ભુમાતી નથી ને તેથીજ વિદ્વાનોએ કેળવણીનો તેમ બાળકના

મગજપર છાપ પાડવાનો સમય દશ વર્ષ સુધીનો કહેલો છે. આ ઉમ્મરમા બાળક ઘણુ શીખે છે, કેમકે હેની અનુકરણ શક્તિ ઘણીજ તીવ્ર હોય છે. માતાની દરેક વર્તણુકનુ તે અનુકરણ કરે છે તેથી માતાએ ઘણીજ સાવચેતીથી વર્તવું જોઇએ. કેળવણી આપવાનો ખરો સમય આજ છે. શાળામા કઇ બાળકને મુકી શકાતું નથી પણ જો માતા ધારે છે તો તેને ઘેર ઘણુ શીખવી શકે છે. બાળકને જેનો શોખ હોય, જેવા કે લખોટી, ચીચુડા પાનાં તેનાપર રમતે ચડાવી પ્હેલા તેને સખ્યા ગણતા શીખવવી. આતો એક દાખલો છે, પરતુ રમકડા પરથી કે ગમે તે ચીજ ઉપરથી રમત ગમતમાં બાળકને રગ સખ્યા વગેરે શીખવ્યું હોય તો તે ઘણી હોંસથી ને ઘણી સહેલાઇથી શીખી શકે છે ને એના મગજ પર પણ બીલકુલ બોજો આવતો નથી. કેટલીક માતાઓ પોતાનુ બાળક બહુ હોશીયાર, ને વ્હેલા ભણવા શીખ્યુ છે એમ દેખાડવા ખાતર તેને નાનપણથી નિશાળમા ગોંધે છે, એ પણ ખરાબ છે. બાળકના નિર્દોષ રમત ગમતના વખતમા આપણે હ્હેને માથે એક જવાબદારી નાખીયે છીયે. આથી તેનુ કુમળુ અને ખીલતું મગજ ઉગતા વૃક્ષપર હિમ પડ્યા પ્રમાણે બળી જાય છે ને ઉપર ચોટીયુ ગોખણપટ્ટી જ્ઞાન મળે છે. આપણે જે રમત ગમતમા જ્ઞાન આપીયે છીયે તે ઉગતા વૃક્ષને પાણી સીંચ્યા બરાબર છે. કોર્ટમા જુબાની આપતી વખતે આપણે જેટલી સભાળ રાખીયે છીયે તેટલી બલ્કે તેથી પણ જ્યાદે બાળકને ઉછેરવામા રાખવી પડે છે. કોર્ટમા બોલાયલા શબ્દો વખતે ફેરવી શકીયે છીયે, પરતુ આપણી એક વખતની વર્તણુકથી બાળકના મગજપરજ છાપ પડે છે તે ભુસાવી મુશ્કેલ છે. માટે બાળકને જેમ બને તેમ નાનપણથીજ વડીલો પ્રતિ માનની લાગણી, સત્યતા, દયા ને પરોપકારવૃત્તિ શીખવવી જોઇયે. બાળક બોલવા શીખે છે એટલે દરેકે દરેક ચીજનુ પૂછે છે તો તે વખતે તેને તરછોડી પાડવુ નહિ પરતુ શાન્તતાથી એના મનમા ઠસે ને એને સમજ પડે તેવી રીતે કહેવુ જોઇયે. કેટલીક માતાઓ બાળકને આજ્ઞાકારી બનાવવા માટે મારી કુટીને પોતાની આજ્ઞા મનાવે છે, પણ એમ ન કરવુ જોઇયે. બેહદ શિક્ષા કરવાથી માતાને માટે બાળકના મનમાથી માન ઘટી જાય છે નાનપણથીજ તેને એવી રીતે ટેવવા જોઇયે કે આપણી આજ્ઞા તે હોંસથીજ પાળે. જે કામ વ્હાલથી બાળક કરે છે તે મારથી નથી કરતું મારથી છોકરૂ નફટ થઇ જાય છે ને ઉલટો તેનામા એક નવો દુર્ગુણ આવે છે. માતાપિતાનો અતિશય ત્રાસ બાળકને ચોરી કરતા ને જુઠુ બોલતા શીખવે છે આ ટેવ ઘણીજ ખરાબ છે ને તે પડ્યા પછી ભુલાવવી ઘણી મુશ્કેલ પડે છે. બાળક ન્હાનપણમા નિર્દોષ ને એકજ રસ્તાનુ ચાલનાર હોય છે. ત્યારે આ ટેવનુ કારણ માતાપિતાની વર્તણુક યાતો ત્રાસ હોય છે. માતાપિતાના અતિશય ત્રાસથી બાળક સત્ય હકીકત છુપાવી જુઠુ બોલી પોતાનો બચાવ કરે છે માટે બાળકે વાક કર્યો હોય ને આપણે મોઢ આવી સત્ય હકીકત કહે તો તેને ધમકાવવુ નહિ. ધીમે રહીને તેને સમજાવવુ કે આ કર્યું તે ત્હે ખોટુ કર્યુ છે ને હવેથી આમ ન કરીશ. આથી બે ફાયદા થાય છે. એક તો આપણે ધમકાવ્યુ નહિ તેથી ફરીને પણ તે આપણી કને આવીને ખરીજ હકીકત કહેશે, ને બીજુ એના મગજપર આપણી ક્ષમાવૃત્તિની સજ્જડ છાપ બેસશે આવી બાબતો કઇ ઇતિહાસ કે ગણિત આવડ્યાથી નથી આવડતી પણ આવી રીતેજ શીખે છે સત્યતા ને દયા જેવી અમૂલ્ય બાબતો પણ તેના મગજપર અનેક અમૂલ્ય દ્રષ્ટાતો આપી ઠસાવવી જોઇયે ગરીબ અનાથોને બાળકને હાથે અપાવવુ જોઇયે. પ્રસગોપાત બાળકને પૈસો આપ્યો હોય તો તેમાથી પણ અપાવવુ જોઇયે. આવા પ્રકારનુ શિક્ષણ કઇ

શાળામા અપાતુ નથી. માટે ધર્મ નીતિ સબધી શિક્ષણ તો માતાએ ખાસ ચીવટ રાખી ઘર આગળજ આપવુ જોઇયે.

ઉપર જે મુજબ આપણે કહી ગયા તે ઉપરથી સમજાય છે કે મનુષ્યની આખી જીદગીના આચરણોનો આધાર તેને બાલ્ય કામમાં મળેલી સોબત અને કેળવણી ઉપર છે. આના સબધમા સૌ. શારદા બ્હેને અગ્રેજી ગ્રથકર્તા બેકનના બોલોમા ટાકી કહેલુ છે કે "મનુષ્યના વિચાર તેમની વૃત્તિ મુજબ હોય છે. ત્હેમની વાત ત્હેમના જ્ઞાન ને અભિપ્રાય પ્રમાણે હોય છે, પરતુ ત્હેમના આચરણ તો ત્હેમને જે અભ્યાસ પડયો હોય છે તે મુજબજ હોય છે."

આ ઉપરથી ખુલ્લુ સમજાય છે કે વધારે જ્ઞાન સપાદન કરવાથી અને સારા મંડળમા પ્રસંગ પડવાથી મનુષ્યના વિચારોમાં ફરક પડે છે, પરતુ તે વિચારો આચારોમાં મુકવાનો આધાર તો ત્હેમને પ્રથમ દશ વર્ષમા એટલે કે બાળપણમા જે શિક્ષણ મળ્યુ હોય છે, તેની ઉપરજ હોય છે. અમુક કામ અયોગ્ય છે માટે ન કરવું જોઇયે, એવુ જ્ઞાન દરેક જણ પોતાને મળતી કેળવણી ઉપરથી મેળવે છે, પણ તેવા અયોગ્ય કામની લાલચ પોતાના સબધમા ઉભા થતા તેની સામુ ટક્કર ઝીલવાનુ કામ તેને મળેલા જ્ઞાનનુ નથી પણ પડેલી ટેવોનુ છે, માટેજ બાળકને બાળથી સારી ટેવ પાડવી કે જેથી ત્હેમની વૃત્તિ સદ્‌વર્તન તરફ દોરવાય. આવા દષ્ટાત તરીકે જોઇશુ તો જણાશે કે જે ઘરમાં સધ્યા પૂજા થતી હશે ન છોકરાઓનુ ધ્યાન તે તરફ દોરવવામા આવતુ હશે તો બાળકો મોટા થતા તે ટેવને ચીવટથી વળગી રહેશે. આને માટ એક સાધારણ કહેવત ચાલે છે કે એક સાસુ વહુ હતા. વહુ કેળવાયલી ન્હોતી ને સાનુ વૃદ્ધ અને ચક્ષુહીન હતા. નિત્યે વહુ સાસુને એક લાકડાના કટોરામા દાળભાત વીગેરે બધુ એકઠુજ લાવી આપે ને તેનો વાડકો પણ વીછળે નહી એક દીવસે કઇ વહુને દયા આવીને પેલો વાડકો વીછળવા ગયા અચાનક હાથમાથી પડી જતા ઘણા વર્ષનો જુનો વાડકો ભાગી ગયો કે તરતજ તેના પાસે ઉભેલા આઠેક વર્ષના બાળક પુત્રે પુછ્યુ કે મા વાડકો કેમ ભાગી નાખ્યો? આથી માને ક્રોધ ચઢયો ને બાળકને ઘાગા પાડયા કે તુ મ્હને પુછનારજ કોણ? પણ બાળકનો વાક શો? ત્હેને જન્મથીજ વડીલનુ માન ને સેવા દીઠીજ ન્હોતી, એટલે તરતજ બાળકે જવાબ આપ્યો કે આ વાડકો ત્હે ભાગી નાખ્યો. હવે તુ ઘરડી થઇશ ને મ્હારી વહુ આવશે ત્યારે ત્હને શેમા ખાવા આપશે. બાળક આપણી વર્તણુકથી કેટલુ શીખે છે તે જોવાનુ છે, માટે દરેક માબાપે પોતાની વર્તણુક પ્રથમજ સુધારવી જોઇએ, નહી તો બાળકને ગમે તેવો અમૂલ્ય બોધ આપો તોપણ તેને કશી અસર નહી થાય. આને માટે "સુન્દરી સુબોધમા બાચારી કાન્તાની ગૃહ કેળવણી" એ મથાળા નીચે એક રમુજી વાત આવી છે કે કાન્તાની બ્હેનપણી કેળવાયલી હતી ને તે બાળકોને રાત્રે સુતી વખતે કેટલીક બોધદાયક રમુજી વાર્તાઓ કહેતી તેમ અમૂલ્ય ઉપદેશ આપતી હતી આનો પાસ કાન્તાને પણ લાગ્યો હતો, પરતુ કાન્તા રૂઢી બધન હીમ્મતથી તોડી ન શકતી. એક દીવસ કાન્તાએ બાળકોનો ઉપદેશ આપ્યો કે અસત્ય બોલવું નહી ચોરી કરવી નહી, કારણ કે બે માણસ જ્યા વાત કરે છે ત્યા પ્રભુ સાક્ષી હોય છે ઇત્યાદિ. બીજેજ દીવસે શીળીસાતમ હતી. કાન્તાનુ કોઈ સગુ મરી ગયુ હતુ. તીવ્ર લાગણીના બળે અગાડી જે રીવાજ પડેલો તે આજે લાગણી અને વખત ફેર થતા રૂઢી બધનના બળે છોડી શકાતો ન્હોતો. તેમ આવા વખતમા સારે દીવસે મીઠાઈ ન કરવાને પણ મન માનતું ન્હોતું. આગ

થોડા વખત વિચાર કર્યા પછી નક્કી કર્યું કે કરવું તો ખરૂંજ, છોકરાઓને ના કહીશું તે બ્હાર નહી કહે, એમ વિચાર કરી ખાવાનું કર્યું, ખાતી વખતે બાળકને શીખામણ દીધી કે બ્હાર કોઇ પુછે કે તેં શું ખાધું તો કહેજે કે દાળભાત રોટલી ને શાક, ખરી હકીકત કહીશ નહી. બાળકે તરતજ પ્રશ્ન કર્યો કે રાત્રે તું કહેતી હતી કે જુઠું બોલવું નહી, બે જણની વાતમાં પ્રભુ સાક્ષી હોય છે ને અત્યારે આમ કેમ? માતાએ બાળકને ધમકાવ્યું, પણ નિર્દોષ બાળક બિચારૂં શું સમજે કે ધર્મરીત ને દુનીયાનો ન્યાય એ બન્ને જુદાંજ છે. આ તો એક કલ્પિત વાત છે, પણ આ રીવાજ આપણામા પણ પ્રચલિત છે ને બાળકના મગજ ઉપર આની કેવી અસર થાય છે તે આપણે જોયુ. માટે આવી બાબતોમાં માબાપોએ ખાસ લક્ષ આપવાની જરૂર છે, બાળકોને જે શિક્ષણ આપવાનુ છે તે એક ભણાવવામાં, વાંચતાં લખતા શીખવવામા, અને પરીક્ષાઓ પાસ કરાવવામાજ આવી ગયુ નથી. જો કે એની પણ જરૂર છે, પરંતુ તેના કરતાં પણ આનાપર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. વળી તે ઉપરાત એ વિષયો ઉપર તો સ્કુલોમાં પણ ધ્યાન આપવામાં આવે છે. ગૃહશિક્ષણમા ચાર ભાગની કેળવણીનો સમાવેશ થઇ શકે.

(૧) નીતિની કેળવણી, (૨) બુદ્ધિની કેળવણી, (૩) તનની કેળવણી, (૪) ધર્મની કેળવણી.

આ ચારે જાતની કેળવણી અક્કેકની સાથે એવો મજબુત સબધ ધરાવે છે કે એકને છોડી બીજી કળવણી આગળ વધી શકતી નથી. નીતિની કેળવણીમા સત્યતા, દયા, ભાવ, ધૈર્ય, સમાનવૃત્તિ, પૂજ્ય બુદ્ધિ, ક્ષમા, સ્વાર્થ ત્યાગ ને પરોપકાર એ ગુણોનો સમાવેશ થાય છે, ને મનુષ્યની જીંદગીમા ઉપલા ગુણો જેટલા પ્રમાણમાં તેનામા ઘર કરી રહ્યા હોય છે તેવાજ તેના આચરણો હોય છે. બીજી ત્રણે જાતની કેળવણી ઉપર નીતિની કેળવણી શ્રેષ્ઠતા ભોગવે છે. કારણ નીતિની કેળવણીપર બીજી કેળવણી મોટી અસર કરી શકતી નથી, ત્યારે નીતિની કેળવણી બીજી બધી કેળવણીને કાબુમા રાખી પોતે બધાને દોરી શકે છે, બુદ્ધિ ગમે તેટલી હશે પરંતુ જેનામા સત્યતાને બદને જુઠું, ધૈર્યને બદલે અસ્થિરતા, દયાને બદલે ક્રૂરતા રહ્યા હશે તો શુ તેને વાસ્તે આપણે ઉચો મત બાંધીશુ? કદી નહી. તેમજ તનની કેળવણીનો તેમ ધર્મની કેળવણીનો તો આધારજ એ ઉપર રહેલો છે આથી ખુલ્લું જણાય છે કે બુદ્ધિની કેળવણી પર જેટલુ ધ્યાન આપવાની જરૂર છે તેથી કોઇ પણ રીતે નીતિની કેળવણી ઉપર ઓછુ ધ્યાન આપવાની જરૂર નથી, બલ્કે વિશેષ જરૂર છે. નીતિની કેળવણીનો આધાર તેને જેવા સહવાસમાં મુકવામા આવ્યુ છે, તેના ઉપરજ છે.

બીજુ સત્યને માટે પણ તેમજ છે એને માટે અગાડી ઘણું આવી ગયુ છે એટલે વિશેષ કહેવાની જરૂર નથી. સમાનવૃત્તિ, વિવેક, પૂજ્ય બુદ્ધિ આ ત્રણ ગુણો બાળક ઘણીજ બારીકાઇથી ગ્રહણ કરે છે તેમા એને મ્હોડે કઇ પણ શીખવવુ પડતું નથી કે પાઠ ભણાવવો પડતો નથી. એ તો આપણી વડીલો પ્રત્યે કેવી વર્તણુક છે તે જોઇનેજ શીખે છે, માટે માબાપોના વડીલો તરફ માનભરેલી રીતે વર્તવાથી બાળક પણ શીખે છે. મીજાજ અને મગરૂરીએ જે ઘરમાં વાસો કર્યો હશે તેના બાળકો કદી પણ ઉપલા ગુણો ગ્રહણ નહી કરી શકે તેની ખાત્રી રાખવી.

ક્ષમા, દયા, ભાવ, સ્વાર્થત્યાગ અને પરોપકાર, એ ગુણો બાળકો દેખા દેખી શીખે છે, પણ તેમનાથી તેમના મનપર મોટી અસર થતી નથી તેથી તેને વાસ્તે ખાસ પ્રયત્નની

જરૂર છે, જેમકે બાળકની ચીજ કોઇથી ભાગી જાય અગર ખોવાઈ જાય, તો તેવા પ્રસંગનો લાભ લઈ ક્ષમાના ગુણને ઉત્તેજીત કરવા કે બાળક ગુસ્સે નહી થતાં દરગુજર કરતાં શીખશે એટલે આપો આપ ત્હેનું મન મોટું થશે. દયા ભાવ વાસ્તે બાળકને ઘણીજ સ્હેલથી શીક્ષણ આપી શકાય એમ છે. કોઈ ઘરનું માણસ માંદુ હોય, કોઇની દયાજનક સ્થિતિ થઇ પડી હોય તો તેવા પ્રસગો બાળકને બતાવી તેમના તરફ તેની પ્રેમ વૃત્તિ થાય તેમ કરવું. આથી તેના હૃદયમાં આપોઆપ દયા ભાવ ઉત્પન્ન થશે. સ્વાર્થત્યાગ, પરોપકાર એ ગુણો શીખવવા માટે ખાસ પ્રયત્નનીજ જરૂર છે. નાની ઉમરમાં બાળકો રમત ગમતમાં એક બીજાને મદદ કરતાં શીખે, પોતાનુ કામ છોડીને બીજાનુ અગત્યનુ કામ કરવામા તથા પોતાના લાભના ભોગે પણ બીજાનું ભલુ કરવામા બાળકોને દોરવવાનો પ્રયત્ન કરવો. પરોપકારને વાસ્તે બાળકો ભીખારી આવેલો છે ને તે અપગ છે, માટે તેને ખાવાનું આપ, એમ કરતો આવે તેમ કરવું. બાળકને મમરા ખાવા પૈસો મળે તેમાથી પૈ બચાવી સ્વાર્થ ત્યાગ અર્થે કે પરોપકારાર્થે ખર્ચે તેમ કરવું. જે કોઇ પ્રસંગે બાળક પોતાના મનથી તેમ કરે તો તે વખતનો લાભ લઇ આપણી તેવા કામ તરફ અસત પમદગી બતાવવી ને તેવા કામમાં ખર્ચેલી રકમ ખુશીથી આપી તેને ઉત્તેજન આપવું.

આ મુજબ નીતિની કેળવણી આપણે જોઇ ગયા તે ઘણીજ ન્હાની ઉમ્મરથી શરૂ કરવી ને તેને માટે બાળકના કોમળ મગજપર સારી છાપ બેસે ને તેજ પ્રમાણે તેનું વર્તન થાય, તેવાજ હેતુથી સ્નેહથી બાળકોને કેળવવા ઉપર ધ્યાન આપવું. સારાંશમાં જે સારૂ હોય, ગ્રહણ કરવા યોગ્ય હોય તેજ બાળક પાસે અનુકરણ કરવા માટે દેખાડવું ને અયોગ્ય ચીજોથી દુર રાખવાં ને તે શુ છે તે જ્યાં સુધી ના જાણે ત્યાં સુધી સારૂ ચોરી કરવી નહી, એમ કહેવાને બદલે ચોરી એ ચીજજ શુ છે ને સમજે નહી તેજ સારૂ. બાળકને બોધદાયક વાતો કહેવી, તથા તેવી સ્હેલી કવિતાઓ શીખવવી. કવિતાઓ ગાવાથી પણ તેના મગજપર ઘણી સારી અસર થાય છે. ઘણી માતાઓને એક કુટેવ હોય છે કે પોતાનુ બાળક રડતું હોય તો સીપાઇ, બાવા, ભુત કે પછી છેવટે બીલાડીની પણ બીક પેસાડી દે છે ને આમ કરીને તેને બાયલુ અને ડરકણ બનાવી દે છે. બીક એ ચીજ શુ છે તે બાળક સમજેજ નહી તેમ કરવું જોઇએ.

બુદ્ધિની કેળવણી એટલે એનો અર્થ એવો થતો નથી કે વાંચવા લખવાની કેળવણી. એનો અર્થ મનને ખીલવવાની કેળવણી એવોજ થાય છે. બાળક નાનપણમાં આ કેળવણી કુદરતથીજ લે છે, પરંતુ આપણે તેમાં ઘણી સારી રીતે મદદ કરી શકીયે છીયે. કુદરતી રીતે તે જે જે ચીજો જુવે છે તેનાં નામ જાણવાને આતુર હોય છે. આ વખતે બાળકને ગમ્મત મળે એવી ચીજો તેની આગળ મુકવી. તેના સામાન્ય ગુણો તેને સમજાવવ'ને કુદરતી રીતે બાળક આ વખતે તે ચીજો વાસ્તે અનેક સવાલ પુછે છે. એ શુ છે? એ કોણે બનાવી? એ કયાંથી આવી? તે તે વખતે તેવા સવાલોથી કંટાળી નહી જતાં બાળક સમજી શકે એવી રીતે સમજાવવા કોશીશ કરવી. બનતાં સુધી બાળક સમજી ના શકે તેવા જવાબ આપવા નહી. કેમ ન સમજી શકાય, તેવી બાબતો તેમની આગળ કહેવાથી બાળક તે સમજવા મ્હેનત કરે છે. જેથી તેમના કુમળા મગજપર ઘણી ખરાબ અસર થાય છે. બાળકની યાદદાસ્તશક્તિ ઘણી તેજ હોય છે માટે એક ચીજ તેને શીખવવા સારૂ બનતાં સુધી ફરી ફરી તેની સમક્ષ આવે તેમ કરવું.

જુલમથી કોઇ પણ વિષય બાળકને શીખવવો નહી, કારણ તેથી બાળકો જલ્દી ભૂલી જાય છે. બાળકોને શીખવવામાં નિયમિતપણું ખાસ જરૂરનુ છે. જો માબાપથી નિયમિતપણું સાચવી શકાય તેમ ના હોય તો બાળકને શીક્ષણ નિયમિતપણે આપે તેવાના હાથમાં સોંપવું જોઇએ. તેમ વચ્ચે વચ્ચે રજા પણ આપવી જોઇયે કે જેથી બાળક આનદથી રમત સાથે નિયમિતપણે અભ્યાસ કરે. નિશાળે મુકવાથી ઘણા ફાયદા છે પણ ત્યાં કોની સોબત છે, કેટલું શીખે છે, તે ઉપર બારીક નજર રાખવી જોઇયે.

બાળકના શરીરની કેળવણી ઉપર પણ ખાસ લક્ષ આપવાની જરૂર છે. આ ઉમ્મરમા તમે એને જેવું બનાવશો તેવીજ તેની આખી જીદગી જશે ને તેટલા સારૂ ચાર બાબતો જોવાની જરૂર છે. ખોરાક, કપડા, કસરત, ને રમત, ખોરાક બાળકને દીવસમા નિયમિત અતરે અને નિયમિતપણે આપવાની જરૂર છે. ખોરાક સાદો અને પુષ્ટિકારક જોઇયે. બજારનો ખોરાક ન ખાય તેમ કરવું જોઇયે. બનતા સુધી ઘરમાંજ ખાવાની ટેવ પાડવી. આજકાલ ચાની વપરાસ વધી પડી છે, નાના છોકરાને પણ ચાપરજ ઉછેરવામા આવે છે, તેથી બાળકની તબીયત ખરાબ થઇ જાય છે. ચા જેવા તનદુરસ્તીનો કટ્ટો દુસ્મન બીજુ કોઇ નથી.

કપડાં બાળકને સ્વચ્છ પહેરાવવા. કપડા ગદા હોવાથી તેની તબીયતમાં બીગાડો થાય છે, ને બાળક સુઘડતા કદી શીખતું નથી. આપણો દેશ ગરમ હોવાથી વધારે કપડાની જરૂર નથી. આખો વખત શરીર ઉપર વધારે કપડા રહેવાથી શરીર ટાઢ તડકો વેઠવાને અશક્ત થાય છે. સૂર્યનો સાધારણ તાપ તથા ઠડી વેઠવાની ટેવ પાડવી જોઇયે.

નાના બાળકોને કસરતની ખાસ જરૂર નથી. તેમની રમત ગમત એજ એમની કસરત છે. છોકરાઓને તેમની ઇચ્છા મુજબ રમવા દેવા. જેટલો વખત રમવુ હોય ને જે રમત રમવી હોય તે રમવા દેવી, તેમ રમતમા તેમનુ ખાવાનુ અને શીક્ષણનુ નિયમિતપણુ બગડે નહી તેની સાવચતી રાખવી બાળક દોડે, એક બીજા હરીફાઇ કરે, રમતમા જીત મેળવવા કોશીશ કરે, એ રમતો ઘણી સારી છે ને તેથી કસરત મળે છે.

બાળકને કદી પણ ધર્મ જેવા મહાન વિષયમા ઉડુ ઉતરવા દેવુ નહી. બાળકને ફક્ત એટલુજ જ્ઞાન આપવાની જરૂર છે કે આપણને બનાવનાર પરમેશ્વર છે કે જેણે આ દુનીયા, સૂર્ય, ચદ્ર, તારા, ગાય, ભેસ, વગેરે બનાવેલા છે. ને તે ઘણો દયાળુ છે, આપણને ઘણોજ વ્હાલ છે, હમ્મેશા સાચુ બોલનારને સારા કામ કરનારને ઘણી મદદ કરે છે, એવા ઉપલક સિદ્ધાંતોજ સમજાવવા. તેમાં પણ પાપ, પુન્ય, પરમેશ્વરનુ ઘર વિગેરે આવા પ્રશ્નો બાળક પુછે તે ના જવાબ આપતા ઘણીજ સભાળ રાખવી. જવાબ એવા આપવા કે જે ખોટા હોય નહી, ને બાળકને સમજતા મ્હેનત પડે નહી. ખાસ કરીને બાળકને શીખવવાનુ છે, તે એજ કે બાળક પરમેશ્વર ઉપર જેમ વધારે શ્રદ્ધા રાખતા શીખે તેમ કરવા ખાસ કાળજી રાખવી.

બ્હેનો, મ્હારી આપમતિ પ્રમાણે મ્હારા વિચાર મુજબ જે હુ થોડુ ઘણુ બોલી છુ તેમાં જો કે ભુલ ચુક ઘણી હશે, છતાં એમાંથી ત્હમને જે કાંઈ ગ્રહણ કરવા યોગ્ય લાગે તે ગ્રહણ કરી બાકીનું પડતું મુકશો. ઇશ્વર આપણી આ મહલિા પરિષદ્‌નુ આયુષ્ય લાબુ કરે ને દર વર્ષે કોન્ફરન્સની જોડે આપણી પરિષદ્‌ ભરાય ને તેમા આપણા સ્ત્રી ઉપયોગી વિષયોની ચર્ચાઓ કરી અમલમા મુકવા જેટલી મ્હારી દરેક બ્હેનોને પરમ કૃપાળુ પરમાત્મા સદ્બુદ્ધિ અને હીમ્મત આપે. ફરીથી પણ છેવટે આપણી મહિલા પરિષદ્‌નુ દીર્ઘાયુષ ઇચ્છી હુ બેસવાની રજા લઉછુ. અસ્તુ.

સૌ. હીરાલક્ષ્મીનો નિબંધ વંચાઇ રહ્યા બાદ ગંગાસ્વરૂપ સુલોચનાનો એજ વિષય-પર આવેલો નિબંધ સૌ. ભાનુમતી લલ્લુભાઇએ વાચ્યો હતો.

ગં. સુલોચનાનો નિબંધ.

બાળકોને કેવી રીતે ઉછેરવા તથા તેમને કેવા પ્રકારનું ગૃહશિક્ષણ આપવું.

સકળ પ્રાણી માત્રના નિયંતા, સદ્‌બુદ્ધિના પ્રેરનાર શ્રી ઈષ્ટ પ્રભુને સાષ્ટાંગ પ્રણામ અર્પું છું.

પૂજ્ય વડીલ બ્હેનો તથા સુજ્ઞ ભગિનીઓ,

આજની આપણી પ્રથમ મહિલા પરિષદ્ છે, તે કાર્યના આરંભ માટે તે બ્હેનોનો ઘણો આભાર છે. પ્રભુ પ્રારંભેલા કાર્યને નિર્વિઘ્ને પાર પાડો.

આ વિષય ઉપરના મથાળાથી સર્વને વિદિત હશેજ.

જે ભૂમિમાં જેવું ધાન્ય ઉત્પન્ન કરવું છે તેને લાયકની તે ભૂમિ તૈયાર કરવી પડે છે. જેવું ફળ ઉત્પન્ન કરવું છે તેવું બીજ વાવવું જોઇએ. સ્ત્રીઓને આપણા શાસ્ત્રમાં ક્ષેત્રની ઉપમા મળી છે. તો તે ક્ષેત્ર સારૂં ખેડાયલું હશે, જો તેની અંદર સારૂં ખાતર નખાયલું હશે તોજ તેનું ફળ સારૂં આવશે. આમ્રફળ ખાવાને ઇચ્છનાર તેના બીજને વાવે છે. સુગંધિત ચંપાની વાસને ઇચ્છનાર તેના બીજને રોપે છે. તો જેવું ફળ ઇચ્છીએ તેવું બીજ પ્રથમ રોપવું જોઇએ.

બાળકને જન્મ્યા પછીજ કેવી રીતે ઉછેરવું તે જાણવું જેટલું જરૂરનું છે તેના કરતા ગર્ભમાં તેની કાળજી રાખવી વિશેષ જરૂરની છે. તે સમયમાં જે સંસ્કાર તેનામાં પડે છે તે ઘણા ગહન હોય છે તો તે વખતે માતાએ રાખવી જોઇતી સાવધાનતા વિષે પ્રથમ કાંઇક વિવેચન કરૂં છું

પ્રથમ તો જ્યારથી સ્ત્રી ગર્ભધારણ કરે ત્યારથી તે ગર્ભના માતાપિતાએ બ્રહ્મચર્ય પાળવું જોઇએ. જો તે પ્રમાણે ન પાળે તો ગર્ભને હાનિ પહોંચે છે, અને વળી તેમાંથી જે પ્રજા ઉત્પન્ન થાય છે તે પણ બ્રહ્મચર્ય પાળી શકતી નથી.

બીજું ગર્ભ રહ્યા બાદ સ્ત્રીને અનેક પ્રકારના સ્વાદની ઇચ્છા થાય છે. તીખો, ખારો, ખાટો તેમ માટી, કાંકરા વિગેરે પદાર્થો કે જે ગર્ભને હાનિ કરે છે, તે ખાવાનું તેને મન થાય છે. વડીલ વર્ગ તરફથી આ પ્રસંગે તેમને ઇચ્છાનુકૂળ ખાતાં જરા પણ વિરોધ આવતો નથી. આનું કારણ એમ માનવામાં આવે છે કે જો ગર્ભવતી સ્ત્રીઓને ઇચ્છાનુ-કૂળ ખોરાક નથી અપાતો તો ગર્ભમાં દોષ આવે છે. આ સિદ્ધાંત વસ્તુતઃ સાચો છે, પણ તેનો આજે કેવળ અનર્થ થતો જોવામાં આવે છે. શું ગર્ભવતી સ્ત્રીને દારૂ પીવાની ઇચ્છા થાય તો તેણે તે પીવો ! તેણે અપથ્ય વસ્તુનું ગ્રહણ શું કરવું ! કોઇ બુદ્ધિમાન તે પ્રમાણે કરવા હા નહીં પાડે. ખરૂં છે કે તેને ઇચ્છા થાય પણ તે ઇચ્છાઓનો વિવેક કરવો જરૂરનો છે.

ઘણી સ્ત્રીઓને વડીલ વર્ગ જેવાં કે સાસુ અગર માતા તરફથી તને અમુક ઇચ્છા છે, એમ પૂછવામાં આવે છે, અને તેનામાં ઇચ્છા ન હોય તો તેને પ્રકટાવવામાં આવે છે. વળી જેને અનુકૂળતા હોય છે તેમને તો ગર્ભવતી સ્ત્રીને જે ઇચ્છા થઇ તે વસ્તુ હાજર થાય

છે. શું આ સર્વ ગર્ભનું પોષણ કરે છે? આ ઇચ્છા હિતકર નથી પણ અહિતકરજ છે, આ પ્રમાણે કરવાથી વૃત્તિને અને જીવ્હાને બ્હેકાવી દેવામાં આવે છે. આનું પરિણામ એ આવે છે કે તે પ્રજા મોટી ઉમર થતાં મિતાહાર કે સાદો આહાર ખાવાની ઇચ્છા છતાં તે પ્રમાણે નિયમથી વર્તી શકતી નથી. હાલની પ્રજા ખાવાના સંબંધમાં જે અત્યંત લોલુપતાવાળી જોવામાં આવે છે. તેનાં આજ મુખ્ય કારણ છે. તેવા સંસ્કાર તેમને ગર્ભમાંથી પડેલા હોય છે.

મજુર વર્ગ કે જે શાક અને રોટલા ખાઇને જીવે છે તેમને આવા આવા પદાર્થો ખાવા નથી મળતા તેમના ગર્ભ શું દોષવાળા થાય છે? વિચારીને જોઇશુ તો ઉલટી તેમની પ્રજા આવા ઓછા દોષવાળી અને તેની સાથે શરીર બળવાન જણાશે.

વળી ગર્ભનો સમય પણ કેટલો ભયંકર થઇ પડયો છે. સ્ત્રીઓમાં એમ કહેવાય છે કે પ્રસૂતિનો સમય એ તેમને શિરે એક મહાકષ્ટરૂપ છે, એમાંથી ઉઠે તો નવે અવતાર આવ્યાં ગણાય છે. જો તેમજ છે તો પશુ, પક્ષીને પણ તેવું ગણાવું જોઇએ, પણ તેમાંનુ કાંઇ નથી તો મનુષ્યને શા માટે તેવું હોવું જોઇએ? ખાવું પીવુ એ સ્વાભાવિક છે, અને તેથી આપણને કષ્ટ થતું નથી, પણ સુખ થાય છે. ત્યારે પ્રસૂતિનો સમય એ પણ સ્વાભાવિક છે, અને તેથી તે કોઇ પણ રીતે કષ્ટપ્રદ હોવો સંભવી શકતો નથી. તે કુદરતી છે તેથી તે સુખપ્રદજ છે.

આપણા લોકમા પ્રસૂતિના સમયમા જે ભય જણાય છે, તેમાં કસરત અને સાદો આહાર નહિ હોવો તેજ તેનુ કારણ છે. મજુર વર્ગ ટાઢમા, તાપમાં, જંગલમા ગમે ત્યા બાળકને જન્મ આપે છે, ને ટોપલામા મુકી ઘેર આવે છે.

ઉપર જણાવ્યા પ્રમાણે પ્રજાને ઉત્પન્ન કરવા ઇચ્છનાર માતપિતાએ જેવા શરીરવાળી, જેવા મનવાળી, જેવા સદ્ગુણવાળી પ્રજા કરવી હોય તેવા પ્રથમ તેમણે થવુ જોઇએ.

માતપીતા બીજરૂપ છે અને પ્રજા ફળરૂપ છે. જેવા માતપિતા રૂપી બીજ હોય છે, તેવીજ પ્રજા થાય છે. તેવી રીતે પ્રજારૂપ ફળ પણ યોગ્યકાળે બીજની દશાને પ્રાપ્ત થાય છે અને તેમની યોગ્યતા પ્રમાણે ફળ ઉત્પન્ન કરે છે. તેથી ઉત્તમ ફળને ઉત્પન્ન કરવા માટે ઉત્તમ બીજ તૈયાર કરવાની પ્રથમ જરૂર છે.

પ્રજાને ઉત્તમ શરીરવાળી કરવી હોય તો માતા પિતાએ યોગ્ય શરીર સંપત્તિ પ્રાપ્ત કરવી. પ્રજાને ઉત્તમ મનોબળવાળી કરવી હોય તો માતા પિતાએ ઉત્તમ મનોબળવાળાં થવુ. પ્રજાને ઉત્તમ અધ્યાત્મબળવાળી, ભક્તિવાળી, ગરવીર જેવી કરવી હોય તેવાં માતા પિતાએ પ્રથમ થવુ જોઇએ. પ્રજા તે માતપિતા સ્વરૂપજ છે. તેમનો સર્વ વારસો તેને મળે છે તેથી માતા પિતા સુધરતાં પ્રજા પોતાની મેળે સુધરે છે. પોતે નિકૃષ્ટ રહી પ્રજાને ઉત્કૃષ્ટ જોનાર તે લાભને પામી શકતું નથી.

આજે પણ રામ, કૃષ્ણ, અર્જુન આદિ અનેક પુરૂષો ઉત્પન્ન થઇ શકે તેમ છે, માત્ર તેમને ઉત્પન્ન કરનાર માતપિતાનીજ જરૂર છે, જગતનું સાચુ કલ્યાણ કરવા ઇચ્છનાર સ્ત્રી પુરૂષો, તમારે સમર્થ પ્રજા ઉત્પન્ન કરવા યોગ્યતા ધરવી જોઇએ, તેથી તમારૂં, પ્રજાનું અને દેશનું કલ્યાણ થશે.

બાળકો દુર્બળ જન્મે, અકાળે મરણ પામે, દુર્ગુણથી કલંકિત થાય, તેમાં માતાપિતાનું અજ્ઞાન મુખ્ય કારણ છે. બાળકોને કેવી રીતે ઉત્પન્ન કરવાં, કેવી રીતે ઉછેરવાં, કેવી રીતે કેળવવાં, એનું જેમને જ્ઞાન છે તે નીરોગ, દીર્ઘાયુષી તથા સદ્ગુણી બાળકો ઉત્પન્ન કરી શકે છે.

પ્રજા ઉત્પન્ન થવી એ કુદરતી છે. પ્રજાથી માતાપિતાને લાભજ થાય છે, તેથી તેમનું આરોગ્ય વધે છે. તેમની વૃદ્ધાવસ્થા થતા બાળકો સુખના હેતુભૂત થઈ રહે છે. મૃત્યુ પછી પણ શ્રાદ્ધાદિક્રિયા વડે માતપિતાની ઉર્ધ્વગતિ કરવામા સહાયક થઇ રહે છે તેમજ જો તે સારાં નીવડે છે. તો જગતને પણ ઉપકારક થઇ રહે છે.

પ્રજાને ઉછેરવામાં ત્રાસ નથી પણ આનંદ છે, જે માતાપિતાને બાળકોને કેમ ઉછેરવાં તેનુ જ્ઞાન નથી તેમને તે દુખરૂપ ભાસે છે, પણ જેમને તેનુ જ્ઞાન છે તેમને તે સુખરૂપ લાગે છે. એક વિદ્વાન કહે છે કે પ્રજાવાળુ ઘર તે ભૂમિ ઉપર સ્વર્ગ છે.

આ ઉપરથી નિશ્ચય થાય છે કે જેવા માતાપિતા હોય છે તેવા બાળક થાય છે. તેમ ગર્ભ રહ્યા બાદ જેવા સસ્કાર માતાપિતા નાખે છે, તેવુ બાળક થાય છે માટે દરેક સ્ત્રી પુરૂષે તે સમયે ઘણી સાવધાનતા સેવવાની જરૂર છે.

સગર્ભાવસ્થામાં સ્ત્રીઓ ગમે તેવું વર્તન સેવે છે તેથી કેવુ પરિણામ આવે છે તેનુ એક દષ્ટાંત મારા વાચવામા આવ્યુ છે તે લખુ છુ. જે ગર્ભ સમયે માતા જે વિચારો સેવે છે તેની કેવી અસર પ્રજા ઉપર થાય છે તેનો બહુ સારો પુરાવો આપે છે—"કોઇ એક દેશમા એક છોકરો છે. તે સુદર અને તેજસ્વી છે. શરીર સુદૃઢ છે, પણ તેનામા એક વિલક્ષણતા જોવામા આવે છે કે તે સર્વની સાથે રમે છે, હસે છે, અને છુટથી બોલે છે, પણ જ્યારે તેના બાપ પાસે આવે છે ત્યારે તેનાથી એક અક્ષર પણ બોલી શકાતો નથી, તે તે સમયે મૂગોજ થઈ જાય છે. તેના બાપ સાથે બોલાવવાને તેને ઘણાએ સમજાવવામાં આવ્યો, તેને લાલચો પણ આપવામાં આવી, અને છેવટે તેને ધમકી આપવામાં આવી પણ એક અક્ષર તેના બાપ સાથે બોલ્યો નહિ. મોટા મોટા દાક્તરોએ આને તપાસ્યો પણ કાઇ કારણ જડયુ નહીં, પણ તેનું કારણ એ છે કે તેનો જન્મ થયા પૂર્વે છ એક મહિના ઉપર ઘરના કોઈ કારણને લીધે તેની માતાને તેના બાપ સાથે કજીઓ થયો, તે સ્ત્રી એક-દમ ગુસ્સે થઇ ગઈ અને પોતાના પતિ સાથે નહિ બોલવાનો નિશ્ચય કર્યો. આ પ્રમાણે તે ઘણા દિવસ બોલી નહિ. તેણે એવો નિશ્ચય કર્યો હતો કે તેના પતિ માફી માગે તોજ બોલુ. પેલા બિચારા પતિએ કજીઓ પતાવવાને તેની માફી માગી, અને ગૃહસંસાર ચાલવા લાગ્યો. થોડા દિવસે બાળકનો જન્મ થયો, અને તેની સર્વ ક્રિયા કરવા લાગ્યો. જરા જરા બોલવા પણ લાગ્યો. પણ તેને જે કહેવુ હોય તે હમેશાં તેની માતાને કહેતો, અને પિતા સાથે બોલતા તેના હોઠ બીડાઇ જતા."

આ ઉપરથી આપણને સ્પષ્ટ થાય છે કે ગર્ભ સમયે માતાના આચાર વિચારની કેટલી અસર પ્રજા ઉપર થાય છે, તથા તેણે તે સમયે કેટલી શરીર તથા મનપર અંકુશ રાખ-વાની કેટલી અગત્ય છે. માત્ર નવ માસ જેટલા અલ્પ સમયમાં જો માતા સાવધ નથી રહેતી તો બાળકનો આખો જન્મારો બગડે છે, અને જો તે સમયમાં યોગ્ય આચાર વિચાર સેવે છે તો બાળકનો આખો જન્મારો સુધરે છે. કેવળ બાળકને જન્મ આપવો તેમાં મહત્તા નથી, પણ સારા સસ્કારવાળા બાળકોને જન્મ આપવો એમાં મહત્તા છે.

આ પ્રમાણે બાળકના જન્મ પહેલાં પાળવાની કેટલીક સુચના કર્યા બાદ આપણા મૂળ વિષય ઉપર આવીએ.

"કુમળુ ઝાડ જેમ વાળીએ તેમ વળે" એ કહેવત પ્રમાણે બાળકને પણ જેવું શિક્ષણ આપીએ તેવું થઈ શકે છે. બાળક છે તો નાનુ બચ્ચુ પરતુ તેનુંજ મહત્વ ઘણું છે, કેમકે આગળ ઉપર તેજ મોટુ થઈ મનુષ્ય થવાનુ છે.

બાળકને કેળવવામાં પ્રથમ નિયમ એ લક્ષમાં રાખવાનો કે તેની મરજી પ્રમાણે તેને વર્તવા દેવું. જે જે ક્રિયા પોતાની મેળે કરતું હોય તેમાં વચ્ચે આડા આવવું નહીં. આનો અર્થ એવો નથી કે બાળક ઓટલેથી કુદકો મારે તો મારવા દેવો. સ્વતત્રતા આપવી તેની સાથે તેના ઉપર દેખરેખ પણ રાખવી, કેમકે બાળકની બુદ્ધિ ઘણી ચચળ હોય છે તેમ શુદ્ધ હોય છે. તેથી જો તેના ઉપર દેખરેખ ન હોય તો તેની બુદ્ધિનો તે અવળો ઉપયોગ કરે છે. તેમ જો માબાપની અતિશય કાળજીથી તેને સ્વતત્રતા નથી મળતી તો બાળક ચીડીયું, કકાસીઉ અને રોતડુ થાય છે.

વળી બાળક સ્હેજ રડે કે તરત તેને લેવા જવું નહિ, કેમકે કોઇ વખત કામને લીધે જો તરત લેવા જવાતું નથી તો તેને પહેલાંની તરત લેવાની ટેવ પડેલી હોવાથી તે બમણું રડે છે, પણ જો રડતું હોય અને થોડો સમય ગયા પછી લેવા જઇએ તો તે પ્રમાણે તે કરતુ નથી, પણ સ્હેજસાજ રડીને વળી રમવા માંડે છે, તેને હમેશાં એકલાજ રમવાની ટેવ પાડવી. સ્હેજ રડે કે બ્હાર લઇ જવાની રીત રાખવી નહી. વળી બાળક રડે કે તરતજ તેને છાનુ રાખવા માટે ધવડાવવાની કે મોટુ હોય તો તેને કઇક ખાવાનુ આપી છાનુ રાખવાની ટેવ ઘણી અયોગ્ય છે.

બાળકને ચાલતાં આવડે પછી તેને સ્વતત્રજ ફરવા દેવુ. આપણા લોકમાં છોકરાં ચાલતાં શીખે ને પાંચ છ વર્ષનું થાય ત્યાર પછી પણ ઉચકીને ફરે છે, અને તેમાજ સઘળા લાડનો સમાવેશ થયો ગણાય છે.

બાળક ચાલતાં કે દોડતાં પડી જાય તો આપણે કહીએ છીએ કે તને કોણે પાડી નાખ્યુ, જો પેલી કીડીને મારીએ, કે જમીનને મારીએ, એણે તને પાડયુ. તો આ રીત ખોટી છે. આવી રીતથી નાનપણથીજ તેને પારકા દોષ જોવાની ટેવ છે, પણ તેને બદલે તું શુ કરતાં પડી ગયું, જો બરાબર સભાળથી ચલવું, વિગેરે વચન તેને કહ્યા હોય તો તે પોતાના દોષ જોતા શીખે છે ને ફરી સભાળથી વર્તે છે.

છોકરાને નાનપણથી ચોખ્ખા રાખવાની ટેવ પાડવી, તેમના કપડાં, સુવાનુ ઘોડીઉ, પથારી વિગેરે ચોખ્ખુ રાખવું. તેમ કર્યાથી તે મોટુ થાય છે, ત્યારે તેને સ્વચ્છતાઇ શીખવવી પડતી નથી.

પોતાની સ્થિતિ હોય તો બાળકને સ્હવાર સાંજ ખુલી હવામાં ફરવા મોકલવું, તેથી બાળકનું મન પ્રફુલ્લ રહે છે. તેમ કુદરતના નવા નવા દેખાવ જોવાથી તેની બુદ્ધિ પણ ખીલે છે.

આપણામાં વળી એક એવી ટેવ હોય છે કે મા જો છોકરાને કંઇ કહે તો બાપ તેનું ઉપરાણું ખેંચે ને બાપ કહે તો મા ઉપરાણું ખેંચે તો આ રીત ખોટી છે. એક તો તેનાથી બાળકને જે વસ્તુ માટે હઠ હોય તેમા વૃદ્ધિ થાય છે, અને બીજું મતાપિતામાં

આ પ્રમાણે વિરૂદ્ધ વિચાર જોવાથી એક જણુ ખોટું છે એમ તેને લાગે છે. તેથી તેમના પ્રત્યેની માનની દષ્ટિ ઓછી થાય છે.

બાળકને નોકરને ઉછેરવા માટે આપવાં નહી. કેમકે " સોબતે અસર " તે કહેવત પ્રમાણે આખો વખત નોકર પાસે રહેવાથી તેના જેવી અક્કલ તેમનામાં આવે છે. બીજું નોકરને કાંઇ બાળક માંદુ થવાની કે પડયા આખડયાની લાગણી હોતી નથી. તે તો તે બ્હાને બ્હાર નીકળવાનુ શોધે છે, તેથી બાળકને એક જગ્યાએ કાંઈ ખાવાનુ આપી પોતે પોતાની ટોળીમાં ગપાટા મારે છે. બજારના ગમે તેવા ખોરાકથી બાળક માંદું થાય છે, અને પછી તે આપદા પોતાનેજ ભોગવવી પડે છે.

નોકર ચાકરને હાથે ઉછેરવાથી બાળકને શી અસર થાય છે તે માટે સરસ્વતી ચંદ્ર-માથી પ્રમાદધનનો પ્રત્યક્ષ પુરાવો છે. જો કે પ્રમાદધન કુલીન માતાપિતાનું બાળક હતું. તેનામાં તેમનો અંશ હતો, પરતુ માણસોના હાથમાં ઉછરવાથી તે કુછંદમાં પડયો હતો, અને કુમુદસુદંરી જેવી સ્ત્રી મળ્યા છતાં તેને તૃપ્તિ થઇ ન હતી.

વળી હાલમાં છોકરૂં સ્હેજ માંદુ થયુ એટલે દાકતરનુ ઘર શોધવું પડે છે. જો આ વખતે માતાને ઘરગથુ વૈદાનુ જ્ઞાન હોય તો તે તેનો ઉપચાર કરે છે. આઠ દિવસ થયા એટલે દીવેલનો કે એવોજ બીજો બાળકના શરીરને અનુકૂળ રેચ આપવો. બે ત્રણ દિવસે હરડે, સચળ વિગેરેનો ઘસારો પાવો. વરાધ થઇ કે એવા બીજા બાળપણના સ્હેજસાજ રોગના ઉપચાર માતાએ જાણુવા જોઇએ. ઘરનાં ઓસડથી મટે નહીં તેવું કાંઇ હોતું નથી, પણ તેની પછવાડે મહેનત કરવી પડે તેને લીધે દાકતરના ઘરનું બે આનાનું દવાનું પાણી આવ્યું તે પાયુ એટલે થયુ. ઉટવૈદાં ન કરવાં પણ જરા જરામાં દાકતરનું ઘર શોધવું ને પૈસાની દવાને બદલે બે આના ફેકી દેવા તે સારૂં નથી.

ઘણી સ્ત્રીઓને એવી પણ ટેવ હોય છે કે બાળક ઉંઘી ગયુ હોય ને બે દાદર ઉપર ચઢીને સુવાડવાનુ હોય તો તેમને થાક લાગે છે. જરા કાંઇ બહાર જવું હોય તો બાળકને નોકર ઉચકી લે તોજ જવાય. બાકી પોતાને ઉચકતાં શરમ આવે. માત્ર પોતાનુ બાળ-કજ પોતાને ઉચકતાં થાકી જવાય અને શરમ આવે ત્યારે બીજાના બાળકને તે શુ કરી શકે. બાળક તે માતા પિતાનુજ અંગ છે. પોતાના હાથ પગ વિગેરે અંગને ઉચકવા માટે આપણે કોઇને બોલાવતાં નથી. તેમ તેને ઉચકતાં થાકતાં પણ નથી. ત્યારે બાળકમાં પણ તેમ ન થવું જોઇએ. ખરૂ છે કે ઇશ્વરે સમૃદ્ધિ આપી હોય તે ભોગવવી. પણ પોતાનુ કામ કરવામાં ખાલી વૈભવ બતાવવો જોઇએ નહિ.

બાળક પ્રથમના પાંચ છ વર્ષમાં જેટલું શીખે છે તેના સંસ્કાર જીંદગીપર્યંત નષ્ટ થતા નથી, તો ખરેખરી કેળવણી આપવાનો સમય એજ છે.

હવે આ અવસ્થામાં બાળક પોતાનો ઘણો વખત માતા પાસેજ ગાળે છે, તેથી ખરી કેળવણીનો આધાર માતા ઉપરજ છે. તો તેમને કેવા પ્રકારની કેળવણી આપવી તેનુ જ્ઞાન સ્ત્રીઓને જરૂરનુ છે.

કેળવણીના પ્રકાર ત્રણ ગણાય છે. શારીરિક, માનસિક, નૈતિક તેમ ચોથી ધાર્મિક કેળવણી પણ આપવાની જરૂર છે.

નાની ઉમ્મરથી બાળકની શારીરિક કેળવણી તરફ લક્ષ આપવાની ઘણી જરૂર છે,

કેમકે તેજ વખતમાં તેને વધવાનો સમય છે. તેમ આ વખતમાં જે લક્ષ અપાયલુ હોય છે તે ઉપરજ તેની જીંદગીનો આધાર છે.

એક તો તેને ખોરાક નિયમસર યોગ્ય પ્રમાણમાં આપવો. તેનાં હાડકાં વધવાનો આ સમય છે, માટે પૌષ્ટિક અને પચી શકે તેવો ખોરાક આપવો. તે છેક ઓછો પણ ન આપવો, તેમ ઘણો પણ આપવો નહિ.

બીજું તેમનુ શરીર તથા કપડાં સ્વચ્છ રાખવાં, તેથી તંદુરસ્તી સારી સચવાય છે કપડાં પણ ઘણાં પહેરાવવાં નહીં. ઋતુને અનુસરી લુગડા પહેરાવવાં, પણ ઘણા કપડાં પહેરવાની ટેવ પાડયાથી કોઇકવાર નુકસાન થાય છે. સ્હેજ ટાઢ લાગે તો શરદી થઇ જાય છે. તો તેમને તાપ, ટાઢ સહન કરવાની ટેવ પાડવી.

ત્રીજુ રમતની સાથે કસરત શીખવવી, તેમ કર્યાથી શરીરને કસરત મળે છે, ને રમતને લીધે મન આનંદમાં રહે છે. દરેક અંગને જોર આવે તેવી રીતની કસરત કરાવવી.

બાળક બોલતાં શીખે છે ત્યાર પછી તેને દરેક વસ્તુનુ નામ જાણવાની ઇચ્છા થાય છે. આ વખતે ઉપયોગી ને ગમ્મત મળે તેવી ચીજો તેના આગળ મૂકવી, ને પછી તે દરેક વિષે સ્હેજસાજ વિવેચન કરવુ. અઢી ત્રણ વર્ષની ઉમર થાય પછી રમતમાંજ સો સુધીના આંક તો તેમને શીખવવા. વસ્તુઓના રંગ આકાર પણ વાતમા જે જે વસ્તુ તેને બતાવવામાં આવે તે વખતે શીખવવા. મૂળાક્ષરને માટે પાના રાખવા. તે ઉપરથી તેમને તેની ઓળખાણ આપવી. આ પ્રમાણે કર્યાથી રમતમાં ને કંઈ પણ મગજને જોર પડયા વિના સરળતાથી શીખી જશે. બાળકને ખુશામત ઘણી ગમે છે તેથી જેમ બને તેમ તેને આનંદમાં રાખી ગમ્મત સાથે જ્ઞાન આપવું. રાત્ર સુતા પહેલા દેશના મહાન પુરુષોના જીવન ચરિત્રની તથા પુર્વના મહાન્ ઋષિઓની, દેવોની, સતી સ્ત્રીઓના વર્તનની વાર્તા તેમની આગળ કરવી અપંગ, દુર્બળ મનુષ્યને અન્ન, વસ્ત્ર, દ્રવ્ય વિગેરે આપવાનો પરોપકાર કરતાં તેમને નાનપણથી શીખવવુ. મોટા પ્રત્યે માનની લાગણી રાખતા, તથા પોતાના શિક્ષાગુરુ પ્રત્યે પૂજનીય બુદ્ધિ રાખતા શીખવવુ

પાંચ છ વર્ષની ઉમ્મર પછી તેને નિશાળે બેસાડવુ, બને તો સાત વર્ષ થાય ત્યારે નિશાળે મોકલવુ. એ મુદ્દત દરમિયાન તેના તન અને મનની કેળવણી પાછળ માબાપે પૂરતો પ્રયાસ કરવો. બાળકને જેમ બને તેમ માબાપે પોતેજ શીખવવુ, તેથી માબાપના જેવા આચાર વિચારો હશે તેવુ બાળક થશે. નૈતિક અને ધાર્મિક સંસ્કારોનુ બીજ ઘરમાંથી રોપાય છે. તેથી બાળકના અને માબાપોએ વૃદ્ધાવસ્થામા સુખ મેળવવા પોતાના સ્વાર્થ સારૂ જેમ બને તેમ ઘરમાં સારી છાપ પાડવી. જેવુ કરશો તેવુ પામશો. એ કુદરતી નિયમ છે.

બ્હેનો, આ રીતે યથાશક્તિ બન્યું તેટલું ટુકાણમાં તમારા સમક્ષ આ વિષય પર મે વિવેચન કર્યું. એ વિષયમાથી તમને કાંઇ પણ ઉપયોગ જેવુ લાગશે તો મારો શ્રમ સફળ થયો સમજીશ. અસ્તુ.

બ્હેનો, મહિલા પરિષદ્ "મહિલા" પદ ધારણ કરવાને માટે છે. ફક્ત તેવી સભાઓ ભરવામાં કે વિષયો લખી મોકલવામા આપણી સાર્થકતા નથી, પણ પૂર્વના ઋષિ મુનિઓએ આપણને જે "મહિલા ઉત્સવની ભૂમિ" એ પદ આપ્યુ છે તે પદની સાર્થકતામાં છે. પુસ્તકો ઉપરથી અને અનુભવથી વિષયો લખવા તે કામ તો "કહેવું સહેલુ છે." એ

પદ પ્રમાણે થયું. પણ "કરવું કહેણું છે" એ પદને આચારમાં મૂકવું તેજ આપણું કર્તવ્ય છે. પ્રભુ આપણુ સ્ત્રી જાતિને સદ્‌બુદ્ધિ આપો. દિનપ્રતિદિન આપણું જ્ઞાન વૃદ્ધિ પામો એ અંતિમ વિનંતિસહ વિરમું છું.

ગંગાસ્વરૂપ સુલોચનાનો નિબંધ વંચાઈ રહ્યા બાદ "રોવા કુટવાની જે ગેલછા આપણી નાતની સ્ત્રીઓમાં જોવામા આવે છે. તેનાથી આપણા મન તથા શરીરને થતા નુકશાનો" એ વિષય સૌ. મગળાગૌરી ત્રીકમલાલે પોતાનો નિબંધ વાંચ્યો હતો.

અં. સૌ. મંગળાગૌરી ત્રીકમલાલનો નિબંધ.

માનવતાં પ્રમુખ તથા બ્હેનો

આપણી મહિલા પરિષદ્‌માં વચાવાના સાત નીબધોમાથી છેલો વિષય 'રડવા કુટવા' ઉપર હુ થોડુ બોલવા ધારૂ છુ. આપણી નાતમા મુવા પછાડી રડવા કુટવાનો રીવાજ છે તે ઘણોજ ખરાબ છે. તેથી આપણા શરીર અને મનને તો નુકસાન થાય છે તે દેખીતુંજ છે, પરતુ મરનારનો આત્મા પણ તેથીજ ઘણો દુ:ખી થાય છે. આપણા લોકો શાસ્ત્રને માને છે ને તેમાં ખાસ કરીને આપણે સ્ત્રીયો તો શાસ્ત્રને ઘણુજ માન આપીએ છીએ. આપણા શાસ્ત્રમાં ચોખ્ખી નાજ કહેલી છે. ગરૂડ પુરાણુમા ચોખ્ખું કહેલુ છે કે મુઆ પછાડી તેના સગાં વહાલાં જે રૂવે છે તેથી મરનારનો આત્મા પણ ઘણોજ દુ:ખી થાય છે. માણુસના મૃત્યુથી તેના અગતના સગાને જે લાગણી થાય છે ને રૂવે છે તે તો રોકી શકાતુ નથી, પરતુ જે કુટવા વિગેરેનો ચાલ છે તે હુ તો ઘેલછા ધારૂ છુ. એક પછી એક કડીબધ શબ્દો આવે પ્રસગે યાદ આવે છે. એ જોઇ મને ઘણુજ આશ્ચર્ય લાગે છે. કુટવાથી મનુષ્ય પાછુ તો આવતુ નથી. તો પછી જેમ બને તેમ આપણે શાન્તી રાખી મરનારના આત્માને શાન્તી થાય તેવા રસ્તો લેવો જોઇએ. સ્નેહી સબધીઓએ પણ ધીરજ આપી તેનુ મન શાન્ત પાડવુ જાઇએ. તેને બદલે આ તો ઉલટુજ છે. મરનારના આત્માને શાન્તી આપવા માટે આપણે શાસ્ત્ર પ્રમાણે ધર્મક્રિયા કરીએ છીયે, પરંતુ તેની પછાડી કે પહેલુ કુટવાનુ તો ખરૂજ. તેને માટે ખાસ નિયમ કરેલા અમુક વખત પહેલુ રડવું. અમુક વખત પછી રડવુ. અમુક વખત કુટવું, આપણા રડવા કુટવાની નિયમોની કલમો કરતા હુ ધારૂ છુ કે ધારા શાસ્ત્રીઓ (વકીલો) ના નિયમોથી કદાચ પણ ઓછી હશે. રડતી કુટતી વખતે બોલવા જોઇતા શબ્દોના નિયમમાં તેમાં ભુલ ના થાય તેને વાસ્તે રાખવી જોઇતી ચેવટ, હું ધારૂ છુ કે એક વકીલ, બારીસ્ટર કે મુનસફ પણ કેસ ચલાવતી વખત રાખતો નહી હોય તેવી રાખવી પડે છે. દુનીયાની રૂઢી આગળલ આપણા વહાલાનો સ્નેહ પણ ઘટી જાય છે. જો તેમ ના હોય તો દુનીયામાં સારૂ દેખાવાને ખાતર મરનારને દુ:ખ થાય તેવુ આપણે સમજ્યા છતાં શા માટે કરીએ છીએ? મરનારની ક્રિયા કરતી વખતે આપણુને લાગે ને રડવુ આવે એ ખરૂં છે ને તેથીજ સ્નેહી સબંધીઓ હાજર રહી તેને ધીરજ આપી શાન્ત પાડવા જોઇએ. નહી કે કુટી પીટી તેને ઉલટો લોહી ઉકાળો કરવો જોઇએ એક પછી એક નાતના બૈરા આવ જે દરેકના નામનો બબેવારનો છેડો વાળવોજ જોઇએ. સામુ ઘરનું તો એક ને આવનાર હજાર, આવવાનો હેતુ હું ઉપર કહી ગઇ તેમ રડતાને ધીરજ આપી શાન્ત પાડવાનો પણ હવે તો તે ક્રમ નથી દેખાતો. હવે તો ઉલટું માણુસ કંઇક શાન્ત થઇને બેઠું હોય તેને રડાવે છે. દીલાસો દેવાની રીત પાસે જઇ બીજી વાતોમાં તેનુ મન રોકવાની છે. કુટવાથી મરનારનો આત્મા દુ:ખી થાય

છે. તેની સાથે આપણા શરીરની પણ ખરાબી થાય છે, માણસ માંદુ હોય તેની ચાકરી ને દીલગીરીમાં ઉંઘ અને ભુખથી અધમુવા નો થઈ ગયા હોય, અને મૃત્યુથી ગભરાઇ ગયા હોય તેને શાન્ત પાડવાને બદલે, ઉલટા દુ:ખી કરે છે. પહેલાની સ્ત્રીયો કરતાં હાલની દરેક બ્હેનોનાં શરીર નબળાં હોય છે, ને તેમાં છાતી વિશેષ નબળી હોય છે, તેમાં કુટવાથી ઘણુ નુકસાન થાય છે. છાતી એથી રાતીચોળ થઇને મોટા રોગ ઉત્પન્ન થાય છે અને માથાં કુટી કુટીને પોતાની જીદગી સુધીનુ દુ:ખ વહોરી લે છે, શોકને શાન્ત પાડવા માટે મરનારને વીસારવાને બદલે રોજ ને રોજ સભાળીને નાહક ચિતામાં પડી રૂદન કરે છે. તહેવારોને દીવસે સહવારના પહોરમાં ઇશ્વરસ્મરણ કરવાનુ શરૂ થાય છે એથી જરા પણ ફાયદા થતો નથી. જો વધાર રૂદન કરવાથી મરનાર પાછુ આવતું હોય તો જુદી વાત પણ તેમ બનતુ નથી. તો પછી મરનારની પાછળ જીવતાનો શા માટે મરો કરવો.

વળી માણુસ મરી ગયા પછી બૈરાઓ ઘેરથી તળાવ અગર નદીપર નહાવા જાય. જેવા ગામમા તળાવમા પાણી ના હોય તો ખાસ મજુરણ રાખી કુવામાંથી પાણી કઢાવી નહાય જતી વખત દરેક ચકલે ચકલે કુટતા જાય. આડે દીવસે બજારમા પણ ન જનારી આપણી શરમાળ સ્ત્રીયો આમોદ જેવા નાના ગામમાં તો સાડાત્રણ સ્ત્રીયો ભરબજાર વચ્ચે અમર્યાદપણે જાય એ શુ આપણા જેવી કેળવાયલી ન્યાતને માટે નીચુ જોવાડનાર નથી!

બીજુ આપણામા મૃત્યુ પછાડી ખોરાક લેવાની રીત પણ ઘેલછા ભરેલી છે. જુવાન મૃત્યુ પછાડી આપણામાં જે ખોરાક વપરાય છે, તે ખરેખર મજબુતમાં મજબુત સ્ત્રીની તંદુરસ્તીને પણ નુકસાન કર્તા છે. તેની સાથે ઘરના માણસને આવા ભારે દુ:ખમા ઉપાધી રૂપ છે. તેર દીવસમા વપરાતો ખોરાક ધાણી,સાથુ,તેલ,દહી, કંકોળની દાળ, અથાણુ, મરચા વિગેરે. સાંજના કઢાળના દાળ ને રોટલા, આ સઘળામાથી આપણા ઘરમાથી હજી તૈયાર માત્ર એક બે ચીજો નીકળે છે. એટલે સ્મશાનમાથી હજી પાછા તો આવ્યા ન હોય તે પહેલાંજ ધાણી સાથુ વિગેરેની તેવડ કરવી પડે છે. નાનુ ગામ હોય ને દહી મળતુ ના હોય તો કેટલી મુશીબત વેઠવી પડે છે. સવાર સાજ બે વખત દુધ લઈ જમાવવા, ને બગડી જાય તેનુ નુકસાન, આથી ગરીબ વર્ગ તો જીવતો મરી જાય છ. એક માણસના મૃત્યુની હેબક ને બીજી તેથી જ્યાદે પૈસાની હેબક પેસે છે. મૃત્યુનો શોક વીસારી બીચારા પૈસાની તેવડમાં ફરે છે ને છેવટે બીચારા કરજ જેવા ખાડામા ઉતરે છે. સગાસબધી પરદેશથી આવ્યાં હોય તેમને તેડવા જાય, પૈસો હોય કે ન હોય, પરતુ ઉપલી સઘળી તૈયારી કરવીજ પડે. લગ્નમાં કસર ચાલે પણ આમા તો નાજ ચાલે. ગામનાં સગા ના કહે તોપણ તેને આગ્રહ કરી તેડી લાવવા પડે. આ સઘળામા ખામી આવતા તેની નિદા થાય. શુ આનુ નામ દીલાસો દીધો કહેવાય કે દુ:ખમા ઉમેરો કહવાય. ધારો કે કોઇને અગતના સગા ન હોય કે કઇ કારણસર હાજર ન હોય તો જમવાના તેડાને ઉપલી તૈયારી કયાથી કરે. ગમે તેમ કરે તેનો વિચારજ કોણુ કરે છે? પૈસા સબધી સ્થિતિ તે પણ કોણ જુવે છે. અરે કેટલાક કહે છેજ એમાં કસર પાલવે રૂડો અગર ભુડો વરો રૂડા વરામા કસર પાલવે, પણ ભુડામાં ના પાલવે. સામા મનુષ્યની સ્થિતિનો વીચાર ન કરનાર મનુષ્યને કોમળ હૃદયનુ કેમ કહેવાય! આવા વિચાર ધરાવનાર કેળવાયલા છે, એમ કહેતાં પણ નીચુ જોવું પડે. ઘઉં નહી તો બાજરી, ચોખા નહી તો કોદ્રી, દુધ નહી તો દહી, એમ એકને બદલે બીજો ખોરાક વપરાય છે તો ખરોજ, તો પછી એના કરતા ચાલુ ખોરાકજ વપરાતો હોય તો ઘરના માણસને પણ સુગમ પડે ને તદુરસ્તીને પણ હાનિકર્તા નહી. છેવટે હુ મ્હારી

દરેક બ્હેનોને વિનતિ કરૂ છુ કે આ સર્વ અયોગ્ય રીવાજોને જડમૂળથી કાઢી સુધારો કરવો એ આપણુ સ્ત્રીયોની ફરજ છે, ને સ્ત્રીયોથી બની શકે તેવુ છે. અને એ તો ચોક્કસજ છે કઇ પણ જુનો રીવાજ કાઢી નવો રીવાજ દાખલ કરતા લોકઅપવાદ તો આવવાનોજ, તેથી અટકી આપણે ચાલુ રીવાજભાજ સડયા કરવું એના જેવી બીજી મુર્ખાઇ કઈ? પુરૂષો કંઇક વખતથી આ અયોગ્ય રીવાજને કાઢી નાખવા બુમો પાડયા કરે છે, પરતુ જ્યાં સુધી આપણે સ્ત્રીયોએ મનપર લીધુ નથી ત્યા લગણ ફોગટ માત્ર રૂઢીને વળગી રહી આ રીવાજ ચાલુ રાખવો એ ઘણુજ ખરાબ છે. બાકી કટલેક સ્થળે મે સાભળ્યુ છે કે આ રીવાજને માન આપનારા પણ કટાળે છે, પરતુ રૂઢી બધનથી બધાયલા યોગ્ય રસ્તો લઇ શકતા નથી. પુરૂષો બુમો પાડે, પરતુ સ્ત્રીયોના વ્યવહારમા પુરૂષો શુ કરે? છેવટે મારી દરેક બ્હેનોને વિનંતિ છે કે આ રીવાજ જેમ બને તેમ નાબુદ કરવો જોઇએ. આટલું કહી હું બેસી જવાની રજા લઉ છુ.

સૌ. મગળાગૌરીનો નિબધ વચાઈ રહ્યા બાદ પ્રમુખે એવી સૂચના કરી કે આજના વિષયો સંબધી બહાર ગામથી કેટલીક બ્હેનોએ નિબધો લખી મોકલ્યા છે ને અત્યારે હજી ઘણો વખત છે. માટે એ નિબધો અનુક્રમે વચાવવા જોઇએ, પછી આપણે નાતના ઉપયોગી વિષયોપર ચર્ચા ચલાવીશુ. આવી ચર્ચાથી આપણને લાભ મળશે. પ્રમુખની સૂચના મુજબ સૌ. ભાનુમતી લલ્લુભાઇએ " બાળકોને કેવી રીતે ઉછેરવાં ને તેમને કેવા પ્રકારનું ગૃહશિક્ષણ આપવુ " એ વિષયપર સૌ. મગળાગૌરી જમીઅતરામનો નિબધ વાંચ્યો.

બાળકોને કેવી રીતે ઉછેરવાં તથા કેવું શિક્ષણ આપવું.

(સૌ. મગળાગૌરી જમીઅતરામ).

આ વિષય ઉપર જેટલુ લખાય તેટલુ ઓછુ છે, છતાં જેટલુ મેં લખ્યુ છે તે ઉપર મ્હારી વ્હાલી બ્હેનો ધ્યાન આપી મનન કરવા કૃપા કરશોજી.

બાળકો જબરાં, કે નબળા, સારા કે નઠારાં, સદાચરણી, કે દુરાચરણી ભણેલાં કે અભણ, ધર્મી કે અધર્મી થવાનો મુખ્ય આધાર તેમને તેમની માતાઓ તરફથી લીધેલી સંભાળ તથા મળેલી કેળવણી ઉપર ઘણે દરજ્જે રહે છે, માટે તે ઉપર આપણા દેશની સ્ત્રીઓએ ખુબ ધ્યાન આપવુ જરૂરનુ છે. બાળકોના શરીરના બાધા મજબુત થવા માટે તેઓના જન્મતાં પહેલાં અને જન્મ્યા પછી શી શી સાવચેતી રાખવી તથા કેવે વખતે કેવા ઉપચાર કરવા, એ સબધી ઘણું કરીને આપણી સઘળી બ્હેનોના જાણવામાં હોતું નથી, તેથીજ તેમના અને તેમના બાળકના પ્રાણ ઘણી વાર જોખમમાં આવી પડે છે. માટે બાળકોને ઉછેરવા વિષે તથા તેમને કેવા રીતે કેળવવાં તે વિષે હુ બે બોલ કહીશ, તો તે નિરૂપયોગી નહીં ગણાય એમ મ્હારા સમજવામા છે અને તેને વિષે ભુલચુક હોય તો તે સુધારવા તસ્દી લેશોજી. સ્ત્રીઓએ ઘરવૈદુ જાણવાની જરૂર નીચે મુજબઃ—

આ વિષય સ્ત્રીઓને ઘણોજ અગત્યનો છે. સ્ત્રી ઉપયોગી સૂચનાનું પુસ્તક એ સ્ત્રીઓને ઘણું જરૂરનું છે અભણ અને ભોળી સ્ત્રીઓ પોતાને છોકરાં થતા નથી, ત્યારે જે જે યુક્તિઓ કરે છે ને છેતરાય છે તે જો કેળવાયલી હોય, સ્ત્રીઓ વૈદકના નિયમો જાણતી હોય, તો તે છેતરાય નહીં. વૈદકના નિયમથી જાદુમંત્ર ખોટા છે એમ તેઓને

સમજાય ને તેથી આપણી અજ્ઞાન બ્હેનો સાધુ ને જતી પાછળ ફરતી ફરે છે તથા દોરા ચીઠી તે બધુ બંધ થઇ જાય. ગર્ભ રહ્યા પછી કેવા ને કેટલો ખોરાક ખાવો, પ્રસવ થતા પહેલાં કેવી ને કેટલી સાવચેતી રાખવી, પ્રસવ થયા પછી તે સ્ત્રીની તથા બાળકની કેવી માવજત કરવી, સુવાવડીને કેવો ખોરાક આપવા, બાળકને કેમ ઉછેરવું, તેની કેવી સંભાળ લેવી, સાધારણ દરદોમાં શા ઉપાય કરવા, આ બધું સ્ત્રીઓ જો થોડુ ઘરવૈદક જાણતી હોય તો તેને માલુમ પડે. તેનુ બાળક માંદુ પડે તો તે બાધા કે માનતા માન્યા વગર તે તેની દવા કરે છે, કેમકે તેને વૈદકનુ જ્ઞાન હોવાથી તે બાધા કે આખડી ઉપર ભરોસો રાખી બેસી રહેવાને બદલે દવા ઉપર આકીન રાખીને ચાંપતા ઉપાય કરે છે. પ્રસૂતી વખતે ને પ્રસવ થયા પછી તે બન્નેને ચોખ્ખી ખુલ્લી હવાની જરૂર છે. આપણા લોકમાં એવો રીવાજ છે કે સુવાવડીને તથા બાળકને પવન ખાવા દેવા નહીં, ને અંધારામાં ગોંધી મુકવા, પણ એમ કર્યાથી ઉલટુ નુકસાન થવાનો સંભવ રહે છે કારણ કે ચોખી ને ખુલ્લી હવા આવવાની જગ્યા હોતી નથી, તેથી ખરાબ હવા બ્હાર ના જઇ સકતાં અંદર રહેલાંના શ્વાસના સાથે પાછી શરીરમા દાખલ થઇને નુકસાન કરે છે. પણ હવેતો આપણી ન્યાતમાં ઘણેખરે ઠકાણે આપણા જેવી બ્હેનોએ એ રીવાજને ધીક્કારી કાઢયો છે.

સુવાવડીને તથા બાળકને ખુલ્લી ને ચોખ્ખી હવાની શી જરૂર છે, એ તથા પ્રસવ થયા પછી અજવાળાની કેવી જરૂર છે, એ વિગેરેથી આપણી સ્ત્રીઓ અજ્ઞાન હોય છે, માટેજ આપણા દેશમાં ઘણી ખરી સ્ત્રીઓ સુવાવડમા ગુજરી જાય છે, અથવા કસુવાવડ થાય છે. બાળકની કેવી રીતે સંભાળ રાખવી તથા દવા દારૂ કેવી રીતે કરવાં વિગેરેથી અણવાકેફ હોવાને લીધે ઘણી માતાઓ પોતાના બાળકનો અમુલ્ય જાન જોખમમાં લાવી મુકે છે. કેટલાંકને બાળકો મુવેલા જન્મે છે તેવે વખતે કેવી સાવચેતી રાખવી તે આપણી સ્ત્રીઓને નહી માલુમ હોવાથી તે બાળકની માતા પણ કેટલીક વખતે મરણ પામે છે. બાળકો માદા પડે છે ત્યારે તેની માતા પીર, હનમાન કે કોઇ બીજા દેવની માનતા માને છે કિંવા કોઇ દુધ, દહીં, ઘી, તેલ, અનાજ વિગેરેની બાધા રાખે છે ને તેના ઉપર આધાર રાખી બાળકની અભણ માતા કાઇ દવા કરતી નથી અને છેવટ જ્યારે બાળક મરી જાય છે ત્યારે કર્મને માથે દોષ મુકે છે. આ બાધાનુ કારણ આપણી સ્ત્રીઓનુ અજ્ઞાનપણું છે. હુ એમ નથી કહેતી કે બાધા નજ રાખો, પણ તેની સાથે ભુતપ્રેતના વ્હેમ કાઢી નાખીને તેની બરાબર દવા કરવી જોઇએ. આપણી સ્ત્રીઓ તેમજ દાઇઓ આવી જાતનુ બરાબર જ્ઞાન ધરાવતી હોય તો દર વર્ષે હજારો સ્ત્રીઓની ને તેમના કુમળા બાળકોની જાતિઘાત બચે, માટે આપણી સ્ત્રીઓએ એ સંબંધી ડાકટર ધીરજરામના બનાવેલા સ્ત્રીઉપયોગી પુસ્તકો વાંચવા, એટલુજ નહી, પણ તેમા બતાવ્યા પ્રમાણે દરેક બાબતમાં દરેક વખતે તેમને સાવચેતી રાખવી જોઇએ. ઉપર લખેલા બે ગ્રંથોની બીના અત્રે લખતાં બહુ લંબાણ થાય માટે સર્વે બ્હેનોને મ્હારી નમ્ર વિનતિ છે કે એ બે ગ્રંથો મંગાવી વાંચવા તસ્દી લેશો.

ન્હાના બાળકોને કેવી રીતે ઉછેરવાને મ્હારી અલ્પ બુદ્ધિ પ્રમાણે નીચે મુજબ બે બોલ બોલુછુ, તેમાં ભુલચુક હોય ને સુધારવા તસ્દી લેશોજી.

બાળક ન્હાનુ હોય બેત્રણ માસનુ ત્યાં સુધી તેની માતાનુંજ દુધ પાવું, કદાચ તેની માતાને દુધ ના આવતું હોય તો તેને બકરીનું અગર ગાયનુ દુધ પાવું, તે કેવી રીતે કે

એક ચમચો દુધ ને બે ચમચા પાણી, એમ ભેગુ કરી અંદર પીપળીમુળનો ગંઠોડો, પીપર એક આખી, તથા જરા સાકર, મીઠાસ બહુ ના નાખવી, કારણ કે તેથી છોકરાને સણસણી થાય છે. માટે બાળકને પહેલેથીજ મીઠાસ થોડી ખાવાની ટેવ પાડવી. છોકરૂ ને ગરાસીયુ બે બરોબર. જેવી ટેવ પાડીએ તેવી પડે. હવે ઉપર બતાવ્યા પ્રમાણે દુધ વિગેરે ભેગુ કરીને તેને ગરમ કરવા મુકવું, તેને એક ઉભરો આવેથી ઉતારી નાખવું, પછી તેને ઠંડુ પાડીને તેના ઉપરની મલાઇ કાઢી નાખવી. આવું દુધ બાળકને પાવુ. જો શીશી વતી પાવાનુ હોય તો શીશી દુધ પાઇને તરત ગરમ પાણી તથા સોડા અગર ખારો નાખી દાતણનો કુચડો કરીને બરોબર ધોઇ નાખવી. જો આળસ કરી ધોયા વગરની રહેવા દેશો તો ડાઘા પડી જશે, ને બરાબર સાફ થશે નહીં, ને ડાઘા રહેશે તો ફરીથી દુધ નાખતાં બગડી જશે. બાળકને ત્રીજે ચોથે એરંડીયાનો જુલાબ આપવો, અગર હરડે, કરીયાતુ પાવું કારણ કે પેટ સાફ રહે ને ભાર થાય નહી. ભાર થશે તો બાળકને માંદા થવાનો સંભવ રહે છે. પેટ સાફ રહ્યાથી તબીયત સારી રહે છે. જેમ જેમ બાળક મ્હોટું થાય તેમ તેમ દુધ વધારવુ ને પાણી ઓછુ કરવુ જોઇએ. આપણામા બાળક જન્મે છે તે વખતે ગોળશુથી પાય છે, તે ચીથરાની કાકડી કરીને પાય છે, તે કેવું ખરાબ, ગંદુ, ધોયા વગરનું કપડુ હોય છે, ને પ્રત્યે મ્હારી એટલીજ અરજ છે કે એવા ગંદા કપડાની કાકડી નહીં કરતાં ચોખુ રૂ લઇ તેની કાકડી કરીને ગાળશુથી પાવી જોઇએ. ઘણા બાળકો બહુ હારેડા હોય છે તો દાઇને રાખતા અકળામણ આવે છે, તો તેના મોઢામા કાકડી રહેવા દે છે ને આથી સુધરેલ સ્ત્રીઓ છોકરાંને મ્હોઢામા રબરની ટોટીઓ આપી મુકે છે. કેટલીક શોખની ખાતર ને કેટલીક છોકરૂ રડે નહીં તે ખાતર પણ આપી મુકે છે. બાળક દશ બાર માસનુ થાય ત્યાર તેને ખીચડી અગર દાળભાત આપવા. દાંત બરાબર આવ્યા વગર ને ચાલતા શીખ્યા વગર ઘઉંનો અગર કોઇ પણ ખોરાક આપવો નહીં, કારણ કે તે પચતું નથી ને છોકરાને નડે છે. માટે દાંત બરાબર આવે ત્યારેજ જુલાબ, હલકુ ને પોચું ખાવાનુ આપવું. બાળક જેમ મ્હોટુ થાય તેમ અઠવાડીએ અઠવાડીએ આપવો. વખતો વખત આપ્યાથી છોકરાની તનદુરસ્તી સારી રહે છે. બાળકોને દુધ અગર ખોરાક નિયમસરજ આપવું, કારણ કે અનિયમિત આપવાથી બહુ નુકસાન થાય છે. અપચો, ઝાડો, મરડો, એવું એવું થયા કરે છે ને બાળકના હાથ પગ દોરડી ને પેટ ગાગરડી એમ થાય છે, માટે જે કરવું તે નિયમસર કરવું. નિયમ ઉપરાત કોઇ ચીજ કરશો તે હાનિકર્તા છે. બાળકનુ શરીર સ્વચ્છ ને ચોખ્ખુ રાખવું. વખતો વખત ઋતુના પ્રમાણમા નવરાવવું, તેમજ ઋતુના ફેરફાર પ્રમાણે એના કપડાંમાં ફેરફાર કરવો. કપડા ખુલ્લા, ઢીલાં ને સ્વચ્છ રાખવાં. રંગીત તેમજ સખ્ત ટાઇટ કપડા ન્હાના બાળકને નુકશાનકર્તા છે. રંગીન કપડુ બાળક મ્હોડામા લે ને તે ચુસે તો તેના પેટમા રંગ જવાથી નુકશાન થવાનો સંભવ રહે છે. કપડાં એવાં જોઇએ કે શરીર, છાતી તથા બીજા બધા ભાગ ઢંકાવવા જોઇએ. તડકાની વખત માથાનુ બરાબર રક્ષણ કરવું જરૂરનુ છે. સુવાને ગોદડી પણ સ્વચ્છ ને સુકી રાખવી, ગંદી અગર ભીની ગોદડી ઉપર બાળકને સુવાડવાથી ઘણા રોગની ઉત્પત્તિ થાય છે. સાંજ સવાર ખુલ્લી હવામા બરાબર કપડાં પ્હેરાવીને ફેરવવાની જરૂર છે, અને તેમ થવાથી બાળકના શરીરને જોઇતી કસરત મળે છે, હવા અજવાળાના પણ લાભ મળે છે. બાળક પગે ચાલી શકે એવુ હોય તો ચાલના ફરવા જવાની ટેવ પાડવી, કારણ કે કસરત થાય; માટે છોકરાને ખોરાક ખાધા પછી તરત સુવા દેવાં નહીં, કારણ કે જોઇએ તેવું પચતું નથી. જરા હરાવી, ફરાવી, કુદાવી, સુવાની ટેવ રાખ્યાથી પાચન જલદી થઇને શરીર સારૂ રહે છે.

હવે બાળકને શી રીતે શિક્ષણ આપવું તેના નિયમો નીચે મુજબ છે. તેમાં ભૂલચૂક હોય તે સુધારવા કૃપા કરશો.

બાળકોની સોબત ને કેળવણી ઉપર આપણા દેશની માતાઓ કાઇજ લક્ષ આપતી નથી. પણ તે ઘણુંજ નુકશાનકર્તા છે. તેના ઉપર તેમની માતાઓએ ધ્યાન આપવું, એ દેશનો ઉત્કર્ષ થવામાં ઘણું જરૂરનુ છે. સ્ત્રીઓની બેપરવાઇ એ તેમનુ અજ્ઞાનતાનુ મ્હોટું કારણ છે, એટલે આપણી સ્ત્રીઓ જો કેળવાયલી હોય તો તેઓ એ બાબત ઉપર પુરતું ધ્યાન આપી શકે. આપણા દેશની સ્ત્રીઓ એ સબધી કેળવાયલી હોતી નથી. તેઓને જે થોડી ઘણી કેળવણી મળે છે, તે માત્ર ઉપર ઉપરની હોય છે. ઘણીવાર તેથી ફાયદો ન થતા ઉલટો ગેરફાયદો થવા જેવું થાય છે. આવી ઉપર ઉપરની થોડી કેળવણીવાળી સ્ત્રીઓ બીજાઓ ને અવિવેકી થઇ અભિમાની અને તેમને મળેલી જુજ કેળવણીનો ગેરઉપયોગ કરનારી થાય છે.

આ ઉપરથી હું એમ નથી કહેતી કે બધીજ સ્ત્રીઓ એવી હોય છે, પણ ઘણે ભાગે એવી ને થોડે ભાગે સારી હશે. હાલના ધોરણે બાળકીઓને પૂર્ણ કેળવણી મળી શકતી નથી, કારણ કે અગીયાર બાર વર્ષે નિશાળે જતી બધ થાય છે. અને તેટલા વખતમાં તેઓને પૂર્ણ કેળવણી મળી શકતી નથી. તેઓ નિશાળે જાય છે, એટલે તેઓના વૃદ્ધ માતા, દાદી, નાની વિગેરે પાસેથી પણ મળતી કેળવણીનો લાભ લઈ શકતા નથી, અને તેઓની કેળવણી અપૂર્ણ રહે છે, અને આ કુમળી વયે જોઇતી સાસારિક તથા ધાર્મિક કેળવણી મળ્યા શીવાય આ બાળા ઉપર સસાર ચલાવવાની અને બાળક ઉછેરવાની ફરજ આવી પડે છે. હાલની થતી યુવતીઓ પહેલાંના કરતા સારૂ જ્ઞાન મેળવી શકશે, કારણ કે હાલમાં શાળામાંથી વહેલી ઉઠાડી મુકવાનો રીવાજ નાશ પામવા માડયો છે. પહેલા તો બાર તેર વરસની બાળકી સાસરે જતી એટલે એટલી ન્હાની વયમા કેટલુ જ્ઞાન શાળામા સપાદન કરે એ વિચારવાનુ છે ચોપડી વાચતા શીખે, સરવાળા, બાદબાકી, શીખે એટલે તો સાસરે જવાનો વખત થાય અને આ કુમળી વયે જોઇતી સાસારિક ને ધાર્મિક કેળવણી મળ્યા શીવાય આ બાળા ઉપર સસાર ચલાવવાની અને બાળક ઉછેરવાની ફરજ આવી પડે છે. હવે તો નાની વયમાં લગ્ન થતા બહુ જોવામા આવતાં નથી. તેથી કરીને છોકરીઓ શાળામા વધારે વખત રહે છે ને શિક્ષણ પણ સારૂ અપાય છે, ને શિક્ષકો પણ મરદને બદલે સ્ત્રીઓ જોવામા આવે છે, એટલે હાલની યુવતીઓને જ્ઞાન સપાદન કરવાના સાધનો પહેલા કરતા ઘણે ભાગે સારા છે, પણ હજી નિશાળમા ચાલતી ચોપડીયો છોકરીઓ કરતા છોકરાને વધારે ઉપયોગી છે. છોકરીઓને વધારે ઉપયોગી તે જણાતી નથી. ચોપડીયો બનાવતી વખતે છોકરા છોકરી બનેને ઉપયોગી રાખી હોત તો ઘણા સારા ફાયદા થાત. છોકરીઓને વિદ્યાદાન શીવાય ઘર વ્યવસ્થાનુ પણ શિક્ષણ આપવુ જોઇએ. હવે આપણી કોમમા તો છોકરીઓના બાળલગ્ન તો જવલ્લેજ જોવામા આવે છે, કારણ કે વરવિક્રય થાય છે, માટે ન્હાના છોકરાના લગ્ન કોઇ કોઇ જગ્યાએ જોવામાં આવે છે. ન્હાની ઉમરમાં છોકરાના લગ્ન કર્યાથી હાનિ થાય છે. લગ્ન મ્હોટી ઉમરે થવાથી પુરૂષ તથા સ્ત્રીને કેળવણી લેવાનો વધારે વખત મળે છે, અને તેઓને જોઇતી કેળવણી મળેલી હોય છે તેથી તેઓ પોતાના બાળકની કેળવણી ઉપર સારી રીતે નજર રાખી શકે છે. ઉપર જોવામાં આવતી હાનિઓ ને બદીઓ ઘણે ભાગે આપણી ન્યાતમાં જોવામાં આવતી નથી. બાળકને ન્હાનપણમાં જેટલુ જ્ઞાન આપી શકાય છે, તેટલુ મ્હોટ-

પણમાં મળતું નથી. ન્હાનપણથીજ જે સારાં લક્ષણનાં બીજ રોપાશે તોજ મ્હોટપણે સારાં ફળ નીવડશે; છતાં આપણાથી બાળકની કેળવણી ઉપર પુરતું લક્ષ અપાતું નથી. નિશાળોમાં મળતું જ્ઞાન તે કંઈ સંપૂર્ણ કહેવાય નહી. બાળકો પ્રથમના દશ વર્ષમાં શીખે છે, તેટલુ આખી ઉમરમાં શીખતાં નથી. તેમને ખરેખરી કેળવણી આપવાનો વખત એજ છે. બાળક નાની વયમાં ઘણુંખરૂ તેની માતા પાસે રહે છે, તેથી એની કેળવણીનો આધાર તેની માતા ઉપર રહેલો છે, તે ઉપરાંત બચ્ચાંને ન્હાનપણથી જે ટેવ પડે છે, તેજ પ્રમાણે તેની બુદ્ધિનુ, નીતિનુ, ઉન્નતિનુ બંધારણ રહે છે, માટે બાળકોને કેવું શિક્ષણ આપવુ તે તેની માતાને જાણવાની ખાસ જરૂર છે. કેળવણીના ત્રણ પ્રકાર રહેલા છે, (૧) બુદ્ધિની કેળવણી, (૨) નીતિની, (૩) શારીરિક કેળવણી કહેવાય છે.

હવે બુદ્ધિની કેળવણી તો શાળામા અપાય છે, તેમજ શારીરિક કેળવણી ઉપર પણ હવે સ્કુલમા લક્ષ અપાય છે, પરંતુ નીતિની કેળવણી સ્કુલમા અપાતી નથી, તે તો તેના માતાપિતાથીજ શીખે છે. બાળકનાં લક્ષણ તથા રમત ગમત તપાસવાથી માલુમ પડશે કે તેને હરવા ફરવા તરફ (કુદરતી બનાવો તરફ) બહુ પ્રેમ હોય છે તેથી એજ વૃત્તિઓને યોગ્ય રસ્તે દોરવી એ માતાનુ કાર્ય છે. બાળકને જ્યારથી પોતાની આસપાસની વસ્તુઓ જોવાની સમજણ પડે અને તેમાં તે રસ લેવા માંડે ત્યારથી તેની કેળવણીની શરૂઆત થાય એટલે જ્યારથી બુદ્ધિનો ઉદય થાય ત્યારથીજ માતા તેની ઉન્નતિમાં સહાય કરી શકે. બાળકની સ્વાભાવિક વૃત્તિઓ હોય તેનેજ ઉત્તેજન આપીને ખીલવવી જોઇએ. પ્રથમની નાની વયમા બાળકનુ મન રમતમા હોય છે, તેથી તેને એવા પ્રકારનુ શિક્ષણ આપવું કે તેને રમુજ પડે. રમત તથા શિક્ષણમા તેને ભેદ માલુમ પડવા દેવો નહીં. ઘણી કુમળી વયમા બુદ્ધિ પૂર્ણ રીતે ખીલેલી હોતી નથી, તેથી તેને કઠણ બાબત એક પણ એને કહેવી નહીં, કારણ કે તેને સમજણ પડે નહીં ને મગજમા ગુંચવાયા કરે. બાળકને દરેક કાર્યમાં આનંદ દેખાડવો, આનંદને લીધેજ એના સદ્ગુણ જાગ્રત થશે. સત્યમાર્ગે ચાલવાની રીત દેખાડવી તેમાં પણ તેને ઉત્સાહ આવે એવી રીતે દેખાડવુ. આનંદ અને ઉત્સાહ સર્વ કાર્યમા કાયમ રહેશે તોજ તે સારે રસ્તે ચઢશે. કાંઇ પણ બાબતમા જોર જુલમ કે દીલગીરી બતાવવી નહીં. તેમને એવી તરેહનાં રમકડાં આપવાં કે તેમને સૃષ્ટિના પદાર્થ બતાવવા કે તેમાથી તેમને નવું જ્ઞાન મળે, કેમકે દરેક કાર્યનુ કારણ જાણવાની બાળકને જીજ્ઞાસા હોય છે. અજ્ઞાન બાળકો રસ્તે જતા પણ માતાને કેટલાક પ્રશ્નો પુછે છે, તે વખતે માતાએ કાયર ન થતાં તેને આનંદથી તેની રમુજમાં ભાગ લઇને જવાબ દેવો જોઇએ. દાખલા તરીકે ધારો કે બાળકે પ્રશ્ન કર્યો કે આ આ ફુલ કોણે બનાવ્યાં, આ સુરજ કોણે બનાવ્યો હશે, માતાએ જવાબ દેવો કે જે મ્હોટા પ્રભુએ તમને બનાવ્યાં છે તેજ પ્રભુએ ફુલ, ઝાડ, સૂર્ય, બધુ બનાવ્યું છે. બાળકના મનમા આ વાત ઘણી સ્હેલાઈથી ઉતરશે. દરેક વસ્તુમા ઇશ્વરનો હાથ હોય છે ને દરેક ચીજ તેજ બનાવે છે, એવું જ્ઞાન થશે તો ઇશ્વર ઉપર સ્વાભાવિકરીતે પ્રેમની લાગણી થશે. આ પ્રમાણે ઇશ્વર ઉપર પ્રેમ રાખતાં શીખવ્યા પછી પ્રાણી માત્ર તરફ તેને પ્રેમની વૃત્તિ કરાવવી, કુતરાં, બીલાડાં, ચકલી, પોપટ, મોર, મેના, એવાં એવાં જનાવરો બાળકને બહુ પ્રિય હોય છે. તે જનાવરો પાળીને તેમની દેખરેખ રાખતાં શીખવવું જોઇએ. તેની ઉપર માયા રાખતાં શીખે તો મ્હોટપણે તેનામાં જનસમૂહ માટે પ્રેમની વૃત્તિ ખીલશે. બીજુ બાળકને લાડમાં ઉછેરી એકલપેટાને સ્વાર્થી ન થવા દેવાં જોઇએ. કુટુંબમા જો બીજાં છોકરાં ના

હોય તો સગાંવ્હાલાંનાં કે આડોશીપાડોશીના સારા છોકરાંની સાથે રમવા દેવાં જોઇએ. વધારે છોકરાંની સાથે પ્રથમથી રમતા શીખે તો અરસપરસ મદદ કરતાં શીખે, તે ઉપરાત ભેગા રમ્યાથી સપ તથા સ્વાર્થત્યાગની ટેવ પડશે. બીજા મનુષ્યનો ને પોતાના જીવનનો કેટલો સંબંધ છે તે શીખશે. પ્રાણી તથા ઝાડને ઉછેરી મ્હોટા કરવાથી આપણે જેને ઉછેરીએ છીએ તેની સાથે સ્નેહ બંધાય છે, અને જે બાળકને નાનપણમાં વૃક્ષ, ફુલ ઉપર પ્રેમ હોય છે, તો તેમને સભાળથી પાણી પાય છે, પાળેલા જાનવરોને પ્રેમથી ઉછેરીને મ્હોટા કરે છે, એ સર્વમાં સ્વાર્થત્યાગ રહેલો છે, તેથી મ્હોટપણે જનસમૂહ માટ સ્વાર્થત્યાગ કરતા શીખશે, તેમજ તેમનામા બધુ પ્રીતિનો ઉદય થશે. આવી રીતે ઘણા ઉમદા ગુણો માતા પોતાના બાળકને શીખવી શકે, એટલુ માતા થનારી સ્ત્રીને જ્ઞાન મળવુ જોઇએ. બાળકને નવી વસ્તુ એકદમ શીખવવી નહીં. જાણીતા વિષયનુ જ્ઞાન આપ્યા પછી અજાણ્યા વિષયનુ જ્ઞાન આપવુ, તે ઉપરાત કાંઈપણ સખ્તાઇ બાળકના કોમળ અગ ઉપર વાપરવી નહી. મન દૃઢ રાખવું ને તેની સાથે સુકોમળ રાખવું. બાળકના સ્વભાવની પરીક્ષા પ્રથમથી કરવી. બાળક સાથે સહનશીલ થવુ તથા સુશીલ થવું. આખા જગતની આશા બાળક ઉપર છે, કારણ કે બાળક ન્હાનેથીજ મ્હોટુ થાય છે. સ્કુલો સ્થપાયેથી તેની કેળવણીની દેખરેખ માતાને રાખવી પડતી નથી. માત્ર તેને પોતાની સારી રીતભાતથી અને સારા શિક્ષણથી છોકરાંના મનમાં નીતિનો પાયો દૃઢ કરવા એટલુજ કર્તવ્ય રહ્યુ છે, તે પણ સપૂર્ણ રીતે ના થાય, એ કેટલીક દીલગીરીની વાત છે? પરતુ આવા મ્હોટા કર્તવ્ય ઉપર કોઇ કઈજ લક્ષ આપતું નથી, અને તેને માટ કોઈ કાંઈ વિચાર પણ કરતું નથી. જાનવરની માફક કાઇ છોકરાં ઉછેરાતા નથી છોકરાં ઉછેરવા કાઇ ન્હાનીસુની વાત નથી. એમાં ઘણી સાવચેતી રાખવાની જરૂર છે. આ સઘળી બાબત સુશિક્ષિત માતા હશે તોજ સમજી શકશે. બાળક તથા અભણ માતા આમાંનુ કાંઈ સમજી શકશે નહીં, કારણ કે ન્હાનપણ રમત ગમત ગાળેલુ હોય, બીજુ ન્હાનપણમાં સ્કુલમાં આ વિષય ઉપર કાઇજ લક્ષ અપાયુ ના હોય, અને પુખ્ત ઉમર થતાં પ્હેલા તો તેનુ લગ્ન કરવામા આવે, અને કુમળી વયમા તો તેને છોકરા ઉછેરવાની મહાન જવાબદારીનુ જોખમ તેને શીર આવી પડે, એટલે પોતાની ફરજ શી છે તે તો બીચારી બાળક માતાને ભાન કયાથીજ હોય? અને પોતાની પ્રજાને તે શા રીતે સુધારી શકે? પુરૂષ જાતનો ઉદ્ધાર કરવા તથા દેશની ઉન્નતિ કરવાને ભલેને મ્હોટી મ્હોટી ઉમેદો રાખે પરંતુ જ્યા સુધી માતા સુશિક્ષિત નથી, તેમ પોતાનુ કર્તવ્ય સમજી શકતી નથી ત્યા સુધી કદી દેશનો ઉદ્ધાર થવાનો નથી.

બાળક પ્રથમના દશ વર્ષ તો ઘણું કરીને માતા પાસેજ રહે છે ને તેથી માતાના આચાર વિચારની છાપ બાળકના મન ઉપર વધારે પડે છે. બાળક દરેક વસ્તુ જોઇ જોઇને શીખે છે. બોલતા ચાલતા સર્વ મ્હોટાનુ જોઇને ન્હાના શીખે છે, માટે માતાપિતાએ તથા પાસેનાં બીજા વડીલોએ ઘણીજ સાવચેતીથી રહેવુ જોઇએ. બાળકની બચપણમાંજ ખરી સભાળ રાખવાની છે. જે છોકરા નોકર પાસે ઉછરે તેની માતાએ વધારે સાવચેતી રાખવાની છે, કારણ કે નોકરોમા જો કાંઈ કુટેવ હશે તો તે છોકરાં શીખશે ને નોકરો લાડ કરીને છોકરાંને બગાડશે માટે દરેક ઝીણી ઝીણી બાબત ઉપર લક્ષ આપ્યા વિના નોકરોને છોકરા સોપવાં નહિ. આ સબધી તથા બાળકના શરીરના બાંધા, સદાચાર, ભણતર, ધાર્મિક કેળવણી, એ સબંધી શરૂઆતમા ખાસ લક્ષ આપવાનુ છે. આપણા ઘરડાંની કહેવત છે કે

છોકરાં ખાતા શીખે પછી શુ ઉછેરવાના છે, રાંધ્યામા ખાય ને પાથર્યામાં સુવે. આથી છોકરાં મ્હોટા તો થાય પણ કેળવાતાં નથી.

હવે છોકરીઓને સ્કુલમા શિક્ષણ મળે તે ઉપરાંત ગ્રહશિક્ષણ પણ આપવુ. તે વિષે નીચે મુજબ મે મ્હારી અલ્પ બુદ્ધિના પ્રમાણમાં લખ્યુ છે માટે ભૂલચૂક સુધારવા તસ્દી લેશો.

બાળિકાઓને ગૃહવ્યવસ્થા, ઘર વ્યાપાર, નીતિ, બાળકોને કેમ ઉછેરવા, વિવેક, બોલવા ચાલવાની રીતભાત, ઇશ્વિર મહિમા, રાધવાનુ, ભરતકામ, શીવવુ, સાંધવુ, ગાવુ, મધુર વચને બોલવું, સાસુએ વહુ જોડે, વહુએ સાસુ જોડે કેમ વર્તવું, નણંદ, ભાઇ, ભોજાઇ, જેઠ, જેઠાણી, અન્યોઅન્ય એ બધાં જોડે કેમ વર્તવુ ? પુન્ય ને પરોપકાર એ વિગેરે બધુજ શીખવવુ જોઇએ. નવરાશની વખતે શુ કરવુ તે પણ શીખવવુ જોઇએ. નવરાશની વખતે નકામી કોઇની કુથલી કરવામાં કે ગપાટા હાકવામાં અમૂલ્ય વખત કાઢી ન નાખતાં, સુધરેલી તથા કેળવાયલી માતા પોતાના બાળકને ઉપર બતાવેલા બધા ગુણો શીખવે છે. તેમજ સારૂ નઠારૂં પારખતાં ને નીતિ અનીતિ જાણતાં શીખવે છે. બોલવા ચાલવાની રીતભાત તથા સભ્યતાના ફાયદા, જુઠના ગેરફાયદા, એ બધુ રમુજી વાતો કહીને શીખવે છે, તેમને ભુંડુ બોલવા તથા ગાળો દેવા દેતી નથી. ધીમે ધીમે ઇશ્વિર સબંધી તથા સંસારિક બાબતો વિષે જ્ઞાન આપે છે. અભણુ માતા પોતાના બાળકને ગાળો ભાંડીને તેને ગાળો દેતાં શીખવે છે. ચોરી કરીને ચોરતા, જુઠું બોલીને જુઠુ બોલતાં, છેતરીને છેતરતા આવું આવું કહીને કરતાં શીખવે છે. ઇશ્વર સબધી જ્ઞાનને બદલે વ્હેમની, ભૂતની, પ્રેતની, નજરની, એવી એવી વાતો કહી, બાળકોને પોતાના જેવા વ્હેમી બનાવે છે સદ્‌ગુણી સ્ત્રીઓ પોતાના બાળકને કેળવે છે, ત્યારે અભણુ સ્ત્રીઓ જુઠા લાડ લડાવી બગાડે છે. ડાહી સ્ત્રીઓ નીતિ શીખવે છે, ત્યારે અભણુ તેને અનીતિ શીખવે છે એક જ્યારે ચોરી કરતાં અટકાવે છે, ત્યારે બીજી ચોરી કરતાં ઉશ્કેરે છે. એક જ્યારે વ્હેમ તજાવે છે, ત્યારે બીજી પોતાનો દાખલો આપીને શીખવે છે. એક જ્યારે હીંમત, સ્વદેશાભિમાન, પરોપકાર, ઇશ્વરભક્તિ, એવું શીખવાડે છે, ત્યારે બીજી પોતાના બાળકને મતલબી, કાયર, પરતંત્ર અને જનાની બનાવી મુકે છે. શાણી નારી દીકરા દીકરીને રમવાની વખતે રમવા દે છે, ભણવાની વખતે ભણાવે છે, કામ કરવાની વખતે પોતાની જોડે કામ કરતા શીખવે છે, ચોખ્ખા રાખી વિવેકી બનાવે છે. નાદાન નારીને એમ કરવાની સમજણુ હોતી નથી. આ ઉપરથી સ્પષ્ટ રીતે સમજાશે કે કેળવણીમાં અને બીનકેળવણીમાં કેટલો તફાવત છે. સમજુ સ્ત્રી પોતાના બાળકને યોગ્ય સોબતમાંજ ભળવા દે છે, તેઓ અદર અદર લઢે કે ગાળો દેતાં શીખે નહીં, તે માટે પુરતી તપાસ કરે છે. અભણુ સ્ત્રીના બાળકો ગદાં ને નિર્લજ્જ હોય છે. હોળીમા તથ ગોરોમા ફટાણા બોલે છે, અદર અદર લઢ છે, ને કુમાર્ગે ચાલે છે, એવા નઠારાં છોકરાની સોબતમા હોય તો બાળકો સારા થવાનો અસભવ છે, માટે છોકરાના ભાઇબધ ને છોકરીઓની બ્હેનપણીના લક્ષણુંપર ધ્યાન આપવું જોઇએ. આપણી ન્યાતમાં નહીં, પણ બીજી વર્ણોમા લગ્ન પ્રસગે કેવા ફટાણાં ગીત પુરૂષો સાંભળતા સ્ત્રીઓ ગાય છે, ઉઘાડે છોગે દીકરા દીકરી સાંભળતાં બિભત્સ બોલે છે, એ કેટલુ નિર્લજ્જ છે ? કુમળા બાળકોને અનીતિ શીખવનારૂ છે. પોતાની જુવાન દીકરી ને વહુ જોઇને ફટાણુ બોલતાં શીખે ને મા શીખવા દે, એ કેટલુ અનીતિ ભરેલુ છે ? એવા માણુસોને ઘણી શરમની વાત

છે! આથીજ ઘણાં છોકરાં અનીતિવાન થાય છે. ગોરોમાં પોતાની દીકરીઓને ગોર પૂજા કરાવીને કુટવા કુદવા મોકલે છે તે પણ ઘણુ ખરાબ છે. છોકરીઓને દુરાચરણ શીખવવાના એ મુખ્ય રસ્તા છે, માટે સમજુ બ્હેનોએ તેમ ના કરવું જોઇએ, એટલે પોતાનાં બાળકો પણ કરતાં અટકશેજ. સોબત પણ સારી રખાવવી. આપણી ન્યાતમાં પણ અસલમાં આવા રીવાજો હતા ખરા, પણ હાલ કેટલાક વર્ષોથી નાબુદ થયા છે, તેથી હાલની ઉછરતી પ્રજા તો આ રીવાજ બીલકુલ જાણતી નથી. આ ફટાણા ગીતને બદલે સારા ધાર્મિક ને ઉપદેશક ગીતો ગાવાનો રીવાજ દાખલ કરવા જોઇએ. વૃદ્ધ સ્ત્રીઓએ આવાં ગીતો ગાઇને ન્હાની બાળાઓને શીખવવાની જરૂર છે. આપણી જાતમાં તો ઘણે ભાગે સારાં ને ધાર્મિક ગીતો ગવાય છે. બીજુ આપણા દેશની સ્ત્રીઓની હાલત અજ્ઞાન હોવાથી આપણા દેશીઓ જવલ્લેજ સારા નીવડે છે, કારણ કે તેમને ઘરમા પોતાની માતા તરફથી પુરતી કેળવણી મળતી નથી, પણ પરદેશોમા જ્યા તેમની માતા તરફથી પોતાના બાળકોને કેળવણી મળે છે ત્યાં આથી ઉલટો દેખાવ જોવામા આવે છે તેઓ દેશાભિમાની, હીમતવાન, શુરા, સ્વતંત્ર વિચારના, બુદ્ધિવાન ને પરગજુ ને નીતિવાન ઘણુ કરીને હોય છે. પ્રખ્યાત જૉન સ્ટુઅર્ટમીલ કહે છે કે એ પોતે ત્રણ વર્ષનો થયો ત્યારે લૅટીન તથા ગ્રીક એ બન્ને ભાષા શીખ્યો હતો, એટલે જે વખતે આપણા બાળકો પુરૂ બોલતા પણ ના શીખ્યાં હોય, આપણા બાળકો સાધારણ લખતા વાંચતા શીખે છે, તે વખતે મીલ ઇંગ્રેજી, લૅટીન ને ગ્રીક શીખ્યો હતો. તેર વર્ષની ઉમર થઇ ત્યારે તો એણે પુસ્તક લખ્યુ હતું. આ બધી વાત ખરી છે એમ એ જાતેજ લખે છે પણ તે શાથી થયુ બચપણમા ઘર આગળ કેળવણી મળવાથી. વળી એજ પુરૂષ લખે છે કે એને પુસ્તક લખ્યુ છે તેમા તેની સ્ત્રીએ પુષ્કળ મદદ કરી છે. આ ઉપરથી સ્પષ્ટ રીતે સમજશો કે જો સ્ત્રી વિદ્વાન હોય તો તે પુરૂષને બહુ કીમતી મદદગાર થઇ પડે છે. પ્રાચીનકાળમા આપણા દેશના રજપુતો સાહસિક ને શુરા હતા કેમકે તેમની માતાઓ શુરી હતી ને તેજ ઉપદેશ કરતી હતી. આપણા મહાભારતમા પણ લખેલુ છે કે શુરો અભિમન્યુ એની માતાના ઉદરમાંથી કોઠા યુદ્ધ શીખ્યો હતો, ને જે વખતે એ કોઠા યુદ્ધ કરવા રણે ચ્હડયો તે વખતે તેની સ્ત્રીએ યુદ્ધથી પાછા નહીં ફરવા ભલામણ કરી હતી.

ગ્રીસમાં સ્પાર્ટાની સ્ત્રીઓ પણ તેવીજ હોવાથી ત્યાંના લોકો શુરા હતા. આજના વખતમાં યુરોપને અમેરીકાના લોકો વિદ્યાકળામા હોશીયાર છે ને પરગજુ છે, કેમકે તેમની માતાઓ કેળવાયલી છે અને યોગ્ય વયથી તેમને તેમની માતાઓ શરીરની અને મનની કેળવણી આપે છે. તેઓ શરીરે અને મને મજબૂત થાય એવી કેળવણી આપે છે. આપણા દેશમા આ બાબત બીલકુલ લક્ષ અપાતું નથી, તેથી તેઓ શરીરે ને મને નબળાં થાય છે, બાળકને કેમ કેળવવા. તે આપણા દેશની સ્ત્રીઓ જાણતી નથી તે જાણે ને તે પ્રમાણે વર્તે તો આપણા દેશને ઘણા લાભ થાય ઉપર મીલની તથા અભિમન્યુની વાત ઉપરથી હુ એમ નથી કહેતી કે બધાએ ત્રણ વર્ષનુ બાળક થાય કે તેને મારી મચડીને ભણાવવું ને બધાંએ તેર વર્ષે ચોપડી લખવી, પણ ઉપર બતાવ્યા તેવા આદમી તો કરોડે એકજ હોય છે, પણ કુમળું ઝાડ જેમ નમાવીએ તેમ નમે, મ્હોટુ થયે વાળ્યુ વળતું નથી; તેમ બાળકને ન્હાનપણમાથીજ જેવી ટેવ પાડીએ તેવી પડે, મ્હોટપણે તેમને જેવાં બનાવવાં હોય તેવીજ ટેવ ન્હાનપણથી પાડવી, તેવીજ કેળવણી આપવી ન્હાનપણમાં સારી યા નઠારી જે ટેવ પડે છે તે મ્હોટપણે જતી નથી, તેમજ ન્હાનપણમા જે આવડતું નથી તે મ્હોટપણમાં

શીખતાં બહુ મુશ્કેલી પડે છે. કહેવત છે કે કાચી કોઠીએ કાના ચઢે છે, પણ પાકી કોઠીએ કાના ચઢતા નથી. તેમ કુમળી વયમાં કુમળી અકલને જે રસ્તે દોરીએ તે રસ્તે જાય. ન્હાનાં બાળક જલદી શીખીને યાદ રાખી શકે છે, પણ ગજા ઉપરાંત નહીં, તેની ઉમરના પ્રમાણમાં યાદશક્તિ હોય છે. કહેવત છે કે નરેણી તો નખજ કાપે, માથુ કાપી શકે નહીં, તેમ બાળકને પણ ગજાના પ્રમાણમાં શિક્ષણ આપવુ. બાળક ન્હાનપણમાં માતા પાસે રહે છે. તેથી બાળ શિક્ષક તેની માતાએ થવુ જોઇએ. કહેવત છે કે ગોળી જેવી ઠીકરી ને મા તેવી દીકરી. મતલબ કે મા જેવી હોય તેવાંજ બાળકો થાય છે, માટે જો આપણાં બાળકો સારાં કરવા હોય તો, ને દેશનો ઉત્કર્ષ કરવો હોય તો, આપણા દેશની માતાઓ કેળવાય ને નીતિવાન ને ઉપયોગી જ્ઞાનવાળી થાય તેમ કરો. એ સૌથી સારો ઉપાય છે. બાળકોને ઉછેરવા એમા ઘણીજ બાબતો સમાયલી છે. એમાંની એક શરીરની કેળવણી, બીજી નીતિની કેળવણી, તથા ત્રીજી બુદ્ધિની કેળવણી છે. બાળકીને ઘરનાં કામકાજ કરતાં શીખવવુ, ઘર સાફ રાખવું, વીણતાં, ઝાડકતાં, ચાળતાં, કેટલીક જાતની મીઠાઈ બનાવતાં, અથાણાં આથતા, કપડાં શીવતા, વેતરતાં, સભ્યતાથી બોલતા, આવી આવી જે જરૂરી બાબતો છે તે પુત્રીને ખાસ કરીને તેની માતાએ યોગ્ય ઉમરે શીખવવી તથા સ્ત્રી ઉપયોગી પુસ્તકો વંચાવવાં. આટલુ તેની માતાએ તથા સ્ત્રી શિક્ષકે ધ્યાનમાં રાખવા જેવુ છે. મ્હારી વ્હાલી બ્હેનો, આ ઉપરના નિયમોમા જે ભૂલચૂક હોય તે સુધારવા મહેરબાની કરશો ને તેને માટે હુ ક્ષમા માગુ છું.

આ નિબંધ વંચાઇ રહ્યા બાદ " રોવા કુટવાની જે ઘેલછા આપણી નાતની સ્ત્રીઓમા જોવામા આવે છે તેથી આપણા મન તથા શરીરને થતા નુકશાનો " એ વિષયપર સૌ. ચંદ્રમણી રતીલાલનો આવેલો નિબંધ મૌ. કપીલા કેશરીપ્રસાદે વાંચ્યો હતો.

સૌ. ચંદ્રમણી રતીલાલનો નિબંધ.

પ્રિય બ્હેનો,

તમારા સમક્ષ આ નિબંધ રજુ કરતા પહેલા મારે એક વિનંતિ કરવાની છે, તે એ છે કે આ નિબંધની અંદર કંઇ પણ ભૂલચૂક હોય તે દરગુજર કરશો. હુ આ નિબંધ કાંઇ તમારી રૂબરૂ મારૂ જ્ઞાન બતાવવાને રજુ કરતી નથી, કારણ કે જ્ઞાન તો મ્હારામાં બીલકુલ નથી. હુ તો ફક્ત મારા મનમા ઉત્પન્ન થતા કેટલાક વિચારો એકઠા કરીને મુકું છું તે તમને ગ્રાહ્ય હોય તો ગ્રહણ કરશો અને અગ્રાહ્ય હોય તે પડતા મેલશો. આટલી નમ્ર વિનતિ સાથે હુ મારો વિષય શરૂ કરીશ.

રોવા કુટવાનો ચાલ ઘણુ કરીને ગુજરાતી હીંદુઓમાં વિશેષ કરીને જોવામાં આવે છે. એ ચાલ આપણામા ક્યાથી અને કેવી રીતે દાખલ થયો એ ચોક્કસ રીતે શોધી કાઢવુ એ ઘણુ અઘરૂ છે, પણ એવુ લાગે છે કે મુસલમાન લોકોના પરિચયમાં આવ્યા પછી આપણે એ ચાલ ઘણે ભાગે ગ્રહણ કર્યો હશે. રાજ્ય કરતી પ્રજાનુ હમેશાં તેની તાબાની પ્રજા અનુકરણ કરે છે, તે પ્રમાણે હીદુઓએ પણ મુસલમાની રાજ્યકર્તાઓ પાસેથી આ ચાલ ગ્રહણ કર્યો હોય એ સ્વાભાવિક છે. પછી તો જેમ દીવસ ગયા તેમ એ ચાલ જુદે જુદે ઠેકાણે પ્રસર્યો અને લોકોની રીતભાત પ્રમાણે તેમા ફેરફાર થતો ગયો. એ ચાલ ગમે ત્યાંથી આવ્યો હોય પણ એટલું તો નક્કી છે કે તેને આપણા ધર્મ સાથે કંઈ સબંધ નથી, અને તેથી તે ચાલ અસલના રામાયણના અને મહાભારતના વખતમાં નહિ હોય એમ લાગે છે. દુનીઆની અંદરની સઘળી પ્રજાઓ પોતાનાં સગાંના મરણ પછાડી જુદી જુદી

રીતે શોક કરે છે. માણસ માત્રને મરણના વિયોગથી દુઃખ થાય એ સ્વાભાવિક છે, પણ મિથ્યા શોકથી કંઇ વળતું નથી, મરનાર પાછું આવતું નથી, તેમ તેને કંઇ ફાયદો થતો નથી, પણ આપણા શરીર અને મનને હાનિ પહોંચે છે.

પુરૂષને ઘણાં અઘરાં કામ કરવાના પ્રસંગ જીંદગીમાં આવે છે તેથી ભય અને શોકને પ્રસંગે તેની છાતી વધારે કઠણ હોય છે, પણ આપણને ઘરના નાજુક કામ કરવા માટે સરજ્યાં છે, તેથી જે દુઃખનો ભાર પુરૂષને થોડો લાગે છે, તે આપણને ખમવો વધારે થઇ પડે છે તેથી સ્વાભાવિક શોક પેદા થતાં રૂદન–કલ્પાંત થાય છે, અને વખતે ઘણી અકળામણની વખતે શરીર પણ વશ રાખી શકાતું નથી, પણ ઉપર કહ્યું તે પ્રમાણે મુવાનો ઘણો શોક કરવો એ મિથ્યા છે. એમ સમજી ઘણું રોવું બંધ રાખી મરનારનું અને આપણું ભલું થાય એમ વર્તવું એ ઠીક લાગે છે. યૂરોપની અંદર મરણ વખતે ઘણી ચુપકીદી જાળવવામાં આવે છે, તે દેખાવ ઘણો ગંભીર અને લાગણી ઉશ્કેરનારો હોય છે. આપણા હીંદુ શાસ્ત્રની અંદર મરનારની પાછળ શોક નહીં કરવાની ખાસ મનાઇ કરેલી છે. ભગવદ્‌ગીતાની અંદર કહ્યું છે કે મરણ એ આત્માને જુના કપડા કાઢીને નવા કપડાં પહેરવા જેવું છે. આત્મા મરતો નથી, મારતો નથી, બાળ્યો બળતો નથી, ટાઢે ઠરતો નથી, તેમ કોઇ પણ શસ્ત્રથી વીંધાતો નથી, જે વસ્તુનો નાશ થયો, જે માણસ મરી ગયું જે વાત થઇ ગઇ, તેનો શોક ડાહ્યા માણસો કરતા નથી. બીજા એક ધર્મશાસ્ત્રમાં કહ્યું છે કે મુવાની પછવાડે તેનાં સગાંવ્હાલાં રડી કુટીને આંસુ અને લીંટ પાડે છે તે મરનાર પ્રેત ખાય છે, કારણ કે તે પોતાને વશ નથી. એટલા વાસ્તે મરનારની પછવાડે રોવું કુટવું નહિ, પણ મરનારની ક્રિયા યથાશક્તિ કરવી. આ આપણા ધર્મ પુસ્તકોનાં વાક્યોને આપણે માન આપવું જોઇએ, પરંતુ કમનસીબે રૂઢીને વળગી રહીને આપણે આપણા હાથેજ આપણા ધર્મશાસ્ત્રનું અપમાન કરીએ છીએ અને વગર અપરાધે ઇશ્વરનો કોપ વ્હોરી લઇએ છીએ.

બીજો એ સવાલ ઉભો થાય છે કે આ રડવા કુટવાનો ચાલ જરૂરનો છે કે કેમ? સાધારણ રીતે જે ચીજ જરૂરની હોય તે સઘળે જોવામાં આવવી જોઇએ, પણ ઉપર કહ્યું તે પ્રમાણે રડવા કુટવાનો ચાલ આ દેશમાં બધે જોવામાં આવતો નથી. આપણે હીંમત ધરીને કહી શકીશું કે આખી પૃથ્વીમાં એવો ચાલ નથી. શોક કરવાની બીજી રીતો ઘણી છે, માટે એ ચાલની જરૂર નથી. એ માઠા ચાલથી ઘણા ઘણા નુકસાન થાય છે અને ઇશ્વરી નિયમોનું ઉલ્લંઘન થાય છે

હવે જે માઠા ચાલ વિષે આપણે જે બોલીયે છીયે તે ગુજરાતી હીંદુઓની જુદી જુદી કોમોમાં જુદી જુદી જાતનો છે. આપણી ક્ષત્રિ કોમમાં એ ચાલ કેવી જાતનો છે, તે અહીંઆં આવેલી સઘળી બ્હેનોને થોડે ઘણે અંશે વિદિત છે, એટલે તેને અહીંઆ લંબાણથી વર્ણવાની હું જરૂર જોતી નથી. માણસ મરવાની તૈયારીમાં હોય છે ત્યારથી ન્યાતનાં બૈરાંઓ તેની ખબર અંતર પુછવાને બહાને એકઠાં થાય છે, પરંતુ એકઠાં થવાનું ખરૂં કારણ તો તેના મરણના સમાચાર જાણી રડવા કુટવાની તૈયારી કરવાનું હોય એમ લાગે છે. મડદું ઘરમાંથી નીકળ્યું કે સઘળાં બૈરાંઓ છાતી અને માથાં કુટે છે અને મોંઢેથી રોઇને બરાડા પાડે છે. તેને વળાવીને આવતાં પાછાં ઘર આગળે કલ્પાંત કરે છે, અને ન્યાતના રીવાજ પ્રમાણે રડવું કુટવું થાય છે. કેટલીક ન્યાતોમાં રાજીયા ગવડાવવાનો ચાલ હોય છે. આપણી ન્યાતની અંદર રાજીયા ગવડાવવાનું જોવામાં આવતું નથી. નાહી આવ્યા પછી છેક ડાઘુ આવતા સુધી થોડે થોડે અંતરે કુટવાનું ચાલે છે ઘર આંગણે

બૈરાંઓ કુટવાને ઉભાં થાય છે ત્યારે તેઓ ગોળ ઉભા રહે છે પછી માથું ઉઘાડુ કરીને ઉઘાડી છાતીએ કુટે છે. આ વખતનો દેખાવ તદ્દન મર્યાદા વગરનો લાગે છે. બૈરાઓનાં ટોળાંની આસપાસ પારકા લોકોની મેદની ભરાય છે, અને તેઓ નીરાંતે તેમના ઉઘાડા શરીર અને ચાળા જુએ છે.

સાધારણ રીતે આપણે ઘણી મર્યાદા અને શરમ પાળનારા હોઇએ છીએ, પરંતુ આવે પ્રસંગે આપણે સઘળું ભુલી જઇએ છીએ, એ ઘણી દીલગીરીની વાત છે. આવુ રડવા કુટવાનું એક વરસ સુધી થોડુ ઘણું ચાલ્યા કરે છે, એની અંદર સગાવ્હાલાઓ અને ઓળખીતાઓ આવે છે, તેમનો ખરો ઉદ્દેશ દીલાસો આપવાનો હોય છે. પરંતુ તેને બદલે એક વાત વારવાર યાદ કરાવીને ઉલટુ દુઃખ કરે છે અને ત્યા અગાડી ગામગપાટા અને કુથલીઓ થાય છે. આમ સવાર ને સાંજ ઘરના માણસોને જરાપણ નવરાશ મળતી નથી અને કઇ કામકાજ થઇ શકતું નથી. વળી થોડાક દીવસ સુધી ધાણી આટો ખાવાનો ચાલ છે, તથા નાહકનુ ખરચ થાય છે અને તે સાધારણ વર્ગના માણસોને ભારે પડે એવું હોય છે. આપણી નાતની અંદર આ ચાલ દીવસે દીવસે ઓછો થતો જાય છે. ભરૂચ, અમદાવાદ અને સુરતના પંચે આ સબંધી ઠરાવ કરેલા છે, પણ હજી આ ચાલ તદ્દન નાબુદ એકદમ થાય એમ લાગતું નથી, માટે ધીમે ધીમે તેને જેમ બને તેમ ઓછો કરી નાખવો જોઇએ. આ કામ પુરૂષો કરતા સ્ત્રીઓનુ છે અને આપણે એકઠાં મળીને આ સબંધી વિચાર કરવો જોઇએ. ઘણુ નવાઈ જેવુ તો એ છે કે દીવાળી જેવા પર્વના દીવસે કુટવાનુ વિશેષ કરીને હોય છે, એને સાપા કહે છે. આ રીવાજ તો કઢંગો બધાંને લાગતો હશે, પરંતુ આપણાથી રૂઢીની બહાર જવાતું નથી, એ આપણા અજ્ઞાનનુ કારણ છે. આ ચાલે આપણામા ખરેખરૂ ઘર કરેલુ છે. દરેક સ્ત્રીએ રડતાકુટતાં તો આવડવુંજ જોઇએ અને ના આવડે એની ટીકા કરવામા આવે છે, પણ સમજુ સ્ત્રીઓએ એવી ટીકા કરવી ના જોઇએ, અને એવી ટીકાને ગણકારવી ના જોઇએ. જે વાત આપણને ખોટી લાગે તે વાત મુકી દેવી જોઇએ, અને આ ચાલથી આપણા શરીરને પણ નુકશાન થાય છે. કેટલીક સ્ત્રીઓને છાતીના રોગ થઇ આવે છે. ગર્ભવતી સ્ત્રીઓને તો ઘણુંજ નુકશાન થાય છે. ત્યારે આપણે આ ચાલને દુર કરવા જોઇએ. વળી બીજી રીતે વિચાર કરતા પણ એમ લાગે છે કે આવા બીનસ્વાર્થનો શોક કરવામા કઇ ફાયદો નથી. આપણે સારી પેઠે સમજવુ જોઇએ કે આપણા ધર્મ શા છે, અને આપણે ઘરમા અને બહાર કેવા વિવેકસર વર્તવું જોઇએ. જે વખત રડવાકુટવામાં ગાળવામાં આવે છે, તે જો આપણી તથા છોકરાઓની કેળવણી પાછળ અથવા ઘરના કામકાજમાં ગાળીએ તો તેનો સારો ઉપયોગ કરી શકીએ.

ઉપર પ્રમાણે મેં મ્હારા ટુંક વિચારો તમારી રૂબરૂ મુક્યા છે. એ ચાલ દુર કરવાને આપણી ન્યાતની સ્ત્રીઓએ એકઠા થવુ જોઇએ અને નહી કુટવાનો ઠરાવ કરવો જોઇએ. પુરૂષો પાસે આપણા કામ કરાવ્યા કરતાં આપણે જાતેજ કરવા જોઇએ અને તેમ થવાથી આપણને વહેલી ફતેહ મળશે. છેવટમાં સઘળી બ્હેનોને મારી વિનંતિ છે કે આ બાબત ઉપર બરાબર વિચાર ચલાવશો અને આવા મહિલા પરિષદ્ જેવા મંડળ અગાડી તમારા વિચાર રજુ કરશો. આ નિબંધની અંદર કંઈ પણ વધારે ઓછુ લખાયું હોય તેને વાસ્તે માફ કરશો, એવી વિનંતિ કરી હું મારો વિષય સમાપ્ત કરૂં છુ અને ઇશ્વરને પ્રાર્થના કરૂ છુ કે આપણા બધાંનુ કલ્યાણ થાઓ. અસ્તુ.

સૌ. ચંદ્રમણીનો આ નિબંધ વંચાઇ રહ્યા બાદ તેજ વિષયપર આવેલો સૌ. રૂક્ષ્મણી બ્હેન જાદવરાયનો નિબંધ સૌ. મનહરગૌરી કાંતીલાલે વાંચી બતાવ્યો હતો.

સૌ. રૂક્ષ્મણી બેનનો નિબંધ.

રડવા કુટવાથી થતી હાનિ તથા તે પ્રસંગે થતાં અયોગ્ય ખર્ચ.

જેને આદિ નથી, અંત નથી, જે ત્રણે કાળમાં વ્યાપીને રહેલો છે, જેનુ વર્ણન કરવાને મન બુદ્ધિ ને વાણી પહોંચી શકતા નથી, તે અલક્ષ્ય જ્યોતિને હુ મનવડે નમસ્કાર કરૂંછુ. શુભ લક્ષણ સંપન્ન બહેનો,

આપણી જ્ઞાતિની આ પહેલી મહિલા પરિષદ્ છે. તે જાણી આપણ સર્વને આનંદ થાય એ સ્વાભાવિક છે, જેવી ઉલટથી આ કાર્યનો આરંભ થાય છે. તેવી સદાકાળ નીભે અને સર્વના મનવાંછિત કાર્ય પાર પાડે એવું હુ પરમ કૃપાળુ પ્રભુ પાસે માગુ છુ.

આ વખતે મહિલા પરિષદ આમોદમાં છે, તે ખબર ત્રિમાસિક સાથે વ્હેંચેલી પત્રિકાથી જાણી છે. ત્યાંની બ્હેનોએ આમંત્રણ કરવા છતા ત્યા આવી ભાગ લઇ શકાય તેમ ન હોવાથી દીલગીર છુ, પણ એમના આરંભેલા કાર્યની ફતેહ ઇચ્છુ છુ.

પત્રમાં જણાવ્યુ છે કે આવી ન શકાય તેમ હોય તોપણ પોતાની ઇચ્છા પ્રમાણે ગમે તે વિષય લખી મોકલવો. તે મુજબ રડવા કુટવાથી થતી હાનિ તથા તે પ્રસંગે અયોગ્ય ખર્ચ કરી દુઃખી માણસને કેટલી વિડંબનાઓ વેઠવી પડે છે, તે બાબતનો એક ટુંકો વિષય આપની તરફ મોકલુ છુ તે મ્હારી તરફથી ત્યાની કોઇ પણ બ્હેન વાચવાની તસ્દી લેશે એવી આશા છે, એની અંદર કંઇ અયોગ્ય લાગે તે સુજ્ઞ બ્હેનો દરગુજર કરશો.

બ્હેનો, રડવા કુટવાનો રીવાજ સામાન્યરીતે ગુજરાત, કાઠીઆવાડ વિગેરે ઘણે સ્થળે ઘણીખરી ન્યાતોમાં છે, પણ તેના રીત રીવાજોમાં ફેરફાર હોય છે.

ઉપલા કઢંગા રીવાજોથી કંઇ પણ ફાયદો ન જણાતા હાનિ વિશેષ છે એવું ઘણાને અનુભવથી માલમ પડે છે, છતાં તે દુર કરવા માટે જોઇએ તેટલો પ્રયત્ન કરવામાં આવતો નથી. મ્હારી બુદ્ધિ પ્રમાણે હુ મ્હારા વિચાર જણાવું છુ ને તે મ્હારી મુરબ્બી બ્હેનોને અયોગ્ય લાગશે ને ટીકા કરશે એવી મને ખાત્રી છે, માટે હુ પ્રથમથી તેમની પાસે માફી માગુ છુ

આપણી ન્યાતને માટેજ આજે બોલવાનુ છે. આપણામા પણ બાળકથી કે વૃદ્ધ ગમે તેવા મનુષ્યનુ મૃત્યુ થાય છે. તે પ્રસંગે છાતીએ અને માથે કુટવાનો રીવાજ છે, ને તે ઘણા વખતથી ચાલી આવેલી જુની રૂઢિ છે, એટલે તેને કાઢવા માટે લાંબા વખતથી પુરૂષોમાં પણ પ્રયાસ ચાલે છે, છતાં હજી કાંઇ તેમાં જોઇએ તેવો સુધારો જણાતો નથી, કારણ આ કાર્ય બૈરાંની ઇચ્છા શિવાય બને તેવુ નથી. દૈવ ઇચ્છાથી એવો પ્રસંગ આવે છે ત્યારે મનુષ્યનુ મન સ્થિર રહેતું નથી. ગમે તેવું ડાહ્યુ માણસ હોય છે પણ તત્કાળ તો ગાભરૂ બની જાય છે ને સ્ત્રી જાતિ તો સ્વાભાવિક રીતેજ છાતી માથા કુટી નાખે છે.

એવા પ્રસંગે તેમ થાયજ તેમા કંઇ કહેવા જેવું નથી. આવી સ્થિતિ તેના નજદીકનાં સગાંની થાય છે, પણ દરેક બૈરાને તેવી લાગણી હોતી નથી, તે તો રીવાજને લીધેજ ટોળાં મળી કુટવા આવે છે, ને વ્યવહાર રીતિ કરી દુર જઇ બેસી અનેક ગપ્પા મારે છે. હવે જેને ત્યા મૃત્યુ થયુ હોય છે ને મરનારે કદાપિ લાંબી મંદવાડ ભોગવી હોય છે તો તેની ચાવજત કરવામાં ઘરનાં માણસો ઉજાગરા વિગેરેથી થાકી રહેલાં હોય છે, ને દૈવગતિથી

તે મરણ પામે છે તો પછી તેમના દુઃખની બાકી રહેતી નથી. એક તો થાક, બીજો સંબંધીના મરણથી ભવિષ્યનો વિચાર, ને ત્રીજો કુટવા આવનારની ટીકાનો ત્રાસ. તેમના દુઃખનો વિચાર કોઇ કરતાં નથી. ફક્ત ચિકિત્સા જોયાં કરે છે, ને છેડા વાળે તે વખતે પણ તે બોલે છે. તે બધુ બરોબર છે કે નહિ તે સાંભળે છે. પછી ધીમે ધીમે વાતો શરૂ કરવા માંડે છે. અલી જોઇ કે ફલાણી તો છેક રાબા જેવી છે. જાણે ભાવનગરની ના હોય તેમ આમ તેમ જોયા કરે છે. છાતીમાં હાથ પણ બરોબર મારતી નથી, રખેને એને વાગે નહિ. એની જાત તો બા કાજગરી છે. ગયુ તે ગયુ! હવે કાંઇ પાછુ આવવાનુ છે, એની જાતને ઇજા ન આવે એટલે થયુ. બળ્યુ હવે એની જાત શુ કામની છે? હવે કઇ એને ઘા પડવાના નથી. એવા અનેક શબ્દો બોલી ટોળ કરે છે.

ખરૂ જોતાં આવા પ્રસગમાં દરેક લાગણીવાળાએ તેમ માયાવાળાંએ તેમને ઘેર જવું જોઇએ. આ દુનિઆની ઘટમાળમા આવા અનેક પ્રસગો બન્યા હોય તેના દૃષ્ટાંતો આપી ધીરજ આપવી જોઇએ. તેમ અનુભવી ને ધાર્મિક વૃત્તિવાળાં વૃદ્ધ બ્હેનો હોય તેમણે મહાત્મા પુરૂષોના દાખલા આપી નાશવત પદાર્થનો શોક ઓછો કરાવવો જોઇએ, પણ તેને બદલે આપણે અજ્ઞાનતાને લીધે સારાસાર ન સમજતાં જેમ તાબુતમા જાવસઇ કુટે છે, તે પ્રમાણે બૈરાંઓ પોતપોતાની શક્તિ પ્રમાણે ઉછળી ઉછળીને કુટવા મડીએ છીએ, ને છાતીમાંથી લોહી કાઢીએ છીએ. ઘરનાને મરનારની ખરી લાગણી છે, એવું પણ ત્યારેજ મનાય છે. તો શુ આ રીવાજ સારો છે એવુ કોઈ પણ કબુલ કરશે? દરેક સમજુ મનુષ્ય તો ધિક્કારની નજરે જુવે છે, ને તેમને ફારસ જેવુંજ લાગે છે. છાતી ફાટે તેમ કુટવાથી શો ફાયદો છે? તેમાંથી કોઈ વખત હાડકા ઉપર કે નસો ઉપર જોસથી વાગે છે તો દરદ ઉપડી લાંબો વખત પથારીવશ થવું પડે છે. વળી કોઈ વખત એવા રોગથી ને ઉંડા ક્લેશથી ક્ષય રોગ થઈ મૃત્યુ પણ થાય છે. આપણે ગમે તેટલુ કરીશુ તોપણ હવે થએલુ મિથ્યા થવાનુ નથી. એનો ઉપાય હોત તો શ્રીમત લોકો ભાડે માણસ લાવી કુટાવત, પણ પ્રભુએ તો બધાને માટે સરખોજ ન્યાય રાખેલો છે, માટે એવા કઢગા રીવાજો દુર કરવા યોગ્ય છે. ઘણા પુરૂષોને બીલકુલ આ રીવાજ પસદ નથી, પણ લાચારીથી વેઠે છે. કેળવાયલા પુરૂષોમા તો જોઇશુ તો " ભાઇ તો સભામાં જઇ સુભાષણો કરે છે, બાઈ જઈ રાજવીઓ ગાય–દેશી કહેતે. " એવી સ્થિતિ તેમની જણાય છે. પુરૂષોનું હૃદય પણ દુઃખ વખતે નરમ થયેલુ હોય છે એટલે બૈરાંને વધારે કહી શકતા નથી, પણ આપણુનેજ એ બાબત માટે કઈ પણ ધિક્કાર વસે તોજ નાબુદ થાય છે. વળી મડદા પછવાડે બૈરાંઓ રડતાં રડતાં ચકલા સુધી જાય છે, જે તે વખતે પણ ઘણાખરા વડીલો ઉઘાડી છાતી રાખી કુટવાનો આગ્રહ કરે છે, તો રસ્તા વચ્ચે એ પ્રમાણે કરવાથી બીલકુલ મર્યાદા સચવાતી નથી. આપણા લોકોમાં માથું ઉઘાડી કરી કુટવાનો ચાલ છે. તે શુ આપણા જેવી કેળવાયલી કહેવાતી કોમને છાજે છે? એક તો આપણી રૂઢી પ્રમાણે માથે કુટતી વખતે હારબધ ઉભા રહી બધાને સાથે બોલવાનું હોય છે, એટલે બીજી વર્ણના લોકોને તે જોવામાં રમુજ પડે છે; એટલે ટોળે વળી જોવા ઉભા રહે છે. તેમ ચોટીને દીવસે આપણા લોકોમાં પુરૂષોનું બેસણું હોય છે, એટલે ન્યાતના તેમ માયાવાળા સારા માણસો બ્હાર ચોકઠામાં બેસે છે. જે આપણે ખડકીમાંજ માથું ઉઘાડું કરી તેમની દૃષ્ટિ પડે તેવી રીતે કુટવાનુ શરૂ કરીએ છીએ. તેમ વૃદ્ધ બ્હેનો તો માથાનો છેડો છેક કમર આગળ વીંટાળે છે. આ બધુ શું ધિક્કારવા જેવું નથી? માથું

ઉઘાડુ રાખવાનું સૌભાગ્યવતી બ્હેનો માટે છે. વિધવા માટે નહિ. તેમાં જો કોઈ બીચારી તેમ ન કરે તો ચાલ્યુજ, ને તેને ઝાટકી નાખે છે. એ પ્રમાણે ન કરવાથી તે લોકો કહે છે કે સુન આવે તો તે કબુલ છે, પણ આખી ન્યાતને માટે તેવા રીવાજ નથી. ફક્ત સગાં માટેજ છે, તોએ પણ એક જાતનો વ્હેમજ લાગે છે. મૂળ તો કુટવાનો રીવાજ ખરાબ છે. તેમા આ રીવાજો તો છેકજ કઢંગા છે.

બ્હેનો, આપણે શાસ્ત્ર માની તેમની મરણ ક્રિયા કરીએ છીએ. તો તેમાં શાસ્ત્રને માન આપીએ છીએ તો આને માટે પણ ગરૂડપુરાણમા ચોખ્ખુ લખેલુ છે કે મરનારની પાછળ તેના સગા વ્હાલા આંસુ પાડે છે તેનુ દુ:ખ મરનારને ખમવું પડે છે.

વળી આપણે મરનારના કલ્યાણ માટ તેની પાછળ ધર્મક્રિયા કરીએ છીએ, તથા બ્રહ્મ ભોજન કરાવીએ છીએ, તેમા પણ શુ કરીએ છીએ? બ્રાહ્મણ બિચારા ભાત લેને એક બે કોળીઆ ખાય ને બૈરાઓ એકદમ રડવા પીટવા માડે છે, એ શુ યોગ્ય છે? ધર્મકાર્ય કરી-ને ચિત્તને શાન્તિ મેળવવાની છે, પણ તે ન કરતા આપણે તો તરત ઉદ્વેગ કરવા શરૂ કરીએ છીએ જેમ બને તેમ મારનારને શાન્તિ મળે તે માર્ગ પકડવો જોઇએ.

વળી હાલનો દેશકાળ જોતાં ઘણા બૈરાઓ નબળી સ્થિતિના જોવામા આવે છે. તેવા બૈરાંને દૈવ ઇચ્છાથી નજદીકના સગાનુ મોત થવાથી અતિશય દુ:ખ લાગે છે. તે દુ:ખ સહન કરવાની તેનામા શક્તિ હોતી નથી. તેમા વળી રડવા કુટવાની પચાતથી તે-ઓ છેક નિર્માલ્ય થઇ જાય છે ને તાણ, હિસ્ટીરીઆ વિગેરે રોગને ભોગ થાય છે. તેમ છાતીમા ક્યુરો ભરાઇ આવે છે. ભવિષ્યમા હવે કેવા પ્રકારે દિવસ કાઢવા તે વિચારની ગુ-ચવણથી તેનુ માથુ ભમેલુ હોય છે તેમાં ઉપરનો ત્રાસ, તેમ કુટવાની મહેનતનો થાક લાગવાથી પથારી વશ થવાય છે. તો એ પ્રમાણે ન કરતા પરમાત્મા જે નાખે તે શાન્તિથી સહન કરવું ને મરનારનુ તેમ પોતાનુ કલ્યાણ થાય તે પ્રમાણે કરવામા વધારે ફાયદો છે, કારણ રોકકળ કરવાથી, તેમ તે પ્રમાણે ન કરવાથી ફાયદા સરખાજ છે. આવા કામમાં સ-હન શક્તિની જરૂર છે વાર્યું કરવામા ફાયદો છે બાકી હારીને તો સહન કરવુજ પડે છે. કઈ થોડા દિવસ સુધી નિમેલે વખતે રડીશુ કે કુટીશુ તેથી જીદગી સુધીનુ દુ:ખ કઇ મટવાનુ નથી. જેની ખોટ પડી છે તે પુરાવાની નથી તો તે શાન્તિથી વેઠવું એજ આ-પણી ફરજ છે.

વળી રડવા કુટવાની મુદત પણ બાર માસ જેટલી લાબી હોય છે. હાલમા અમદાવાદ-મા તેમાં થોડ ઘેર ફેરફાર થએલો જોવામા આવે છે. હમેશાં બપોરના ત્રણ વાગે એટલે પાથરણું નાખી બેસવુજ જોઇએ. પછી જેને ઘેર ચાકર હોય તેને તો ઠીક. બાકી શિયાળા-નો દિવસ હોય ને વસ્તાર હોય તો બાપડા ઘડીવાર બેસવા તો પરવારેજ નહિ. તેવા વખ-તમા ઘરમા ગમે તે કામ બગડે તેનો વિચાર કરવાનો નહિ, પણ લોકમાં ખોટુ ન દેખાય એ જોવું. ટાણા આવે તે દિવસે તો અમુક નિમેલે વખતે કુટવુંજ જોઇએ. મૂળે સપરમે દહાડે પોતાનાં માણસ સાભરી આવે તો ખરાં, તેમા બપોરથી તો બૈરાનો સમૂહ મળી તેમાં ઉ-મેરણ થવા માડે. છેક બેથી રાગડા ચાલે તે સધ્યાકાળે તેમનો છુટકો થાય, તો આ રીવા-જ દુ:ખ ઓછુ કરવાનો છે કે વધારવાનો છે? તે હવે સર્વે બ્હેનોએ વિચારવાનુ છે! આવનાર તો સારી સાડી પહેરી પાચ સાત ટોળે મળી જેટલે ઘેર પાથરણાં હોય તેટલે ઘેર ટુચકો કરવા આવે છે. નિયમ પ્રમાણે છેડા વાળી તેને ત્યાંજ બેશી ન્યાતની પરન્યાતની કુથલી

કરવા માંડે છે. પરનિંદા ને કુથલી શિવાય બીજી વાત ત્યા સાંભળવામાં આવતી નથી. ઘણું તો પાંચ સાત ટોળવાળાં બૈરા હોય ને મશ્કરી ઠઠ્ઠા કરી હાસ્યવિનોદ કરે છે. પછી મરણુવાળાને ત્યાં જુવાન દીકરો મરી ગયો હોય, કે સોળ વર્ષની દીકરી રાંડી હોય, તેની કઇ દરકાર હોતી નથી. વળી સગાવ્હાલાંમાં કે વહેવાઈ વળોટમા કઇ વાંકુ પડયું હોય તો તેનું પણ ત્યાંજ નિરાકરણુ કરવામાં આવે છે, ને મારી તારી કરી લડાઈ પતાવવાને બદલે વધારવામાં આવે છે. આ સિવાય કઇ પણ ફાયદાની વાત ત્યાં જોવામાં આવતી નથી. વખતની કીમત તો આપણા લોકને હોતી નથી, એટલે તે બાબત બોલવુ વ્યર્થ છે. વળી આપણામાં જુવાન માણસનુ મૃત્યુ થાય છે ત્યારે ખાવાપીવામાં પણ નડે એવા પદાર્થ ખાવાનો રીવાજ છે. બાજરી, કોદરી, કઠોળ, અથાણાં, દહીં વિગેરે હેરાન થવાય તેવી ચીજો બાર મહિના લગી ખાવાનો ચાલ છે. બાજરી વખતે નડતી નથી, પણ આપણા લોકોનો તે ખાવાનો કોઠો હોતો નથી, તેથી ગરમ પડે છે, ને બાજી ચીજો કે ધાણી, સાથુ, કઠાળ, પાપડી, ચોળી વિગેરે વાયડા પદાર્થ હેરાન કરે તેવાજ છે. તે પદાર્થ સ્વાદિષ્ટ હોવાથી ને આપણને તે નડશે તેનો વિચાર નહિ હોવાથી હદ ઉપરાત ખાઇએ છીએ ને તેથી અનેક રોગ થાય છે. તો એ શુ વખાણવા લાયક ચાલ છે? દુ:ખના સમયમા પેટને ભાડુ આપવા માટે જેવું હોય તેવું ખાઇ સતોષ માનવાનો હોય તેને બદલે ઉપરનુ ધાધળ જોવામાં આવે છે. કોઈ સાધારણુ સ્થિતિના હોય, ને પુરૂષ વર્ગ એવા કઢગા ખર્ચ કરવા માટે ના કહે, તો ઘરના તેમ આસપાસના તેને કાયર કરી પોતાનુ ધાર્યું કરે છે, તેથી કકાસથી હારીને તે કબુલ કરે છે. આવા ખોરાકથી શરીર અને પૈસા બન્નેને હાનિ પ્હોંચે છે, તો કદાપિ તેને બદલે ખીચડી કે દાળ ભાત રોટલી ખાધી હોય તો શુ ખોટુ છે? દુ:ખને બદલે જો આપણે બીલકુલ ખાતાજ ન હોઇએ તો તો ખરૂ છે, પણ તેને બદલે દરરોજ આજ તો અલી ગોળા મુકાવજો, પાપડીમાં ગોળા વગર ચાલે નહિ. પાપડી જે ગામમા ન મળતી હોય તો ગુવારના કકડા કરવા જોઇએ. સ્હેજ માટે ખોટુ ન દેખાડવુ. લોટ ચોળાવા તેમાં પણ તેલની કસર કરશો નહિ. પછી તેલથી ગળું બેસી જાય તો ભલે. આ શુ દુ:ખની લાગણી જણાવ છે કે જીભના સ્વાદના વિચાર દેખાય છે! જેને ખરૂજ દુ:ખ પડ્યુ હોય તેને તો અનાજે ભાવતુ નથી ને બોલવુ પણ ગમતું નથી, તે તો પોતાના દુ:ખમા ડુબેલુ હોય છે. તેને તો કઈ પણ સુઝતું નથી. કાળે તેને કળ વળે છે, પણ તત્કાળ તો તેને સઘળી દિશા શૂન્ય જેવી લાગે છે, તો એવા સમયમાં મરનારને ઘેર સગાવ્હાલા એકઠા થઈ ખાવાનો રીવાજ છે તે દુર કરવા જેવો છે. વખતે આપણને એમ લાગે કે એ લોકો એકલા હશે તો ખાશે પીશે નહિ, ને આખો વખત કલેશ કર્યા કરશે, તો તેમની પાસે નજદીકના એકાદ બે જણે વારાફરતી રહેવું ને જેમ બને તેમ બીજી વાતચિત કરી દુ:ખનું મેલાણુ કરાવવું. ઘણાં માણસો ભેગાં થવાથી તેમને ખવાડવાની, સુવાડવાની વિગેરે ખટપટથી તેમને વધારે દુ:ખ થાય છે.

વળી આપણી ન્યાતમાં પરદેશ મરણુ થયુ હોય નો સામે જવાનો રીવાજ છે. તેમાં પણ તે લોકોને કેટલુ કષ્ટ ઉભુ થાય છે. ઘરમા મરણુ થયુ હોય તેથી બીચારાં પોતાનું મન પરાણે શાન્ત કરીને બેઠાં હોય છે. તેમાં કોઇ આવ્યુ કે પાછું દુ:ખ સંભારી તાજું કરાવે છે, તે તો ખેર! પણ આવનાર માટે બધી રીતની સોઈ કરવાની તેમને શિર ચિન્તા વધે છે. તેમને માટે અબોટીઆં ધોવડાવો, અછોતાં સુકવાવો. કોઇ બ્રાહ્મણુ સ્ત્રીને બોલાવી કઠોળ ને રોટલા કરાવા, બપોર માટે ધાણી શેકાવો, દાળીઆ મગાવો. આ વિચાર ડાહ્યુ આવતાં પહેલાં પણ તેમને કરવા પડે છે. કારણુ લોક ભાંડશે, એ મ્હોટી બીક હોય છે;

તો આથી આપણે તેનુ દુઃખ વધારીએ છીએ કે ઘટાડીએ છીએ તે વિચારવાનુ છે. આપણે તો થોડો વખત લૌકિક રીત કરી ઓલી બ્હેન ને પેલી બ્હેનના ઘર ગણવા જઇએ છીએ ને ત્યાંથી આવીને પણ તેમના ઘરનાને બીજી વાતો કરી શાન્ત કરવાને બદલે ઓ-ટલે આગળે બેશી તડાકા મારીએ છીએ. તે તો બીચારા પોતાના દુઃખમા સોચના કર્યા કરે છે, તેમની દરકાર આપણને હોતી નથી, કારણ સબંધ પ્રમાણેજ દુઃખ લાગે છે. કંઇ બધાને સરખુ દુઃખ લાગે નહિ. આપણે તો વ્યવહાર હોય તેથી તેમને ત્યા જઇએ છીએ. વળી આવા ખર્ચમાં તેર દિવસમાજ જો સગાં વ્હોળા હોય તો બમે ત્રણેને ઘેર ઉઠે છે. બપોરે ખવાય નહિ, એવુ કહીને ઉલટા જીભનો સ્વાદ પુરો કરે છે, કારણ હમેશનું સાદુ ખાવાનું હોય તેમાં કંઇ વધારે ખર્ચ પડતું નથી, પણ મરણમાં તો પાપડી તો જોઇએ, દહીં જોઇએ, વળી દાળીઆનો લોટ ને પણ ખામો લસલસતો ચોળવો જોઇએ, દહીં પણ મોળું ને ચક્કાબધ જોઇએ, અથાણું હોય કે ન હોય પણ તે વિના ચાલે નહિ, ન હોય તો મોસમ પ્રમાણે જે મળે તે લાવી તાજુ નાખવુજ પડે. આમા કંઇ કસર થાય તો તેમનું પીંખણુ ચાલ્યુ. આથેર બૈરાંઓ હોય તો તે તેમને બોધ આપે છે કે બ્હેન આના વગર ચાલે? આપણે કાંઇ નવાઇનુ કરીએ છીએ? એ તો રૂડાએ વગે ને ભુંડાએ વરો, માટે આ વખત બોલવા જેવું નથી. વળી એકાદશી, શિવરાત્રી વિગેરે આવે તે દિવસે તો ખાસા બએમણુ સુરણુ ને શીંગો ને ખજુર વિગેરેનુ ફરાળ જોઇએ. તેમા પણ વિધિ કે તળાય નહિ. તળે તો ઓછુ વત્તુ તેલ મૂકે તે બોલાય નહિ. આ તો બાફેલુ હોય એટલે ઉપર મબલક તેલ મરચા જોઇએ તે પ્રમાણે લેવાય પોતાના ગામમાં ન મળતું હોય તો પણ દેશ પરદેશથી મગાવી બધી તજવીજ રાખવી પડે છે. આ બધુ શુ સૂચવે છે? તેનુ દુઃખ મટાડવાનુ કે ઉપાધિ વધારવાનુ! આવા પ્રસગે તેમના અડીના સગાએ જવાની જરૂર છે. કારણ તેમને દાઝ હોવાથી તેમનુ કામકાજ ઉપાડી લે ને બરદાસ રાખે. વખતે જેવું હોય તેવું ખાય ને ઘરનાને તેમને માટે બીલકુલ કાળજી કરવી પડે નહિ.

વળી સામે જવામાં પણ સગાએ તેમ વ્યવહાર હોય તેમને પણ જવાનો રીવાજ છે, પછી તેને માયા કે લાગણી હોય કે નહિ, પણ થડામા વહુ દીકરી ગમે તેને જવુંજ. જનાર પણ સાધારણ સ્થિતિનુ હોય, ઘરમા પૈસા હોય કે નહિ પણ ભાડુ ખરચી જવું ને તેમને ઉપાધિરૂપ થવુ, તેના કરતા બે પૈસાનો દીલાસાનો પત્ર લખવામા શુ નુકસાન છે? ઉલટુ જનારને પણ કોઇ વખત જવુ ત્રાસ જેવુ લાગે છે, ને ન છુટકેજ જવું પડે છે. તો આ રીવાજ કાઢી નાખવા જેવા છે.

આવા ચાલથી માણસ ગયાનું દુઃખ ને પૈસા ખર્ચ કરવા, ને તે જો સ્થિતિ હોય તો ઠીક, બાકી ગરીબ માણસને તો બેવડા મરો છે. કમાનાર જાય, પણ રૂઢીને લીધે ખર્ચ કરવા માટે ઉછીના પૈસા લાવી આબરૂ રાખવી પડે છે, તો મ્હારી સુજ્ઞ બહેનો, આમાં આપણાથી બને તેટલા સુધારા કરવા પ્રયત્ન કરવો જોઇએ. પ્હેલા કરતા થોડો ઘણો સુધારો જોવામા આવે છે, પણ આમા પુરૂષોનુ વળે તેમ નથી. આ બાબતમાં તો આપણે ધારીએ તોજ બને તેવું છે.

વળી આપણામા વરશી છમાશીએ રોડનાર બાઇ હયાત હોય તો તે દિવસે બન્ને બાજુનાં સગાવ્હાલા તથા વ્યવહારવાળાં બધા રાત્રે ફાકવા એકઠાં થાય છે. પછી જેના ઘરમાં વૃદ્ધ ના હોય, તેના થડામાં તેની વહુ કે દીકરી હોય તેને પણ કંઇ બાધ હોય તો તેમની દીકરીની દીકરી ઉમર લાયક હોય તો તેને પણ ફાકવા જવું પડે, કદાપિ કંઈ

જમવાનુ હોય તો તે ન્યાતમાં શીરો પુરી જમીને આવ્યા હોય તેની હરકત નહિ, પણ થડામાં તેને આવવુંજ પડે. વખત રાતનો પસદ કરેલો એટલે ઘરનુ કામકાજ પરવારેલા હોય પછી બધા એકઠા મળી ફાકવું ને આખી ન્યાતની નિંદા ને કુથલી કરવી, તેમ મશ્કરી ઠઠ્ઠા પણ ચાલે, ખાનારને તો મજા પડે; પણ ખવાડનારને ખાસી પાંચ પચીસની ઉઠે છે. તો આ શું આપણે તેમના દુઃખમાં ભાગ લઇએ છીએ કે એક જાતની ઉજાણી કરવા એકઠા મળીએ છીએ? તેને માટે વિચારીશુ તો સમજાયા વગર રહેશે નહિ કે આમાં જણાવેલા દરેક રીવાજ ગેરફાયદાવાળા તથા પૈસે ટકે ને જાતે હેરાન કરે તેવા છે.

આપણાં વડીલ બ્હેનોને આ બધુ પસંદ આવે તેવું નથી. એમને આ વિષય ઘણો અયોગ્ય લાગે તેમ છે, પણ માથે માથે મતિભિન્ન હોય છે, જેને જે યોગ્ય લાગે તે જણાવે. તેમની લાગણી દુઃખાવવાનો હેતુ છેજ નહિ.

દરેક મનુષ્યને પોતાની અનુકુળ બાબતમા આનદ મળે છે, તેથી તેમને ઉપલા રીવાજો ખોટા છે એમ લાગતુ નથી. તે તો આપણને ધિક્કારશે કે મ્હોટી સુધારો કરનારીઓ થઇઓ છે. એમને આવડે છે શુ? એમનામાં બળજ કયા છે? મરે ત્યારે રડે નહિ તો શુ કરે ગરબા ગાય! એવા અનેક વચનોથી તેમને વધાવી લેશે, પણ તે બધુ આપણે સહન કરવું ને આપણું કાર્ય પાર પાડવું. ઘણી બ્હેનો કહે છે કે મ્હોટા કહે તે કેમ ચાલે? આવા વખતમા એમનુ મન કોણ દુખાવે? તો તે હુ પણ કબુલ કરૂછુ કે મુરબ્બીઓની આજ્ઞા માની તેમની લાગણી ન દુખવવી એજ આપણી ફરજ છે. તેમના કહેવા પ્રમાણે દરેક બાબતમા આપણે વર્તતાં નથી. ફેશનેબલ કપડા પહેરીએ છીએ, બુટ વિગેરે પહેરીએ છીએ, તે શુ એમની રૂચિ પ્રમાણે કરીએ છીયે? એમાનુ ઘણું ખરૂ એમને અયોગ્ય લાગે છે. તેમ દિનપ્રતિદિન લાજ મર્યાદામાં પણ સ્વતત્રતા વધારે જણાય છે, તો એ બધુ કરવામાં અયોગ્ય લાગતું નથી, તો આ તો એક કઢગો રીવાજ છે, જાતને દુઃખ વેઠવાનુ છે, પૈસાનુ પણ દુખ વેઠવાનુ છે, ને તેમાં પણ ફાયદો મેળવવાનો નથી, તો શા માટે એવા રીવાજો દૂર ન કરવા? દરેક બાબતમાં પહેલી તો ટીકા થવાનીજ, પણ ખોટુ હોય તે સમજીને દૂર કરવુ. દરેક દરેક પુરૂષોની તો આમાં સમતિ છે; કારણ આપણે તો બે ચાર દિવસ પરદેશ જઇ નવા જુના થઇ સ્વાદ પુરો કરી ઘેર આવતા દાક્તરનુ ઘર શોધીએ છીએ, એટલે તેમને તો ભાડાના પૈસા ને દાક્તરના પૈસા તેમ ચિન્તા એ બધુ વેઠવું પડે છે. તો તેમની મરજીને અનુસરીને આ રીવાજોમાં ઘટતો સુધારો કરવો. લોકોની ટીકાની બીક ને વડીલોની લાગણી દુખાવાનો ભય ધારી બેશી ન રહેવું, યોગ્ય બાબતમાં તેમનુ માનવું, પણ આમા કાંઈ પણ તેઓને દુઃખ કે નુકશાન ખમવું પડે તેમ નથી. ફક્ત આવા રીવાજ બધ થયેથી તેમને એક જાતની મોજ ઓછી થશે. તેમ હરવા ફરવાની ને કુથલી કરવાનુ બધ થયા શિવાય બીજુ નુકશાન નથી. દરેક ગામમાંથી આ રીવાજો હવે નાબુદ થયા છે. એકાદ બે દિવસ બેસણું રાખે છે પછી કથા બેસાડે છે. વાણીઆ–શ્રાવક તથા કણબી જેવી ન્યાતોમાથી આ રીવાજો ઘણે ભાગે દુર થઇ ગયા છે. આ રીવાજોની દરેક બ્હેનોને માહિતી છે, એટલે વધુ વિવેચન કરવાની જરૂર નથી, પરંતુ હાલમાં ઘણા જણ કહે છે કે આ બધુ ખોટું છે તો આપણે જે ચીજને ખોટી ધારીએ પછી તેનો ઉપયોગ શુ કરવા કરવો? આચાર ને વિચાર એક સરખાજ હોવા જોઇએ. હમેશાં જેવું કહીયે તે પ્રમાણેજ વર્તવું. આપણે કાંઇ પણ બાબતનો સુધારો કરવાની ઇચ્છા હોય તો પ્રથમ આપણે કરવું ને બીજાને દાખલારૂપ થવું. પ્રથમ તો તમને લોકોના બોલ સાંભળવા પડશે, પણ બધા અંતે એજ રસ્તે વળશે; માટે મ્હારી સુજ્ઞ બ્હેનો કંઈ પણ વિચાર કરી આ બાબતમાં

યોગ્ય પગલાં લેશો એવી મ્હારી વિનતિ છે. આ વિષયમાં કંઈ પણ અયોગ્ય લાગે તેમ હોય તો તેની ક્ષમા માગુ છું. શાન્તિ! શાન્તિ! શાન્તિ!

સૌ. રૂક્ષ્મણી બ્હેનનો નિબંધ વંચાઇ રહ્યા બાદ પ્રમુખની આજ્ઞાથી રોવા કુટવાના વિષયપર ચર્ચા ચાલી. આ વિષય સબંધમાં પરિષદ્‌માં હાજર રહેલી સ્ત્રીઓના બે વિભાગ પડી ગયા. આધેડવયની સ્ત્રીઓનો વિચાર એવો હતો કે એ રીવાજ બીલકુલ કાઢી ના નાખવો પણ તેમા સુધારો કરવો, ને તેઓએ નીચે મુજબ ઠરાવ કર્યો:—

"રોવા કુટવાનો રીવાજ આપણે બીલકુલ કાઢી નો ના નાખવો, પણ આપણે અહીં જે રીતે ચાલે છે તેમા ઘટાડો કરવો ને આપણે સુરતમા ચાલે છે તે પ્રમાણે એ રીવાજ રાખવો, એટલે જુવાનનુ મરણ થાય ત્યારે દોઢ મહીનો રોવુ કુટવું, ને ઘરડાનુ મરણ થાય ત્યારે માત્ર ચોદી સુધી રોવું કુટવુ. આ ઠરાવ અમારે કબુલ છે ને એ ઠરાવપર નીચેની સ્ત્રીઓએ સહીઓ કરી હતી."

સૌ. જેકોરલક્ષ્મી નંદલાલ.
સૌ. લલીતા મણીલાલ.
સૌ. અતીલક્ષ્મી કલ્યાણરાય.
સૌ. ભુરીબ્હેન બળવંતરાય.
સૌ. સવીતાગૌરી કૃષ્ણલાલ.
સૌ. શીવલક્ષ્મી લક્ષ્મીરામ.
સૌ. શીવલક્ષ્મી મણીલાલ.

ઉપર મુજબનો ઠરાવ કેટલીક યુવાન સ્ત્રીઓને પસંદ ના પડયો ને તેઓએ જુદો નીચે મુજબનો ઠરાવ કર્યો.

"રોવા કુટવાનો હાલમા ચાલતો રીવાજ બીલકુલ નુકશાનકર્તા છે, માટે તે કાઢી નાખવો જોઇએ ને અમે આજથી એવો ઠરાવ કરીએ છીએ કે રોવા કુટવામા અમે બીલકુલ ભાગ નહીં લઇએ."

આ ઠરાવપર નીચેની સ્ત્રીઓએ સહીઓ કરી હતી.

સૌ. હીરાલક્ષ્મી કૃષ્ણલાલ.
સૌ. કપીલા કેશરીપ્રસાદ.
સૌ. ભાનુમતી લલ્લુભાઈ.
સૌ. કપીલા પ્રાણલાલ.
સૌ. મંગળાગૌરી ત્રીકમલાલ
સૌ. ધનલક્ષ્મી હીરાલાલ.
સૌ. મંગળાગૌરી ગુણવંતરાય.
સૌ. પદ્માવતી કૃષ્ણલાલ.
સૌ. મંગળાગૌરી કનૈઆલાલ.
સૌ. દેવમણી ધીરજલાલ.
સૌ. ચતુરલક્ષ્મી ઠાકોરલાલ.
સૌ. કમળાગૌરી બળવંતરાય.

હાજર રહેલી કેટલીક સ્ત્રીઓએ આ બેમાંથી એકે પણ ઠરાવપર સહીઓ કરી નહોતી.

રોવા કુટવાના વિષયની ચર્ચાનો આ પ્રમાણે નીવેડો આવ્યા બાદ વર વિક્રયના રીવાજ પર ચર્ચા ચાલી. આ વિષયમા લગભગ બધાનો એક મત માલુમ પડયો, ને નીચે મુજબનો ઠરાવ ઘડી કાઢવામાં આવ્યો.

"આપણી નાતમા છોકરાઓના લગ્ન પ્રસંગે કન્યાવાળાને ત્યાંથી જે પૈસા લેવાનો રીવાજ પડી ગયો છે તે રીવાજ ઘણોજ હાનિકારક છે. એ રીવાજ તદન કાઢી નાખવાને માટે પુરૂષો ઘણા વખત થયાં પ્રયત્ન કર્યા કરે છે પણ કંઇ વળતું નથી. આ સંસાર વ્યવહારની

બાબત આપણી સ્ત્રીઓની છે ને તેમા જો આપણે તન, મન, ધનથી મંડીશું તોજ સુધારો થશે તેને માટે એવો ઠરાવ કરીએ છીએ કે આપણામાંથી કોઇએ પૈસા લેવા નહિ તેમ આપવા નહીં આ બાબતમાં અસલ આપણામાં જે ધારો હતો તે પ્રમાણે વર્તવું."

આ ઠરાવમાં નીચેની સ્ત્રીઓએ સહીઓ કરી હતી:—

સૌ. જેકોરલક્ષ્મી નંદલાલ.	સૌ. ભાનુમતી લલ્લુભાઇ.
સૌ. અતીલક્ષ્મી બળવંતરાય.	સૌ. શીવલક્ષ્મી મણીલાલ.
ગંગાસ્વરૂપ લલીતાબ્હેન મણીલાલ.	સૌ. મનહરગૌરી કાંતીલાલ
સૌ. કમળાગૌરી બળવંતરાય.	સૌ. અતીલક્ષ્મી કલ્યાણરાય.
સૌ. શીવલક્ષ્મી લક્ષ્મીરામ	સૌ. કપીલા કેશરીપ્રસાદ.
સૌ. દેવમણી ધીરજલાલ.	સૌ. ધનલક્ષ્મી હીરાલાલ.
સૌ. ચતુરલક્ષ્મી ઠાકોરલાલ.	સૌ. સવીતાગૌરી કૃષ્ણલાલ.
સૌ. મંગળાગૌરી ત્રીકમલાલ.	સૌ. મંગળાગૌરી ગુણવંતરાય.
સૌ. પદ્માવંતી કૃષ્ણલાલ.	સૌ. મંગળાગૌરી ત્રીકમલાલ.
સૌ. કમળાગૌરી લક્ષ્મીરામ.	સૌ. કપીલા પ્રાણલાલ.
સૌ. સવીતાગૌરી નગીનલાલ.	સૌ. હીરાલક્ષ્મી કૃષ્ણલાલ.

વરવિક્રયના રીવાજ સામેની ચર્ચાનો આ પ્રમાણે નીવેડો આવ્યા બાદ સૌ. વીજળી હીરાલાલે નાતના અમુક ગંભીર સંસારી રીવાજ પર ચર્ચા થવી જોઇએ ને તેનો પણ નીવેડો થવો જોઇએ ને આપણી આપરિષદે એ બાબત હાથમાં લઈ એનો પણ ઠરાવ કરવો જોઇએ, એ મુજબની સૂચના કરીને તે સૂચનાને સૌ. કપીલા કેશરીપ્રસાદ તરફથી અનુમોદન મળ્યું.

આ સંબંધમાં કેટલીકવાર ચર્ચા ચાલી પણ તેનો કાંઇ સંતોષકારક નીવેડા નહી આવ્યાથી સર્વાનુમતે ઠર્યું કે આ બીના ગંભીર છે ને તેનો કાંઇ સંતોષકારક નીવેડો સ્ત્રીઓથી લાવી શકાશે નહી, પણ પુરૂષોની મદદની એમાં જરૂર છે, તેથી આજ રાત્રે નવ વાગે એ સંબંધમાં સ્ત્રી પુરૂષોએ એકઠાંમળી વિચાર કરવો. આપણે પુરૂષ વર્ગને કહાવીશું ને સર્વ બ્હેનોએ રાત્રે જમી પરવારી આપણી કોન્ફરન્સના પ્રમુખ રા. રા. મણીભાઇ અજીતરાયને ઉતારે એકઠા થવું.

ઉપર મુજબનો ઠરાવ થયા પછી પ્રમુખની આજ્ઞાથી ચર્ચા બંધ કરવામાં આવી ત્યાર બાદ ભરૂચના સૌ મંગળાગૌરી ગુણવંતરાયે આ પ્રથમ પરિષદ આમોદમાં બોલાવી તે માટે આમોદની સ્ત્રીઓનો ને તેમાં ખાસ કરીને આમંત્રણ પત્રિકાઓ કાઢનાર ચાર સન્નારીઓ, સૌ. સવીતાગૌરી કૃષ્ણલાલ, સૌ. હીરાલક્ષ્મી કૃષ્ણલાલ, સૌ. ભાનુમતિ લલ્લુભાઈ તથા સૌ. કપીલા પ્રાણલાલનો ઉપકાર માનવાની દરખાસ્ત પરિષદ્ આગાડી રજુ કરી. એ દરખાસ્તને અમદાવાદ તરફથી સૌ. કપીલા કેશરીપ્રસાદે અનુમોદન આપ્યું. તે દરખાસ્ત સર્વાનુમતે પસાર થઈ. પછી સૌ. ભાનુમતી લલ્લુભાઇએ પ્રમુખનો ઉપકાર માનવાની દરખાસ્ત રજુ કરી. એ દરખાસ્તને સૌ. કપીલા પ્રાણલાલે અનુમોદન આપ્યું. એ દરખાસ્ત પણ સર્વાનુમતે પસાર થઈ પછી સર્વ સન્નારીઓએ ઉભાં થઇ નીચે મુજબ ઇશ્વર સ્તુતિની આરતી ગાઇ.

આરતી.

જયદેવ જયદેવ જયલક્ષ્મી સ્વામી, જયલક્ષ્મી સ્વામી,
ભક્તતણા પ્રતીપાલક, જયજય બહુ નામી. જયદેવ૦
ગરૂડારૂઢ નાથ, દૈત્યો દળનારા, (૨)
સુરની સ્હાય કરીને, જગમા પળનાર. જયદેવ૦
ગોકુળમાં ગૌચારી, લીલા અતી કીધી, (૨)
અસુર દળ સહારી, વાટ કીધી સીધી. જયદેવ૦
દ્રૌપદીના ચીર, નવસે નવાણુ, (૨)
ભરી સભામાં આપ્યા તે સૌએ જાણ્યુ. જયદેવ૦
વીદુર વનિતા પ્રેમ, હરીએ પુર જાણ્યો, (૨)
કદળી ફળની છાલે, સ્વાદ અતી માણ્યો. જયદેવ૦
ઉચ્છીષ્ટ ભીલડી કેરા, બદરી ફળ ખાધા, (૨)
ઉચ્ચ નીચના હરીને, નહી પડે વાધા જયદેવ૦
એવા દીનદયાળ, ગુણ તે શુ ગાઇએ. (૨)
માત્ર નમાવી શીશને, આપ સ્તુતી ભણીએ. જયદેવ૦

આ પ્રમાણે આરતી ગવાઇ રહ્યા બાદ પ્રમુખે પહેલી બ્રહ્મક્ષત્રિય મહિલા પરિષદ્ સમાપ્ત થયેલી જાહેર કરી હતી.

બીજે દીવસે મહિલા પરિષદ્નુ કાર્ય સમાપ્ત થઇ રહ્યા બાદ સૌ. અતીલક્ષ્મી કલ્યાણરાય તરફથી પરિષદ્મા પધારેલી સ્ત્રીઓના માનમા ચ્હાપાણી તથા મીઠાઇનો મેળાવડો કરવામા આવ્યો હતો.

મહિલા પરિષદ્મા ઠરાવ્યા મુજબ રાત્રે કોનફરન્સના પ્રમુખ રા. રા. મણીભાઈ અજીતરાયને ઉતારે, મરહુમ દેસાઇ નરભેરામજી જીવણરામજીના મકાનમા સ્ત્રી પુરૂષની સયુક્ત પરિષદ્ મળી હતી. તે પરિષદ્મા સૌ. વીજળીએ મહિલા પરિષદ્મા રજુ કરેલી પોતાની સૂચના ફરી રજુ કરી હતી. તે બાબતમા રા. મણીભાઇ અજીતરાય, રા. પ્રાણશકર લલ્લુભાઇ તથા ગગાસ્વરૂપ હરીગગાએ પોતપોતાના વિચારો દર્શાવ્યા હતા. છેવટે સર્વ એવા નિર્ણયપર આવ્યા કે આ બાબત ખાનગી છે ને તેમા કોનફરન્સ તથા પરિષદ્ કશુ પણ કરી શકવાને સમર્થ નથી, તોપણ જ્યારે આવા જાહેર મેળાવડામા આ બાબત લાવવામા આવી છે તો રા. મણીભાઈ અજીયતરાય, રા. અબાશકર ઉત્તમરામ મલજી તથા ગગાસ્વરૂપ હરીગગાએ એમા પોતાથી બનતી લાગવગ લગાડી બનતો પ્રયાસ કરવાનું કબુલ કર્યુ હતુ. છેવટે રા. કૃષ્ણલાલ નરભેરામે સર્વ પધારેલા સ્ત્રી પુરૂષોનો ઉપકાર માનવાની દરખાસ્ત રજુ કરી હતી ને તેમાં ખાસ કરીને ગગાસ્વરૂપ હરીગંગાએ આ બાબતમાં પોતાથી બનતુ કરવાનુ કબુલ કર્યાથી તેમનો ઉપકાર માન્યો હતો. સ્ત્રી વર્ગ તરફથી એ દરખાસ્તને સૌ. કપીલા કેશરીપ્રસાદે અનુમોદન આપ્યુ હતુ, ને તેમા તેમણે પુરૂપ વર્ગનો ખાસ ઉપકાર માન્યો હતો. આ સંયુક્તપરિષદ્ લગભગ રાત્રે બાર વાગે વિર્સજન થઈ હતી.

સમાપ્ત.

પરિશિષ્ટ. (अ)

મહિલા પરિષદ્‌ને માટે મંત્રીઓ તરફથી નીકળેલી આમંત્રણ પત્રિકા.

સુજ્ઞ બ્હેન,

તા. ૨૩, ૨૪ મે સને ૧૯૧૦ ને રોજ આપણી નાતની પરિષદ્ આમોદમા મળવાની છે. તો તે અરસામાં નાતની સ્ત્રીઓની પણ એક પરિષદ્ આમોદમા ભરવાનો વિચાર છે માટે તે પરિષદ્‌માં ભાગ લેવા આપ જરૂર આમોદ પધારશો.

કદાચ આપનાથી આમોદ આવવાનુ ના બની શકે તોપણ આ સાથે વિષયોની જે યાદી આપેલી છે તેમાંના એકાદ વિષયપર નિબંધ લખી મોકલશો તો ઉપકાર થશે. એજ વિનતિ.

આમોદ.	સૌ. સવીતાગૌરી કૃષ્ણલાલ બળવંતરાય.
એપ્રીલ.	સૌ. હીરાલક્ષ્મી કૃષ્ણલાલ નરભેરામ.
	સૌ. ભાનુમતિ લલ્લુભાઈ લક્ષ્મીરામ.
તા. ૧૨-૪-૧૯૧૦.	સૌ. કપીલા પ્રાણુલાલ કીરપારામ.

પહેલી બ્રહ્મક્ષત્રિય મહિલા પરીષદ્‌માં વંચાવવાના નિબંધોના વિષયોની યાદી.

૧ આપણા સમારમા સ્ત્રીઓનુ યોગસ્થાન ને જ્ઞાતી સુધારામાં સ્ત્રીઓની મદદની જરૂર.

૨. હાલના સમયને તેમ આપણા હીંદુ સમારને અનુસરી સ્ત્રીઓને કેવા પ્રકારની કેળવણી આપવી જોઇએ કે જેથી તેમના મન તથા આત્માનો વિકાસ થાય, તેમ પત્ની, માતા વગેરે તરીકે પોતાની ફરજો તેઓ બરોબર અદા કરી શકે.

૩. સ્ત્રીઓના તથા બાળકોના શરીર નીરોગી તથા તદુરસ્ત રાખવાની કેટલીક સામાન્ય સૂચનાઓ.

૪. સ્ત્રીઓએ પોતાનો ગૃહસસાર નીતિથી તથા કરકસરથી કેવી રીતે ચલાવવો.

૫. બાળકોને કેવી રીતે ઉછેરવા ને તેમને કેવા પ્રકારનુ ગૃહશિક્ષણ આપવું.

૬. સ્ત્રીઓએ પોતાના ઘરમાં સ્વચ્છતા કેવી રીતે રાખવી તેમ માંદા માણુસની માવજત કેવી રીતે કરવી.

૭. રોવા કુટવાની જે ઘેલછા આપણી નાતની સ્ત્રીઓમા જોવામા આવે છે તેનાથી આપણા શરીર તથા મનને થતા નુકસાનો.

પરિશિષ્ટ. (૪)

મહિલાપરિષદ્‌ના કાર્ય તરફ દીલસોજી દર્શાવનારા પરગામથી આવેલા પત્રો.

તા. ૨૦-૫-૧૯૧૦. શુક્રવાર.

મુંબઈ.

બ્ર. ક્ષ. મહિલા પરિષદ્‌નાં સેક્રેટરીઓ જોગ—

આપ બહેનોએ જાતિ સેવામાં અતિ ઉપયોગી કામ માથે ઉપાડયું છે, તે માટે હું તમને સર્વને અન્તઃકરણપૂર્વક અભિનંદન આપું છું.

આ શુભ પ્રસંગ ઉપર હાજર રહેવાની હું મારી ફરજ સમજું છું, પરંતુ કેટલાએક દૂર નહિ કરી શકાય તેવા સંજોગોને લીધે હું ત્યાં હાજર રહી શકું તેમ નથી, માટે તમારી માફી ચાહું છું

આ શુભ પ્રસંગ માટે મેં એક લઘુ લેખ તૈયાર કર્યો છે. તે આ સાથે મોકલાવું છું. યોગ્ય લાગે તો કોઈ પાસે તે વંચાવશો.

છેવટે આ પરિષદ્ દરેક રીતે ફતેહમંદ થાય એમ હું ઇચ્છું છું એજ.

લી. સૌ. હરિગંગાના યથાયોગ્ય.

તા. ૨૨-૫-૧૦, ખાડીઆ,

અમદાવાદ.

પહેલી બ્રહ્મક્ષત્રિય મહિલા પરિષદ્‌ના પ્રમુખ તથા સન્નારીઓ જોગ,

વિશેષ વિનતિ કે કેટલાક અણધાર્યાં સંજોગોને લીધે મહિલા પરિષદ્‌ની આ પહેલી બેઠકમાં હું હાજરી આપી શકતી નથી તેથી ઘણીજ દિલગીર છું, અને મ્હારા અંતઃકરણથી મહિલા પરિષદ્‌ની આ પહેલી બેઠકને પૂર્ણ ફત્તેહ ઇચ્છી પરમ કૃપાળુ ઇશ્વરને યાચના કરૂં છું કે આ પરિષદ્‌ને લાંબુ આયુષ્ય બક્ષો. છેલ્લા બ્રહ્મક્ષત્રિય ત્રિમાસિકમાં કહ્યું છે તેમ આપણામાં પણ જાણે સ્ત્રીઓની હયાતીજ હોય નહિ એમ અત્યાર સુધી થતું હતું. પણ આ વખતે મ્હારી આમોદની બ્હેનોએ પોતાની હયાતી દેખાડવાનું આજે પગલું ભર્યું છે તેને દરેક રીતે ઉત્તેજન આપવાની જરૂર છે. હું કાંઈ પણ ભણેલી નથી તેમ મ્હને અનુભવ પણ નથી તેથી પરિષદ્ સારૂ નિબંધ લખી શકું તેમ નથી. તેમ છતાં પણ જાતિ અનુભવથી એટલું તો કહીશ કે બીજી રીતે આપણે બીજી જાતો કરતાં કદાચ આગળ વધ્યા હોઇશું પણ સ્ત્રી કેળવણી તથા સ્ત્રીઓના શરીરની તનદુરસ્તીના વિષયોમાં આપણે કાંઇ ખાસ કર્યું નથી. માટે એ બે વિષયો તરફ આપણે જેટલું લક્ષ આપીએ તેટલું ઓછું છે ને જો આપણે એ બન્નેનો કાંઈ યોગ્ય ફડચો આણી શકીએ તો આપણી મહેનત સફળ થઇ ગણાશે.

લી. સૌ. ધનલક્ષ્મીના પ્રણામ.

ખાડીઆ,
અમદાવાદ.
તા. ૨૨-૫-૧૦.

પહેલી બ્રહ્મક્ષત્રિય મહિલા પરિષદ્‌ની સન્નારીઓ જોગ.

મુ. આમોદ.

સુજ્ઞ બ્હેનો,

લખવાને ઘણીજ દિલગીર છું કે અનેક અડચણોને લીધે મ્હારાથી મહિલા પરિષદ્‌ની આ પહેલી બેઠકમાં ભાગ લઇ શકાય એમ નથી મહિલા પરિષદ્‌ને જન્મ આપવા સારૂ મ્હારી આમોદની ઉત્સાહી બ્હેનોને હુ અ ત કરણપૂર્વક ધન્યવાદ આપુછુ ને આશા રાખું છુ કે દર વર્ષે આવી રીતે પુરૂષોના કોન્ફરન્સો સાથ આપણે પણ એક સમૂહમાં એકઠાં મળી જ્ઞાતિ ઉદયના વિષયો ઉપર વિચાર કરીશુ. પરમકૃપાળુ ઇશ્વર આ આપણી પરિષદ્‌ને લાંબુ આયુષ્ય બક્ષો એવી મ્હારી પ્રાર્થના છે.

લી. સૌ. કાન્તાગૌરીના ઘટિત્.

"The angel of the family is woman....Love and respect woman. Do not seek only consolation in her but strength, inspiration, a redoubling of your intellectual and moral faculties. Blot out of your mind any idea of superiority to her, you have none whatever . ...Hold woman as the companion and partaker of your thoughts, your studies and your efforts for social amelioration. Hold her as your equal in civil and political life. Be together, you and she the two wings of the human soul, lifting it toward the ideal, which we must attain."

"THE DUTIES OF MAN"

MAZZINI

"સ્ત્રી કુટુંબની દેવી છે. . ... .. સ્ત્રીના પર પ્રેમ રાખો અને તેને સન્માન આપો. સ્ત્રીને માત્ર આશ્વાસનનું જ સ્થાન ન ગણો, પરંતુ સામર્થ્ય, પ્રેરણા, અને તમારી માનસિક તથા નૈતિક શક્તિઓને તેને હાથે બેવડી સતેજ બનાવવાની પણ અભિલાષા ધરાવો ... .તેના કરતાં તમે કોઇ પણ રીતે ચઢીઆતા છો એવા વિચારને પણ તમારા મનમાંથી તદ્દન દૂર કરો કારણ કે વસ્તુતઃ તમે કોઈ પણ પ્રકારે તેનાથી ચઢીઆતા છો જ નહીં.......તમારા વિચારોમા, તમારા અધ્યયનમાં, અને સંસાર સુધારાના તમારા સર્વ યત્નોમાં સ્ત્રીને તમારી સહચારિણી અને સમભાગિની ગણો. સામાજિક અને રાજકીય જીવનમા પણ તેને તમે તમારી સમાન જ માનો. જે ઉચ્ચ આશય મનુષ્યને પ્રાપ્ત કરવાનો છે, તે ઉચ્ચ આશયે આપણને ઉપાડી લઇ જનાર–મનુષ્યના આત્માની બે પાંખો–સ્ત્રી અને પુરૂષ, તમે એક થાઓ."

"મનુષ્યનું કર્તવ્ય." મૅઝીની.